सामायक-रहस्य.

दिवसे दिवसे लक्खं देई सुवन्नस्स खंडियं एगो।
एगो पुण सामाइय करेइ न पहुप्पए तस्स ॥

હીરાચંદ સોભાગ્યચંદ શાહ.

શ્રી

सामायक-रहस्य.

(અર્થ, હેતુ, વિધિ સહિત.)

પ્રયોજક અને પ્રકાશક,

દલીચંદ સૌભાગ્યચંદ શાહ.

મુળી (કાઠિયાવાડ.)

સુધારા વધારા સાથે દ્વિતીયાવૃત્તિ.

પ્રત ૨૨૫૦; એકંદર પ્રત ૩૦૦૦.

વીરસંવત્ ૨૪૩૮. વિક્રમાર્ક ૧૯૬૮.

અમદાવાદ.

ધી "ડાયમંડ જ્યુબિલી" પ્રિન્ટીંગ પ્રેસમાં

પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

૨

કીંમત બે આના.

આ પુસ્તક મળવાનાં ઠેકાણું.

આ પુસ્તક નીચેને ઠેકાણેથી રોકડી કીંમતે મળી શકશે.

(૧) દલીચંદ સૌભાગ્યચંદ શાહ,
નં. ૨૬૧ ડેલાઉઝી સ્ટ્રીટ, **રંગુન.**

(૨) રા. જટાશંકર બનેચંદ દફતરી,
નં. ૧૩ સુકીયાસ લેન, **કલકત્તા.**

(૩) રા. શીવલાલ માધવજી, ૧૪૮–૫૦ ગુલાલવાડી, **મુંબઈ.**

(૪) રા. છોટાલાલ મોહનલાલ, ધોળી પોળ, **વઢવાણ શહેર.**

(૫) રતીલાલ સૌભાગ્યચંદ શાહ, **મુળી (કાઠીયાવાડ).**

(૬) રા. પોપટલાલ મોતીલાલ શાહ, સારંગપુર, **અમદાવાદ.**

આભાર પત્ર.

માનવંતા સ્વધર્મી બંધુશ્રી

ફુલચંદ ભગવાનજી પારેખ

રંગપુરવાળા,

મુ. રંગુન.

લાંબા વખતથી રંગુન જેવા વ્યાપારી નગરમાં રહી આપણા સઘળા સ્વધર્મી બંધુઓને તન મન ધનથી આપ જે સહાયતા પ્રતિદિવસ આપતા આવ્યા છો, તથા અનેક ઝાલાવાડીઓને ધંધે ચડાવી તેમનામાં વિદ્યાવૃદ્ધિને અર્થે પ્રયત્ન કરી રહ્યા છો અને માત્ર સ્વલ્પ સમયના પરિચયમાં મારી પ્રત્યે આપ જે પ્રેમની ઊર્મિઓ દર્શાવી રહ્યા છો તેથી આકર્ષાઇ મારા આ લઘુ પુસ્તકના આદિમાં આપનો સહર્ષ આભાર માનું છું.

રંગુન. } હું છું, સેવક,
૧–૪–૧૨. } દલીચંદ સૌભાગ્યચંદ શાહ.

સમર્પણ.

પૂજ્યપાદ પંડિતવર્ય

મુનિ શ્રી નાગજી સ્વામીના

ચરણુકમળમાં.

(હરિગીત.)

મમ બાલ્ય વયથી આપ પર,
ને આપની પ્રજ્ઞા પરે;
શ્રદ્ધા અનુપમ ધારૂં છું,
તમ દર્શને નેત્રો ઠરે;
આપે કરેલા જ્ઞાનદાન તણું જ,
આ પરિણામ છે;
તો હો સમર્પણુ તે કૃતિ મમ,
આપના શુભ નામને !

દાસાનુદાસ,

દલીચંદ સૌભાગ્યચંદ શાહ.

મુખવચન.

(પ્રથમ આવૃત્તિ.)

સામાયકનું રહસ્ય, સામાયક શું છે તેનો સૂક્ષ્મ વિચાર કરી, તેમાં ઉંડા ઉતરી તેના ભાવ-આશય જાણી તેનું પાલન વિચાર-આચારમાં થતું જ રહે એવા દઢ પ્રયત્નોને અંતે જ પમાય છે. આવા દઢ પુરૂષાર્થવાળા સદા વિરલા જ હોય છે.

નિરપખ વિરલા કોઇ, દેખ્યા જગ સહુ કોઇ- અવધૂ.
સમરસ ભાવ ભલા ચિત્ત જાકે, થાપ ઉથાપ ન હોઈ- અવધૂ.
રાવ રંકમેં ભેદ ન જાને, કનક ઉપલ સમ લેખે- અવધૂ.
* * * *
નિંદા સ્તુતિ શ્રવણ સુણીને, હરખ શોક નવિ આણે-અવધૂ.

—ચિદાનંદ.

જ્યાં સમભાવ છે ત્યાં જ શાંતિ છે, ત્યાં જ આનંદનો અવધિ છે. અનંત ભવચક્રથી તદ્દન અળગા કરનાર આ સમતા છે; તે સમતાદેવીનો પાલવ ગ્રહણ કર્યા વગર દુઃખમાંથી ઉગરવાનો બીજો ઉપાય નથી.

સર્વ જગજંતુને સમ ગણે, સમ ગણે તૃણ મણિ ભાવ રે;
મુક્તિ સંસાર બેઉ સમ ગણે, મુણે ભવજલનિધિ નાવ રે-**શાંતિ**.

સમતાવંત કોણ? તે ઉપરના અમૂલ્ય અધ્યાત્મવચનો- પરથી સ્પષ્ટ રીતે પરખી શકાય તેમ છે. આવી સમતા 'સામાયક' એ શબ્દથી ઓળખાતી ક્રિયામાં કઈ રીતે ગર્ભિત રીતે સમાયેલી છે તે જાણી તે પ્રમાણે વર્તવાથી જ સામાયક કરનારે સામાયક કર્યું છે તેમ કહેવાય છે. બાકી તો

ઘાંચીનો બળદ ગમે તેટલું ચાલે પણ ત્યાંનો ત્યાં, તેમ દ્રવ્ય સામાયક ગમે તેટલી વગર વિચાર્યે, હેતુ સમજ્યા વગર, આશય સાચવ્યા વગર કરીએ તોપણ તે બધી એક ભાવસામાયક-ની તોલે આવતી નથી.

પ્રાચીન મહર્ષિઓએ સામાયકમાં પંચપરમેષ્ઠીને પ્રથમા-રંભે નમસ્કાર, ગમનાગમનની ક્રિયા વગેરેમાં થતી જીવવિરા-ધના માટે પશ્ચાત્તાપરૂપી મિથ્યા દુષ્કૃત લેવું, શરીરની હલન-ચલન આદિ ક્રિયા માટે જરા છૂટ લઈ નિરાબાધ ધ્યાનપૂર્વક કાયોત્સર્ગ કરવો, પરમ પૂજ્ય ધર્મદાતા આત્મામાં પ્રકાશ પાડી પરમાત્મા પ્રત્યે માર્ગ સૂચવનારા ચોવીશ તીર્થંકરોનું સ્મરણ આદિ તેમ જ તે દરમ્યાન શુદ્ધ વિચારને જ પુષ્ટ કરનાર સ્વાધ્યાય કરવાના નિયમ આદિ નાંખી સમભાવ પ્રત્યે જ—સમતાની સન્મુખ જ જીવને રાખવાની જે ક્રિયા વિહિત કરેલી છે, તે યથાસ્થાને જ છે; અને તે પ્રમાણે વર્તવાથી સામાયક ‘મોક્ષાંગ’ જ બને તેમાં નવાઈ નથી.

મુનિ તણા આચારમાં, કે જગતના વ્યાપારમાં;
જે જે અંશે રાગ-દ્વેષ, મોહને સંહારીએ—
દિવ્ય અક્ષય આત્મઅંશ, સ્પષ્ટ સ્ફૂરતા તદંશ;
આત્મ ગુણ ઘાતી કર્મ, ધ્વંસ કરી વિદારીએ—
મોક્ષ અંગ સામાયક, વ્રત સુચિત્ત ધારીએ.

વીરાત્ ૨૪૩૭, ભાદ્રપદ વદી અષ્ટમી. } **વીરભક્તિ.**
મુંબઈ.

પ્રસ્તાવના.

(દ્વિતીય આવૃત્તિ.)

'સામાયક' જેવી આવશ્યક આહ્નિક ક્રિયાનું રહસ્ય જાણુવા તરફ લોકવૃત્તિ દિવસે દિવસે વધારે ખેંચાતી જાય છે, તેનું પ્રત્યક્ષ દૃષ્ટાંત આ પુસ્તકની ટુંક મુદતમાં બીજી આવૃત્તિ કરવી પડી એ છે. પ્રથમ આવૃત્તિ પ્રસિદ્ધ થયા પછી તે તરફ કેટલાક શુભેચ્છકોનું ધ્યાન ખેંચાયું હતું અને તેઓએ કેટલીક આવશ્યક સૂચનાઓ કરી હતી. આ સૂચનાઓ પ્રમાણે આ બીજી આવૃત્તિમાં સુધારો કર્યો છે.

આ આવૃત્તિમાં 'સામાયક–સ્વરૂપ' નામનું એક વિશેષ પ્રકરણ રા. ઝવેરી (મોરબી)ના એક લેખને આધારે ઉપજાવી કાઢીને ઉમેર્યું છે. તે ઉપરાંત મુનિ શ્રી નાનચંદ્રજી (લીંબડી સમુદાય) એ આ આવૃત્તિ વખતે મને કેટલીક સૂચનાઓ લખી મોકલી હતી, તેમજ 'સામાયક લક્ષણ' નામના પ્રકરણમાં ઉમેરવા માટે થોડું લખાણ પણ મોકલી આપ્યું હતું. અત્ર હું તેઓનો આભાર માનવાની મારી ફરજ સમજું છું.

ટુંક વખતમાં, સુધારા વધારા સાથે અને સસ્તા મૂલ્યમાં આ લઘુ પુસ્તકની બીજી આવૃત્તિ કાઢવાની તક મને મળી તે માટે સૌથી વધારે આભાર મારે અગાઉથી થએલા ગ્રાહકોનો, રંગપુરનિવાસી રા. રા. ફુલચંદ ભગવાનજી પારેખનો

તથા ધોલેરાનિવાસી રા. રા. મોહનલાલ નાગરદાસ શાહનો માનવાનો છે.

આ આવૃત્તિમાં પણ કેટલાક દોષો રહી ગયા હશે અને તે સંબંધી જો કોઇ વધુ સૂચન કરશે તો મને તેની નવી આવૃત્તિ કાઢવાની તક મળતાં તેમાં અવશ્ય સુધારો કરીશ.

૧-૪-૧૯૧૨.
રંગુન.

લી. ભવદીય
દલીચંદ સૌભાગ્યચંદ શાહ.

અનુક્રમણિકા.

श्री

सामायक-रहस्य.

સામાયક વ્રત.

सम=સમભાવ+**आय्**=આગમન+**अक** (પ્રત્યય)=**सामा-यक** અને પ્રથમાક્ષરના સ્વરની વૃદ્ધિ થતાં **सामायक** શબ્દ સિદ્ધ થાય છે. સમભાવ–શમતા–ઉપસર્ગનું આત્માપ્રતિ આગ-મન થાય અર્થાત્ આત્માને શમતાનો લાભ થાય તે જ **सामायक**.

અનંત ભવો પરિભ્રમણ કર્યાં પછી, સઘળી જાતના જીવોની યોનીમાં જન્મ, જરા અને મરણનાં અનંત દુઃખો સહન કર્યાં પછી ગત ભવનાં કોઈ પુણ્યોદયથી અમૂલ્ય મનુષ્ય-દેહ પ્રાપ્ત થયો છે કે જે દેહ અનંત કર્મો બાંધવા છોડવાની શક્તિ ધરાવે છે. મોક્ષ બંદરમાં જવાને આ દેહ ઉત્તમ નાવરૂપ છે. તેનો સદુપયોગ કરનાર અર્થાત્ કર્મને હણુનાર 'સમભાવ' ને પ્રાપ્ત કરી શકે છે. વસ્ત્રને ઉજળું કરવા માટે સાબુ, પાણી તથા પ્રયત્ન ઇત્યાદિની જરૂર પડે છે, તેમ જ

આત્મા સાથે અનંત ભવથી સંબંધ ધરાવનાર કર્મોરૂપી મેલને દૂર કરવાને વ્રતરૂપ સાબુ અને એકાગ્રતારૂપ જળ સાથે પ્રયત્નની જરૂર છે.

સામાયકના પાઠોની યોજના.

અઢાર પાપસ્થાનકોથી ભરપૂર બનેલાં કર્મોવડે વીંટળાએલા આત્માને વિનયયુક્ત—નમ્ર બનાવવા માટે પ્રથમ પંચપરમેષ્ટીને નમસ્કાર કરવાની જરૂર છે. **પહેલો પાઠ** પંચપરમેષ્ટીને અપૂર્વ પ્રેમભક્તિપૂર્વક નમસ્કાર કરવા માટે જ છે. **બીજો પાઠ** એટલે 'તિખ્ખુત્તો' નો પાઠ પંચપરમેષ્ટી તથા સદ્‌ગુરૂને બહુ માન ને સેવાભક્તિ રૂપ અભિવંદન કરી આ આધ્યાત્મિક કાર્ય માટે કૃપા મેળવવાનો છે. **ત્રીજો પાઠ** અનેક પાપરૂપી આવરણથી મલીન થએલાં અંતઃકરણને સાફ કરવા—હૃદયને પવિત્ર કરવા—કાળાં કર્મોને દૂર કરવા માટે જ બોલવાની જરૂર છે. જેમ કોઈ ક્ષેત્રમાં બીજ વાવવું હોય તો પ્રથમ તે ક્ષેત્રને વાવી શકાય તેવું લાયક કરવું જોઇએ; તે પહેલાં બીજને વવાતું નથી; તેમ જ હૃદયરૂપી ક્ષેત્રમાં પરમ શાંતિનો ઉદય કરવો છે માટે હૃદયશુદ્ધિરૂપ સંકલ્પ જેમ યમ નિયમમાં છે કે અત્યારથી અમુક સમય સુધી હું કોઇ પણ પ્રકારે હિંસા, અસત્ય, ચોરી, મૈથુન, પરિગ્રહ, દોષને નહિ સેવું ને શૌચાદિ સદ્‌-

ગુણોનું સેવન કરીશ, તેમ જ સામાયકના ત્રીજા પાઠમાં પણ હું સંસારના દરેક કાર્યમાં જોડાઈ કાદવમય કરેલ મારા આત્માને શુદ્ધ કરૂં છું, તે દરેક પાપ પ્રપંચ મારાથી દૂર રહો, મારા સર્વ દોષો નિષ્ફળ થાઓ એ મતલબ છે. ને એવી ભાવના તે સ્થળે ભાવવાની છે. **ચોથા પાઠ** 'તસ્સ ઉત્તરીમાં' પણ વિશેષ શુદ્ધિ માટે અઢાર પાપને ટાળવાને અને તેથી દૂર રહેવાને તથા હૃદયક્ષેત્રને તદ્દન નિર્મળ કરવા માટે સ્વલ્પકાળ કાયોત્સર્ગ કરવો, જેનું કારણ પણ કરેલાં પાપો સંભારીને, ધારીને, વિચારીને, નમ્રતાપૂર્વક પરમાત્મા પાસે ક્ષમા યાચવી એ જ છે. કરેલાં પાપોથી અયોગ્ય ક્ષેત્ર બનેલ તેને યોગ્ય બનાવવા માટે એ બે પાઠો છે. **પાંચમો પાઠ** ખેડવાથી શુદ્ધ થયેલ ક્ષેત્રને વર્ષાદથી નરમ ને રસયુક્ત બનાવવાની જરૂર છે તેમ ઉપરના ચાર પાઠોથી ખેડી શુદ્ધ બનાવેલ હૃદયક્ષેત્રમાં ચોવીશ તીર્થંકરોના કીર્તનરૂપ અમૃત રસનું સિંચન કરવું, એટલા માટે 'લોગસ્સ' ના પાઠની યોજના છે. તે પાઠનો પહેલો શ્લોક અનુષ્ટુપ્‌માં ને બાકીના આર્યા છંદમાં છે. તે મધુર સ્વરે ગાઇ કીર્તનરૂપે ચિત્તને તેના અર્થોમાં જોડવાને ગાતાં ગાતાં એમ કલ્પવું કે, મારા હૃદય ક્ષેત્રમાં અમૃત વરષી ક્ષેત્ર પાવન થાય છે. **છઠ્ઠો પાઠ**—ક્ષેત્રની વિશુદ્ધિ થવા ઉપરાંત તેમાં અમૃત વરસાવ્યા પછી તેમાં

સમભાવનું બીજ વાવવા રૂપ સંકલ્પ કરવો કે, અમુક વખત સુધી પ્રાણુાતિપાતાદિ અઢાર માંહેલું એક પણ પાપ બિલ-કુલ જાણથી, વચનથી, કાયાથી કરીશ નહિ, ને કરાવીશ પણ નહિ; એવો સંકલ્પ કરી આસન વાળી બેસવું તે માટે છે.

બત્રીશ દોષ.

આવા ઉત્તમ મંત્રોના પાઠોથી યુક્ત 'સામાયક વ્રત' ને માટે બે ઘડી (૪૮ મિનિટ) સુધી યથાનિયમ એકાગ્ર ધ્યાનમાં બેસવું. આ એકાગ્ર ધ્યાનની પ્રાપ્તિને માટે મન, વચન અને કાયાને નિયમમાં રાખવાં જોઇએ. મન, વચન અને કાયાથી ૩૨ દોષ થઇ જાય છે. એ દોષોમાંથી નિવૃત્ત થવાને માટે તે દોષો જાણવાની જરૂર છે. ૧૦ દોષ મનના, ૧૦ દોષ વચ-નના અને ૧૨ દોષ કાયાના મળી એકંદર ૩૨ દોષ થાય છે, તે નીચે મુજબ:—

મનના દોષ.

૧. અવિવેક દોષ—સામાયક કરે પણ તેનાં ફળ, સાધન, વ્યવહાર, નિશ્ચય આદિ સમજ્યા વગર કરે.

૨. યશવાંચ્છા દોષ—કીર્તિની વાંચ્છના કરે. (સામાયક સિદ્ધ ગતિ આપનારૂં છે એ સમજે નહિ.)

૩. ધનવાંચ્છા દોષ—સામાયકથી ધનપ્રાપ્તિની ઇચ્છા કરે.

૪. ગર્વ દોષ—ગર્વ-અભિમાન કરે.

૫. ભય દોષ—ભયની યાતો નિંદા થવાની બ્હીકથી સામાયક કરે.

૬. નિદાન દોષ—સામાયકના મહત્ ફળને ન વિચારતાં પુત્ર ધનાદિનું નિયાણું કરે.

૭. સંશય દોષ—સંદેહયુક્ત સામાયક કરે. ફળનો સંદેહ રાખે.

૮. કષાય દોષ—કષાય, રોષ, ગુસ્સાથી સામાયક કરે (કોઇને જવાબ ન દેવાની ઇચ્છાએ).

૯. અવિનય દોષ—ગુરૂ આદિકના વિનય રહિત સામાયક કરે.

૧૦. બહુમાન દોષ—માત્ર માનથી, નહિ કે ભક્તિભાવથી, સામાયક કરે.

વચનના દોષ.

૧. કુત્સિત વચન દોષ—કોઇને લજ્જા, ભય, ગુસ્સો ઉપજે તેવું વચન બોલે.

૨. સહસાતકાર દોષ—આગળ પાછળનો ઉપયોગ રાખ્યા સિવાય વગરવિચાર્યું બોલે.

૩. અસહદારોહણ દોષ—કોઇ ઉપર તહોમત મૂકે.

૪. નિરપેક્ષ વાકય દોષ—સૂત્રોની અપેક્ષા વગરના સ્વમતિ શબ્દો બોલે.

૫. સંક્ષેપ દોષ—પાઠ સંક્ષેપમાં બોલે.

૬. કલહકર્મ દોષ—કોઈની સાથે કલેશ કરે.

૭. વિકથા દોષ—સઝાય, ધ્યાન, ધર્મ, મહાપુરૂષોનાં ચારિત્ર આદિ છોડી રાજ્યાદિકની વાતો કરે.

૮. હાસ્ય દોષ—કોઇની મશ્કરી કરે.

૯. અશુદ્ધ પાઠ દોષ—સામાયકના પાઠો અશુદ્ધતાથી બોલે.

૧૦. મુણમુણ વચન દોષ—માખીની પેઠે બણબણ બોલે; એકદમ ઉતાવળથી પાઠ બોલી જાય.

કાયાના દોષ.

૧. પગ ઉપર પગ ચઢાવી બેસે, વિનય રહિત બેસે, ઉદ્ધતાઈથી બેસે ઇત્યાદિ.

૨. ચલાસન દોષ—આસન સ્થિર નહિ રાખતાં ચલાયમાન કરે.

૩. ચલદૃષ્ટિ દોષ—આડી અવળી નજર ફેરવે. (માત્ર નાક ઉપર દૃષ્ટિ રાખી ધ્યાન ધરવું જોઇએ).

૪. સાવદ્યક્રિયા દોષ—કાયાથી કાંઇ ક્રિયા, ચાળા કરે અથવા સંજ્ઞા કરે.

૫. આલંબન દોષ—દીવાલ, થાંભલાને પીઠ લગાડી બેસે.

૬. આકુંચન પ્રસારણ દોષ—કાંઈ પણ કારણ વગર હાથ પગ સંકોચે, લાંબા કરે.

૭. આલસ્ય દોષ—આળસ મરડે, ટાચકા ફોડે, કેડ વાળે ઇત્યાદિ.

૮. મોટન દોષ—આંગળીઓ વાંકી કરી ટાચકા ફોડે.
૯. મલસ્ય દોષ—શરીરપરથી મેલ ઉતારે (પુંજ્યા વિના).
૧૦. વિમાસણ દોષ—હાથનો ટેકો દે, ગળે હાથ દઇ બેસે.
૧૧. નિદ્રા દોષ—નિદ્રા લે.
૧૨. શરીરે બહુ વસ્ત્ર ઓઢે.

સામાયકનાં ઉપકરણ.

ઉપરના બત્રીશ દોષ ધ્યાનમાં રાખીને સામાયક કરવામાં પ્રવૃત્ત થવું અને એ દોષ પોતાના સામાયકમાં આવે નહિ એ યાદ રાખવું. સામાયક કરતી વખતે નીચેનાં ઉપકરણો તેને યોગ્ય વિધિ સાથે ઉપયોગમાં લેવાં:—(૧) મોહપત્તિ પડીલેહણ કરીને બાંધવી. (૨) પાથરણું જોઇને પાથરવું. (૩) ગોછો અથવા રજોહરણ પડીલેહણ કરી રાખવો. (૪) લઘુનીતિનું ભાજન (પાત્ર) જોઇ રાખવું. (૫) પહેરવાનું કપડું પાંચ હાથનું પહેરવું. (૬) ઓઢવાનું કપડું પાંચ હાથનું ઓઢવું.

એ મુજબ સઘળી સામગ્રી તૈયાર રાખીને સામાયક કરવા બેસવું. સામાયક વ્રત કદાપિ ઉઘાડે મુખે અથવા દીવો કરીને તેને અજવાળે વાંચવા બેસવું નહિ.

સામાયકનો સમય વ્યતીત કરવા વિષે.

ખરી રીતે તો સામાયકમાં ધારણા તથા ધ્યાનને રસ્તે મનને સમાધિસ્થ બનાવવાનો પ્રયત્ન સર્વોત્તમ છે; પણ વર્ત-

માન કાળમાં તે પ્રવૃત્તિ તદ્દન ક્ષય પામી ગયેલી જોવાય છે. ધારણા અને ધ્યાન માટે નીચેના શ્લોકો માર્ગસૂચક થઇ પડે તેવા છેઃ—

इंद्रियैः सममाकृष्य विषयेभ्यः प्रशांतधिः ।
धर्मध्यानकृते पश्चान्मनः कुर्वीत निश्चलम् ॥

અર્થઃ—શબ્દાદિ પાંચ વિષયોમાંથી ઇંદ્રિયો તથા મનને ખેંચી પ્રશાંત બુદ્ધિવાળાએ ધર્મધ્યાન કરવા માટે મનને નિશ્ચલ કરવું.

नाभिहृदयनासाग्र भालभूतालुदृष्टयः ।
मुखंकर्णौशिरश्चेति ध्यानस्थानान्यकीर्तयन् ॥

અર્થઃ—નાભિ, હૃદય, નાસિકાના અગ્ર ભાગપર કપાળ, ભ્રકુટી, તાલવું, દૃષ્ટિ, મુખ, કાન અને મસ્તક એ ધ્યાન કરવા માટે ધારણાનાં સ્થાન કહ્યાં છે. ત્યાં ચિત્તને રોકવું.

ઓંકારાદિ પદમાં ચિત્ત રોકી પછી પરમાત્માનું ધ્યાન કરવું, તેમાં અનુકૂળતા ન આવે તો ધ્યાનમાં તે પુરૂષોના ગુણનું, ચરિત્રનું, સ્વરૂપનું, શક્તિનું ચિંતન કરવું, અથવા તેના નામનો એકાગ્ર વૃત્તિથી જાપ કરવો, પણ નહિ કંટાળતાં હમેશાં ટેવ પાડવાથી ક્રમેક્રમે આનંદ આવતો જશે. આ માટે આ પુસ્તકમાં આગળ ધ્યાન, ભાવના ઇત્યાદિ વિષે વિસ્તારથી વિવેચન આપેલું છે. દરેક માણસ આવી ક્રિયા ન કરી શકે

એ બનવાયોગ્ય છે, તો તેઓને માટે ઉપર જણાવ્યા પ્રમાણે સામાયકનો સંકલ્પ કરીને તે સમયે કોઈ આત્માને પ્રશાંત કરે એવા વૈરાગ્યમય, ન્યાયમય, જ્ઞાનમય પ્રબોધ સંભળાવે તેવા માહાત્માનો યોગ હોય તો તે શાંત ચિત્તથી શ્રવણ કરવું અને તેવો યોગ ન હોય તો વૈરાગ્યમય જ્ઞાનનું પ્રબોધ પુસ્તક એકાગ્રવૃત્તિથી વાંચવું યા કોઈ વાંચે તો સાંભળવું. હવે કદાપિ તેમાંનો એકે યોગ ન મળે તો પંચપરમેષ્ઠી કે અરિહંત જેવા પવિત્ર નામનો ઉચ્ચાર મન કરતું હોય ને આપણે સાંભળતા હોઇયે એવો સંકલ્પ રચી તે નીકળતા ધ્વનિ ઉપર ચિત્તને રોકીને માળા ગણવી, અને એમ નિર્માણ કરેલા વખત સુધી શાંતિમાં ઝીલવું.

પાઠ ૧ લો.

(પંચ પરમેષ્ઠી નમસ્કારનો.)

નમો–નમસ્કાર હો. **અરિહંતાણં**–રાગ દ્વેષરૂપ વૈરીના હણનાર, તથા જેણે ચાર ધાતી કર્મ ટાળ્યાં, તથા કોઈ રહસ્ય (છાનું) નથી, તથા ચોત્રીશ અતિશયે કરી સહિત, પાંત્રીશ પ્રકારની વાણીએ કરી બિરાજમાન, તથા બાર ગુણે કરી સંયુક્ત એવા, અરિહંતને. **નમો**–નમસ્કાર હો. **સિદ્ધાણં**–સકળ કાર્ય સાધ્યાં, આઠ કર્મ ખપાવી, પંચમી

ગતિને વિષે પ્રાપ્ત થયા, અને એકત્રીસ ગુણે કરી સંયુક્ત, તથા આઠ ગુણે કરી સહિત એવા સિદ્ધને. **નમો**–નમસ્કાર હો. **આયરિયાણં**–પોતે પાંચ આચાર પાળે, બીજાને પળાવે, તથા છત્રીશ ગુણે કરી સંયુક્ત, એવા આચાર્યને. **નમો**–નમસ્કાર હો. **ઉવજ્ઝાયાણં**–જે શુદ્ધ સૂત્રાર્થ ભણે, ભણાવે, તથા પચીસ ગુણે કરીને સહિત એવા ઉપાધ્યાયને. **નમો**–નમસ્કાર હો. **લોએ**–મનુષ્ય લોકને વિષે. **સવ્વસાહુણં**–સર્વ સાધુને કે જે જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપના સાધનાર, સત્તાવીશ ગુણે કરી સંયુક્ત એવા છે.

પાઠ ૨ જો.

(તિખ્ખુત્તો અથવા વંદનાનો.)

તિખ્ખુત્તો–ત્રણ વાર. **આયાહિણં**–જમણા કાનથી માંડી જમણા કાન સુધી. **પયાહિણં**–પ્રદક્ષિણા દઇને. **વંદામિ**–વચને કરી સ્તુતિ કરૂં છું. **નમંસામિ**–પંચાંગ નમાવી નમ્રતા કરૂં છું. **સક્કારેમિ**–આદરમાન દેવે કરીને. **સમાણેમિ**–સન્માન દઉં છું, વસ્તુ આમંત્રણે કરી. **કલ્લાણં**–કલ્યાણકારી છો. **મંગળં**–મંગળકારી છો. **દેવયં**–ધર્મદેવ છો. **ચેઇયં**–જ્ઞાનવંત છો. **પજ્જુવાસામિ**–સર્વ પ્રકારે (મન, વચન, કાયાએ) કરી ઉપાસના (આરાધના) કરૂં છું.

પાઠ ૩ જો.

(ઇરિયા વહિનો–" માર્ગવિશોધનનો.")

ઇચ્છામિ–ઇચ્છું છું. **પડિક્કમિઉં**–પાપકર્મથી નિવર્ત્તવાને. **ઇરિયા**–પંથને વિષે. **વહિયાએ**–વહેતાં થકાં (ચાલતાં થકાં). **વિરાહણાએ**–હરકોઈ જીવની વિરાધના થઈ હોય. **ગમણાગમણે**–જતાં આવતાં. **પાણક્કમણે**—એ ઇંદ્રિયાદિક જીવને કચર્યા હોય. **બીયક્કમણે**–શાલીપ્રમુખ બીજ કચર્યાં હોય. **હરિયક્કમણે**–ધ્રો પ્રમુખ લીલોતરી કચરી હોય. **ઉસા**–ધ્રુવર યા ઝાકળ પ્રમુખ. **ઉત્તિંગ**–કિડીયારૂં. **પણગ**–પંચવરણી નીલફુલ. **દગ્ગ**–કાચું પાણી. **મટ્ટી**–પંચવરણી કાળી માટી. **મક્કડા**–કરોળિયાનાં પડ તથા ભુંવાનાં ઘર. **સંતાણા**–કરોળિયાની જાળ. **સંક્કમણે**–(પૂર્વે કહ્યાં તે) ચાંપ્યાં હોય. **જે**–જે. **મે**–મેં. **જીવા**–જીવ. **વિરાહિયા**–વિરાધ્યા હોય તથા હણ્યા હોય. **એગેંદ્રિયા**–પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, કે જેને એક જ કાયારૂપ ઇંદ્રિય છે તે. **બેઇંદ્રિયા**–કાયા અને જીભ એ બે ઇંદ્રિયવાળા જીવ, જેવા કે કીડા, કરમીયા, પોરા વગેરે. **તેઇંદ્રિયા**–શરીર, જીભ અને નાસિકા એ ત્રણ ઇંદ્રિયવાળા જીવ, જેવા કે, કીડી, કંથવા વગેરે. **ચઉરિંદ્રિયા**–કાયા, જીભ, નાસિકા, નેત્ર, (આંખ) એ ચાર ઇંદ્રિયવાળા જીવ જેવા કે માખી, મસલાં, ટીડ, ફુદાં,

વિગેરે. **પંચેંદ્રિયા**–કાયા, જીભ, નાસિકા, ચક્ષુ, શ્રોત, (કાન) એ પાંચ ઇંદ્રિયવાળા જીવ, જેવા કે, સંમુર્છિમ, ગર્ભજ, ઝીણાં દેડકાં, માછલાં, ગરોળીનાં ઇંડાં, સર્પનાં ઇંડાં, પંખીનાં ઇંડાં, તથા નાની અવગાહનાના જીવ વિગેરે. **અભિહયા**–સન્મુખ આવતાં હણાયા હોય. **વત્તિયા**–વાટલા (ધુંચળાં) વાળ્યાં હોય. **લેસિયા**–ભોંય સંગાથે ઘસ્યા હોય. **સંઘાઇયા**–શરીરે શરીર મેળવ્યાં હોય અથવા અથડાવ્યાં હોય. **સંઘટ્ટિયા**–માંહોમાંહે સંઘર્ષણ કર્યા (ઘસ્યા) હોય. **પરિયાવિયા**–શારીરિક પીડા ઉપજાવી હોય. **કિલામિયા**–માનસિક પીડા ઉપજાવી હોય. **ઉદ્દવિયા**–ત્રાસકો પાડયો હોય. **ઠાણા**–સ્વસ્થાનકથી લઇને. **ઉઠ્ઠાણ**–કુસ્થાનકે એટલે માઠે સ્થાનકે અર્થાત્ સુખના સ્થાનકથી દુઃખના સ્થાનકે. **સંક્રામિયા**–મૂકયા હોય. **જીવીયાઓ**–જીવિતવ્યથી. **વવરોવિયા**–ચુકાવ્યા હોય. **તસ્સ**–તેનું. **મિચ્છા**–નિષ્ફળ થાઓ. **મિ**–મારે. **દુક્કડં**–(માઠાં) પાપ.

પાઠ ૪ થો.

(તસ્સ ઉત્તરીનો.)

(કાયોત્સર્ગને વિષે આગારનો.)

તસ્સ–તે આળોવ્યાં પાપને. **ઉત્તરી**–(પ્રધાન) વિશેષે આલોયણ. **કરણેણં**–કરવા સારૂ. **પાયચ્છિત**–પાપનું

છેદવું. **કરણેણં**-કરવા સારૂ. **વિસોહિ**-આત્માને વિશુદ્ધ. **કરણેણં**-કરવા સારૂ. **વિસ્સલ્લિ** ("માયા" નિયાણુ, મિછા) સલ્યરહિત. **કરણેણં**-કરવા સારૂ. **પાંવાણં**-અશુભ (પાપ). **કમ્માણં**-કર્મને. **નિગ્ધાયણ**-ટાળવાને. **ઠાએ**-અર્થે. **ઠામિ**-કરૂં છું. **કાઉસ્સગ્ગં**-હલન ચલન બાહ્ય ક્રિયારૂંધનરૂપ કાયોત્સર્ગને. **અન્નથ્થ**-તેમાં એટલો આગાર. **ઉસ્સસિએણં**-ઉંચો શ્વાસ લેવાથી. **નિસ્સસિએણં**-નીચો શ્વાસ મૂકવાથી. **ખાસ્સિયેણં**-ઉધરસ ખાવાથી. **છિએણં**-છિંક આવવાથી. **જંભાઇએણં**-બગાસું ખાવાથી. **ઉડુએણં**-ઓડકારથી. **વાયનિસગ્ગેણં**-અધોવા સંચરવાથી. **ભમલિયે**-ભમરી યા ચકરી આવવાથી. **પિત્ત**-કાળા, નિલા પિત્ત નાંખવાથી (ઉલટી થવાથી). **મુછાએ**-મુર્છા આવવાથી. **સુહુમેહિં**-સૂક્ષ્મ. **અંગ**-શરીર. **સંચાલેહિં**-હલવાથી. **સુહુમેહિં**-સૂક્ષ્મ. **ખેલ**-બળખો. **સંચાલેહિં**-હલવાથી. **સુહુમેહિં**-સૂક્ષ્મ. **દિઠિ**-દૃષ્ટિ યાને નજર. **સંચાલેહિં**-હલવાથી. **એવ**-એ કહ્યા તે. **માઈએહિં**-આદિ શબ્દથી બીજાં પણ દયાદિક કારણથી. **આગારેહિં**-આગાર છે. **અભગ્ગો**-દેશ થકી ભાગે નહિ. **અવિરાહિઓ**-સર્વથી ભાગે નહિ. **હુજ્જ**-હોજો. **મે**-માહરો. **કાઉસગ્ગો**-કાઉસગ્ગ. **જાવ**-જ્યાંસુધી (કાઉસગ્ગના ચિંતે). **અરિહંતાણં**-અરિહંતનું નામ ન સંભારૂં ત્યાંસુધી. **ભગવં**-

તાણં-ભગવંતનું નામ ન સંભારૂં ત્યાંસુધી. **નમોક્કારેણ**-નમસ્કારના પાંચ પદ ન કહું ત્યાંસુધી. **નપારેમિ**-(કાઉસગ્ગ) ન પાળું. **તાવ**-ત્યાંસુધી. **કાયં**-કાયાને. **ઠાણેણં**-એક સ્થાનકે. **મોણેણં**-મૌનપણે. **ઝાણેણં**-એક ધ્યાને. **અપ્પાણં**-અસ્થિર આત્માને. **વોસિરામિ**-વોસરાવું છું (તજું છું.)

(અહીં ઇરિયાવહિઆનો અથવા " આઠ નવકારનો " કાઉસગ્ગ કરવો.)

પાઠ ૫ મો.

(લોગસ્સ અથવા ચઉવીસંથાનો.)

લોગસ્સ-(પટ્ દ્રવ્યરૂપ) લોકને વિષે. **ઉજ્જોયગરે**-ઉદ્યોતના કરનાર. **ધમ્મ**-ધર્મ. **તિત્થયરે**-(ચાર) તીર્થના કરનાર. **જીણે**-રાગદ્વેષના જીતનાર. **અરિહંતે**-કર્મરૂપી વૈરીના હણનાર. **કિત્તઇસ્સં**-કિર્ત્તના કરીશ. **ચઉવિસં**-ચોવીસ તીર્થંકર. **ઽપિ**-બીજા પણ. **કેવલિ**-કેવળી. **ઉસભ**-ઋષભદેવ સ્વામીને. **મઽજિયં**-અજીતનાથ સ્વામીને. **ચ**-પુનઃ (વળી). **વંદે**-વાંદું છું. **સંભવ**-સંભવનાથ સ્વામીને. **મઽભિનંદણં**-અભિનંદન સ્વામીને. **ચ**-પુનઃ **સુમઇં**-સુમતિનાથ સ્વામીને. **ચ**-પુનઃ **પઉમપ્પહં**-પદ્મપ્રભ

સ્વામીને. **સુપાસં**–સુપાર્શ્વનાથ સ્વામીને. **જિણં**–રાગ દ્વેષના જીતનાર. **ચ**–પુનઃ **ચંદપ્પહં**–ચંદ્રપ્રભ સ્વામીને. **વંદે**–વાંદું છું. **સુવિહિં**–સુવિધિનાથ સ્વામીને. **ચ**-પુનઃ **પુપ્ફદંતં**–પુષ્પદંત એવું બીજું નામ. **સિયળ**–સિતળનાથ સ્વામીને. **સિજ્જંસ**–શ્રેયાંસનાથ સ્વામીને. **વાસુપુજ્જં**–વાસુપુજ્ય સ્વામીને. **ચ**–પુનઃ **વિમલ**–વિમળનાથ સ્વામીને. **મણંતં**–અનંતનાથ સ્વામીને. **ચ**–પુનઃ **જિણં**–રાગદ્વેષના જીતનાર. **ધમ્મં**–ધર્મનાથ સ્વામીને. **સંતિં**–શાંતિનાથ સ્વામીને. **ચ**–પુનઃ **વંદામિ**–વાંદું છું. **કુંથું**–કુંથુનાથ સ્વામીને. **અરં**–અરનાથ સ્વામીને. **ચ**–પુનઃ **મલ્લિં**–મલિનાથને. **વંદે**–વાંદું છું. **મુણિસુવ્વયં**–મુનિસુવ્રત સ્વામીને. **નમિ**–નમિનાથ સ્વામીને. **જિણં**–રાગ દ્વેષના જીતનાર. **ચ**–પુનઃ **વંદામિ**–વાંદું છું. **રિઠનેમિં**–અરિષ્ટનેમીને. **પાસં**–પાર્શ્વનાથ સ્વામીને. **તહ**–તેમજ. **વદ્ધમાણં**–વર્ધમાન સ્વામીને. **ચ**–પુનઃ **એવંમયે**–એ પ્રકારે મેં. **અભિથુયા**–નામે કરીને સ્તવ્યા છે. **વિહુય**–ટાળ્યા છે. **રય**–કર્મરૂપી રજ. **મલા**–કર્મરૂપી મેલ. **પહિણ**–ખપાવ્યા છે. **જર**–જરા. **મરણા**–મરણ. **ચઉવિસં**–ચોવીશ. **ઽપિ**–બીજા પણ. **જિણવરા**–જીનવર. **તિથ્થયરા**–તીર્થંકર. **મે**–મુજને. **પસીયંતુ**–પ્રસન્ન થાઓ. **કિત્તિય**–વચનજોગે કિર્તના કીધી. **વંદિય**–કાયજોગે વંદણા કીધી. (નમસ્કાર

કીધા.) **મહિયા**–(મન જોગે) પૂજા કીધી. **જે એ**–જે કહ્યાં તે. **લોગસ્સ**–(ષટ્દ્રવ્યરૂપ) લોકને વિષે. **ઉત્તમા**–ઉત્તમ. **સિદ્ધા**–સિદ્ધ. **આરૂગ્ગં**–સર્વ રોગરહિત (શારીરિક માનસિક). **બોહી**–બુદ્ધિ (સમકિત). **લાભં**–લાભ (પ્રાપ્તિ). **સમાહિ**–સમાધિ (ભાવ સમાધિ.) **વર**–પ્રધાન (ભાવ.) **મુત્તમં**–સર્વોત્તમ. **દિંતુ**–દ્યો. **ચંદેસુ**–ચંદ્રમાથી અધિક. **નિમ્મલયરા**–નિર્મળ છો. **આઇચ્ચેસુ**–સૂર્યથકી. **અહિયં**–અધિક. **પયાસયરા**–પ્રકાશના કરનાર. **સાગર**–સમુદ્ર. **વર**–ઉત્તમ (મોટો). **ગંભીરા**–ગંભીર. **સિદ્ધા સિદ્ધ**–સિદ્ધિ મુક્તિને વિષે (સિદ્ધગતિ). **મમં**–મને. **દિસંતુ**–દ્યો.

પાઠ ૬ ઠો.

(સામાયક આદરવાની રીતિ.)

દ્રવ્યથકી–પદાર્થથી (સામાયક). **સાવજ્જ**–પાપકારી (સાવદ્ય). **જોગ**–(મન, વચન, કાયા.) વ્યાપાર. **સેવવાના**–સેવવાના. **પચ્ચખાણ**–નિવર્તન (બંધી.) **ક્ષેત્રથકી**–ક્ષેત્રથી (કેટલી જમીનમાં). **આખા લોક પ્રમાણે**–આખા લોક પ્રમાણે (બધા જગતમાં.) **કાળ થકી**–કાળથી (કેટલો વખત). **બે ઘડી સુધી**–બે ઘડી

સુધી. **તે ઉપરાંત**–તે ઉપર (જેટલું રહ્યું હોય તેટલું). **ત્રણ**–ત્રણ. **નમોક્કાર**–નમસ્કાર (પંચ પરમેષ્ઠી.) **ગણી**–કહી; સંભારી. **ન પાળું**–આચારમાં રહું. **તિ વાર સુધી**–ત્યાંસુધી. **ભાવથકી**–ભાવથી (પ્રીતિથી). **છ કોટીયે**–છ કોટીએ. **પચ્ચખાણ**–નિવર્તન (બંધી). **કરેમિ**–કરૂં છું. **ભંતે**–હે પૂજ્ય. **સામાઇયં**–(સાવજ્જજોગ રૂંધાવા રૂપ) સામાયક. **સાવજ્જં**–(સાવજ્જ) પાપકારી; પાપ. **જોગં**–વ્યાપાર જોગ. (મન, વચન, કાયા.) **પચ્ચખામિ**–પચ્ચખાણ કરૂં છું, બંધી કરૂં છું. **જાવ**–જ્યાંસુધી. **નિયમ**–બંધી, અટક, મર્યાદા. **પજ્જુવાસામિ**–સર્વે પ્રકારે કરી ઉપાસના કરૂં છું. (મન, વચન, કાયાએ આરાધના કરૂં છું.) **દુવિહં**–બે કરણ. (કરણ, કરાવણ.) **તિવિહેણં**–ત્રણ જોગે. (મન, વચન, કાયા.) **ન કરેમિ**–ન કરૂં છું. **ન કારવેમિ**–ન કરાવું છું. **મણસા**–મને કરી. **વયસા**–વચને કરી. **કાયસા**–કાયાએ કરી. **તસ્સ**–તે. **ભંતે**–હે પૂજ્ય. **પડિક્કમામિ**–નિવર્તું છું. **નિંદામિ**–નિંદું છું, (આત્માની સાખે.) ધિક્કારૂં છું. **ગરહામિ**–ગ્રહું છું (ગુરૂની સાખે.) **અપ્પાણં**–આત્માને, પાપકારી, (અથિર). **વોસિરામિ**–વોસરાવું છું. (તજું છું.)

(જમણો ઢીંચણ ધરતી થાપી, ડાબો ઢીંચણ ઉભો રાખી બે હાથ જોડી અંજલિ મસ્તકે અરાડી "નમોત્થુણં" કહેવું.)

પાઠ ૭ મો.

(નમોત્થુણં.)

નમોત્થુણં-નમસ્કાર હો. **અરિહંતાણં**-અરિહંતને. **ભગવંતાણં**-ભગવંતને. **આઇગરાણં**-ધર્મના આદિના કરનારને. **તિત્થયરાણં**-ચાર તીર્થ પ્રવર્તાવનારને. (સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા.) **સયં સંબુદ્ધાણં**-પોતાની મેળે બુઝયા છે. **પુરિસોત્તમાણં**-પુરૂષમાં ઉત્તમ છે. **પુરિસસિંહાણં**-પુરૂષમાં સિંહ સમાન છે. **પુરિસવર પુંડરિયાણં**-પુરૂષમાં છત્ર સમાન, પુંડરિક કમળ સમાન છે. **પુરિસવર ગંધહત્થીણં**-પુરૂષમાં ગંધ હસ્તી સામાન. **લોગુત્તમાણં**-લોકમાં ઉત્તમ છે. **લોગનાહાણં**-લોકમાં (ધર્મરૂપ) નાયક છો. **લોગહિયાણં**-લોકના હિતકારી છો. **લોગપઇવાણં**-લોકમાં દીવા સમાન છો. **લોગપજ્જોયગરાણં**-લોકમાં સૂર્યની પેરે ઉદ્યોતના કરનાર છો. **અભયદયાણં**-અભયદાનના દાતાર છો. **ચખ્ખુદયાણં**-(જ્ઞાનરૂપ) નેત્રના દેનારા છો. **મગ્ગદયાણં**-મોક્ષ માર્ગના દેનાર છો. **સરણદયાણં**-શરણના દેનાર છો. **જીવદયાણં**-જીવિતવ્યના દાતાર છો. (સંજયજીવિતવ્ય). **બોહિદયાણં**-(સમકિતરૂપ) બુદ્ધિના દાતાર છો. **ધમ્મદયાણં**-(દયારૂપ) ધર્મના દાતાર છો. **ધમ્મદેસિયાણં**-ધર્મ ઉપદેશના દેનાર છો. **ધમ્મનાયગ**-

રાણં–ધર્મના નાયક છો. **ધમ્મસારહિણં**–ધર્મરૂપ રથના સારથી છો. **ધમ્મ**–ધર્મ. **વર**–પ્રધાન. **ચાઉરંડત**–ચાર ગતિ રૂપ, ચારે દિશાનું અંતઃકરણહાર. **ચક્કવટ્ટીણં**–ચક્રવર્તી સમાન છો. **દીવો**–દીપક, દીવાની પેઠે આધારભૂત. **તાણ**–દુઃખનું નિવારણ કરનાર છો. **સરણ**–શ્રેયાર્થિને આશ્રવાજોગ. **ગઈ**–ચાર ગતિ (નારકી, તિર્યંચ, મનુષ્ય, દેવતા) માં જ્ઞાનની પ્રાપ્તિના કરનાર. **પઇઠા**–પડતા જીવને આધારભૂત. **અપડિહય**–કોઇથી હણાય નહિ, નથી હણાયું એવું. **વર**–પ્રધાન. **નાણં**–જ્ઞાન. **દંસણ**–દર્શન. **ધરાણં**–ધરનારા છો. **વિયટ્ટ**–ગયું છે. **છઉમાણં**–છદમસ્તપણું (કર્મરૂપી આવરણ.) **જિણાણં**–જીત્યા છો. (રાગદ્વેષને.) **જાવયાણં**–જીતાવનાર છો. (રાગદ્વેષને.) **તિન્નાણં**–તર્યા છો. (સંસારસમુદ્રથી.) **તારયાણં**–તારો છો, તારનાર છો. (સંસાર સમુદ્રથી.) **બુદ્ધાણં**–પોતે સમજ્યા છો; તત્વને જાણ્યા છે. **બોહિયાણં**–બીજાને સમજાવ્યા છે; જણાવનાર છો. (તત્વજ્ઞાનથી.) **મુત્તાણં**–કર્મથી મુકાણા છો. (બાહ્ય તથા અંતર બંધનથી.) **મોયગાણં**–બીજાને મુકાવ્યા છે. (બાહ્ય તથા અંતર બંધનથી.) **સવ્વનુણં**–સર્વજ્ઞ છો. **સવ્વદરિસિણં**–સર્વદર્શી છો. (હવે કેવા સ્થાનકને પામ્યા છો.) **સિવ**–ઉપદ્રવ્યરહિત. **મઽયલ**–અચળ

છો. **મડરૂય**–રોગરહિત. **મડણંત**–અંતરહિત છો. **મડ-ખ્ખય**–ક્ષયરહિત છો. **મડવ્વાબાહ**–બાધા પીડા રહિત છો. **મડપુણરાવતિં**–ફરી આવવું નથી. **સિદ્ધિગઈ**–સિદ્ધ-ગતિ. **નામધેયં**–જેનું એવું નામ છે. **ઠાણં**–સ્થાનકને. **સંપતાણું**–સાંપડેલ છે; મળેલ છે; પામ્યા છો. **નમોજી-ણાણં**–નમસ્કાર હો એવા જીન તીર્થંકર દેવને. **જિયભયાણં**–સાત ભયને જીત્યા છો.

(દરેક વ્રતમાં ત્રણ નમોથ્થુણં કરવાના તેની સમજ.)

પહેલું નમોથ્થુણં–શ્રી અનંતાસિદ્ધ ભગવંતને કર-વાનું છે તેમાં એવી રીતે સમજવાનું કે પ્રથમના તેંતાળીસ બોલ એટલે "**સવ્વદરિસિણં**" એ બોલ કહેલા છે તે પ્રમાણે શ્રી અરિહંત હતા; અને જેઓ સિદ્ધ થએલા છે તેમને માટે પાછલા દશ બોલ જાણવા.

બીજું નમોથ્થુણં–શ્રી અરિહંતદેવને કરવાનું છે. તેમાં એવી રીતે સમજવાનું કે પ્રથમના જે તેંતાળીસ બોલ કહેલા છે તે પ્રમાણે તેઓ બિરાજમાન છે અને તેઓ પાછળના દશ બોલમાં બતાવ્યા પ્રમાણે સિદ્ધ થવાના કામી છે. તે બીજું નમોથ્થુણં કરવાની રીત એવી છે કે–પહેલા નમોથ્થુણંની માફક જ પહેલેથી "**સિદ્ધિગઈ નામધેયં**" શબ્દ સુધી કહેવું અને "**ઠાણં સંપતાણું**" શબ્દને બદલે

"ઠાણું સંપાવિયો કામાણું" શબ્દ બોલવો અને ત્યાર પછીનાં પદ બોલવાં નહિ.

ત્રીજું નમોથ્થુણું-વર્તમાન કાળના સ્વધર્માચાર્યને કરવાનું છે, તે એવી રીતે કે મારા ધર્મગુરૂ, ધર્માચાર્ય, ધર્મોપદેશક, સમ્યકત્વરૂપી બોધબીજના દાતાર, મિથ્યાત્વરૂપી તિમિરના મટાડનાર બહુસૂત્રી, સૂત્ર સિદ્ધાંતના જાણુ, તરણુ તારણુ, તારણી નાવ સમાન, સફરી જહાજ સમાન, કલ્પતરૂ સમાન, રત્ન ચિંતામણી સમાન, પાર્શ્વમણિ સમાન, ધર્મના નાયક, ધર્મના મુખી, જીનશાસનના શણગાર, એવી અનેક સર્વ શુભોપમાએ બિરાજમાન મુનિરાજ પૂજ્ય સાહેબ શ્રી ૧૦૦૮   આદિ સાધુ સાધ્વીજી ગુર્વાદિકની આજ્ઞા પ્રમાણે જ્યાં જ્યાં વિચરે છે ત્યાં ત્યાં તેઓને મારા સમય સમયના સંપૂર્ણ વિધિસહિત વંદના નમસ્કાર હોજો.

પાઠ ૮ મો.

(સામાયક પાળવાનો વિધિ.)

એહવા નવમા સામાયક વ્રતના-પોતે અંગીકાર કરેલું એવું જે સામાયક યાને નવમું વ્રત એને વિષે. **પંચ-અઇયારા**-પાંચ અતિચાર. **જાણિયવ્વા**-જાણવા. **નસમા-**

ચરિયવ્વા—આદરવા નહિ. **તંજહા**—તે આ પ્રમાણે છે. **આળોઉં**—તે કહી બતાવું છું. **મણદુપ્પડિહાણે**—મન માઠું વરત્યું હોય. **વયદુપ્પડિહાણે**—વચન માઠું વરત્યું હોય. **કાયદુપ્પડિહાણે**—કાયા માઠી વરતી હોય. **સામાઇયસ્સસઇ**—સામાયકને. **અકરણઆએ**—બરાબર કીધું કે નહિ તેની ખબર ન રહી હોય. **સામાઇયસ્સ**—સામાયકને. **અણવાઠિયસ્સકરણઆએ**—પુરૂં થયા વિના પાળ્યું હોય. **તસ્સ**—તેનું. **મિછ્છા**—નિષ્ફળ થાઓ. **મિ**—મારે. **દુક્કડં**—દુષ્કૃત (માઠાં) પાપ. **સામાયક સમકાએણં**—સમ્યક્ પ્રકારે કાયાએ કરી. **નફાસિયં**—ન ફરસ્યાં હોય. **નપાલિયં**—ન પાળ્યો હોય. **નતિરિયં**—કાંઠે પહોંચાડયો ન હોય. **નકિટ્ટિયં**—કીર્તના કીધી ન હોય. **નસોહિયં**—શોધનપણું કર્યું ન હોય. **નઆરાહિયં**—આરાધના કીધી ન હોય. **આણાએ**—આજ્ઞા પ્રમાણે. **અણુપાલીતા**—જેવી લીધી હોય તેવી પાળી ન હોય. **નભવઇ**—ન થઇ હોય. **તસ્સ**—તેનું. **મિછ્છા**—નિષ્ફળ થાઓ. **મિ**—મારે. **દુક્કડં**—દુષ્કૃત (પાપ.)

સામાયકમાં દશ મનના, દશ વચનના, બાર કાયાના, બત્રીસ દોશ માંહેલો જે કોઇ દોષ લાગ્યો હોય તો તસ્સ મિછ્છા મિ દુક્કડં. ૩

સામાયકમાં સ્ત્રિકથા, ભત્તકથા, દેશકથા, રાજ-

કથા એ ચાર કથા માહેલી કોઇ કથા કરી હોય તો તસ્સ મિચ્છામિ દુક્કડં. ૪

સામાયકમાં આહાર સંજ્ઞા, ભય સંજ્ઞા, મૈથુન સંજ્ઞા, એ ચાર સંજ્ઞા માંહેલી સંજ્ઞા કરી હોય તો તસ્સ મિચ્છામિ દુક્કડં. ૫

સામાયક વિધિએ લીધું, વિધિએ પાળ્યું, વિધિએ કરતાં અવિધિએ થયું હોય તો તસ્સ મિચ્છા મિ દુક્કડં. ૬

સામાયકમાં અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર, અણાચાર, જાણતાં અજાણતાં, મને, વચને, કાયાએ કરી કોઇ દોષ લાગ્યો હોય તો તસ્સ મિચ્છા મિ દુક્કડં. ૭

સામાયકમાં કાનો, માત્રા, મિંડી, પદ, અક્ષર ઓછો અધિક વિપરીત ભણાણો હોય તો અનંત સિદ્ધ કેવળીની સાખે માહરે તસ્સ મિચ્છા મિ દુક્કડં. ૮

સામાયક લક્ષણ.

समता सर्वभूतेषु संयमः शुभभावना ।
आर्त्त रौद्र परित्यागस्तद्धि सामायकं व्रतम् ॥

" (૧) જગતના સર્વ જીવો પ્રત્યે સમભાવ (સમદૃષ્ટિ) " રાખવી, (૨) પાંચે ઇંદ્રિયના વિકારને વશ કરવા, (૩) " ઉત્તમ એવી ભાવના ભાવવી, (૪) આર્ત અને રૌદ્ર ધ્યા- " નનો ત્યાગ કરી, ધર્મ અને શુકલ ધ્યાન ધ્યાવું: તે સામા- " યક વ્રત કહેવાય છે."

અથવા, નીચેના એક બીજા શ્લોકમાં પણ એ જ ભાવાર્થ સમાએલો જોવામાં આવે છે.

त्यक्तार्त्तरौद्रध्यानस्य त्यक्त सावद्यकर्मणः ।
मुहूर्त्तं समतायाः तां विदुः सामायकं व्रतम् ॥

અર્થ—આર્ત્ત રૌદ્ર ધ્યાનનો ત્યાગ કરી તથા સાવદ્ય (સ- પાપ) કર્મ માત્રનો ત્યાગ કરીને ઓછ:માં ઓછું એક મુહૂર્ત પર્યંત અંતરવૃત્તિને જે સમભાવમાં રાખવી તેનું નામ 'સામા- યક' કહેવાય છે.

સમસ્થિતિ, સમભાવ એ આત્માનો મૂળ સ્વભાવ છે. માયિક જાળમાં સપડાવાથી સમસ્થિતને બદલે વિષમ સ્થિ- તિમાં હમેશાં ગમન કરતા આત્માને, આધ્યાત્મિક ક્રિયાવડે

મૂળ સ્વભાવમાં લાવવા જે ક્રિયા કરવી એનું નામ સામાયક. દરેક પ્રાણીને અવિચ્છિન્ન સુખ અને પરમ શાંતિની અભિલાષા છે, ને તેના જ માટે દરેક પ્રાણી પૃથક્ પૃથક્ માર્ગે વહન કરી સુખને શોધે છે. અસહ્ય પરિષહો સહન કરી અતુલ મહેનત કરવા છતાં, ક્ષણિક સુખ પ્રાપ્ત થયું ન થયું કે પુનઃ દુઃખ ઉભરાઈ નીકળે છે, પણ અવિચ્છિન્ન સુખ પ્રાપ્ત થતું નથી, કારણકે સુખનો નિધિ પોતા પાસે છે, છતાં અજ્ઞાનરૂપી અંધકારથી અન્ય સ્થળે સુખાભિલાષા રાખે છે, જેથી પ્રયત્ન નિષ્ફળ નીવડે છે. એ જ હેતુથી તત્ત્વજ્ઞ પુરૂષોએ એ સુખ પ્રાપ્ત થવાનો સહેલો ને સરલ રસ્તો સામાયકદ્વારા બતાવ્યો છે, અને એ રસ્તે ક્રમે ક્રમે પરમ શાન્તિ મેળવવી એ એનું પ્રયોજન છે. સામાયક એ મનને સ્થિર રાખવાની અપૂર્વ ક્રિયા છે; આત્મિક અતુલ શાંતિ મેળવવાનો નિધિ છે; પરમ-ધામ પામવાનો સરલ ને સુખદ રસ્તો છે; પાપરૂપ કચરા કાદ-વને ભસ્મીભૂત કરવાનું અલૌકિક યંત્ર છે; દુનિયાના ત્રિવિધ તાપનું વિસ્મરણ થવાની ચમત્કારીક બુટ્ટી છે; અસાધ્ય રોગને નાબુદ કરવાનું આધ્યાત્મિક રસાયણ છે; દુઃખોદધિ તરવાની અગાધ નૌકા છે; અને આ અનેક કર્મ મળથી દટાઈ કંગાલ હાલતમાં બની ગયેલ આત્માને પરમાત્મા બનાવવાનું પણ સામર્થ્ય એમાં છે. જે ક્રિયા કરવાથી ક્રમે ક્રમે આત્મા જડ

ઘાલી રહેલા દુર્ગુણો ઘટી ઘટી સદ્‌ગુણોનો જથો મેળવવા ઉપરાંત હૃદય પરમ શાંતિનો અનુભવ કરે અને જે સુખ આપણે પૌદ્‌ગલિક કોઇ પ્રિય ચીજથી પણ નહિ મેળવેલ તે સુખનો અનુભવ સાક્ષાત્ થાય એવા અપૂર્વ લાભથી અધિક શું લાભ હોઇ શકે ? લાખ કે દશ લાખ ખાંડીનાં દાન જેટલું ફળ માત્ર બાળ જીવોને સમજાવવા માટેની કલ્પના છે પણ ખરી રીતે યથાર્થ સામાયક ક્રિયાનું ફળ તો તેથી અનંતગણું છે, કારણકે ઇંદ્ર જેવી સંપત્તિને જીવે અનેક વાર મેળવી પણ સમસ્થિતિનો લાભ લેવા ભાગ્યશાળી નથી થયો; એવું એનું અલભ્યપણું છે માટે શુદ્ધ સ્વરૂપ સામાયક કરવું એ અપૂર્વ લાભ છે. આ ક્રિયા કરનારનો મોટો ભાગ એમ સમજે છે કે, સામાયકનો લાભ આવતા ભવમાં જ મળે છે; માટે એવા લાંબા વાયદાનો વ્યાપાર અમને પોસાય નહિ ! કોણ જાણે પરભવમાં તે ફળ મળ્યું કે ન મળ્યું, જેથી અમારા વ્યવહારનો રોકડો લાભ છોડીને ઉધારાવાળા ધંધામાં જોડાવું, તેમાં શ્રદ્ધા ચોંટતી નથી. આ વાંધો ઉપર ઉપરથી જોનારને મુદ્દાસર ને વ્યાજબી લાગે તેવો છે, પણ વસ્તુતઃ ભુલભરેલ છે, તેનું આપણે સ્પષ્ટીકરણ કરીશું, એટલે સહજ સમજાશે. દરેક પ્રાણીને સાધન અને વિચારપૂર્વક કરેલ પુરૂષાર્થના પ્રમાણમાં લાભ અવશ્ય મળે છે. લાભને બદલે ખોટ થાય છે, તે

વિચારનો વિપર્યાસ છે, ને લાભ નથી મળતો યા થોડો મળે છે, તે સાધન ને પુરૂષાર્થની ખામી છે; તેમ જ જે દિવસે ફળ વાવીએ તે જ દિવસે તે ફળ ઉગે ને આપણે જમીએ એમ બનતું નથી, પણ દરેકની અવધિ હોય છે.

આપણા ઘણાખરા શ્રાવક ભાઇઓને સામાયકની ક્રિયાઓ અહર્નિશ કરવા છતાં ફળ દેખાતું નથી તેનું કારણ એ કે જે રીતે ફળની પ્રાપ્તિ થાય તે રીતથી સામાયક કોઈ વીરલા જ કરતા હોય તો ભલે, બાકી મોટો ભાગ તો અંધ પરંપરાએ ચલાવે છે; તેમાં ફળ ક્યાંથી થાય ? પ્રથમ તો શ્રદ્ધારૂપ પાયો જ ન મળે; પ્રેમ કે મોહોબતનો પતો પણ નહિ; તેમ તનની, મનની, વસ્ત્રની, જગ્યાની કે વાક્યોચ્ચારની શુદ્ધતા નહિ ! તે સર્વ કરતાં મોટો દોષ તો એ જ કે જે હૃદયથી કાર્ય કરવું, તે તો સાંસારિક કે ઝેરી વાસનાથી અવલિપ્ત હોય, એથી રોકડો લાભ ન દેખાય તેમાં સામાયકનો શું દોષ ? શાસ્ત્રમાં જણાવ્યા પ્રમાણે વિધિપૂર્વક એ ક્રિયા કરવામાં આવે તો અવશ્ય આ જ ભવમાં અલભ્ય લાભ મળે એ નિ:સંદેહ છે.

(૧) જગત્‌ના સર્વ જીવો પ્રત્યે સમભાવ રાખવો.

"चेतना लक्षणो जीवः स च ज्ञानादि भेदात् अनेकधा भिद्यते"

"જેનું લક્ષણ ચૈતન્ય છે અને જે પ્રાણને ધારણ કરનારો છે તે જીવ." ત્યારે હવે પ્રાણ એટલે શું? ચામડી, જીભ, નાક, આંખ અને કાન. મનની શક્તિ, વચનની શક્તિ, અને કાયા (શરીર) ની શક્તિ, શ્વાસોચ્છ્વાસ અને આયુષ્ય એ દશને "પ્રાણ" કહે છે. એવા જીવના બે ભેદ છે. (૧) ત્રસ. (૨) સ્થાવર.

ત્રસ.

ત્રસ જીવના ૪ ભેદ છે, (૧) બેઇંદ્રિય, (૨) તેઇંદ્રિય, (૩) ચૌરેંદ્રિય, અને ૪ પંચેંદ્રિય.

(૧) બેઇંદ્રિય એટલે ૬ પ્રાણ ધારણ કરનારા જીવો. તે ૬ પ્રાણનાં નામઃ શરીર, કાયા (ઇંદ્રિય), જીભ, આહાર કરવાની શક્તિ, વચન (બોલવાની શક્તિ), શ્વાસોચ્છ્વાસ અને આયુષ્ય. તે જીવોનાં નામઃ શંખ, કોડાં, છીપ, જળો, કીડા, પોરા, અળસીયાં, કરમીઆં, મામણમુંડા, કાતરા, ચુડેલ, ભેર વગેરે ઘણી જાતના જીવો.

(૨) તેઇંદ્રિય એટલે ૭ પ્રાણને ધારણ કરનારા જીવો. ઉપરના ૬ પ્રાણની સાથે નાક મળીને ૭ પ્રાણ થાય છે. એ જીવોનાં નામઃ જૂ, લીખ, માંકડ, ચાંચડ, કીડી, કંથવા,

ધનેરાં, ઉધઇ, ઝીમેલ, ભુંડ, મંકોડા, જુવા, ઇતઇડી, ગીંગોડા, કાનખજૂરા વીગેરે.

(૩) ચૌરેંદ્રિય એટલે આઠ પ્રાણ ધારણ કરનારા જીવો. ઉપરના ૭ પ્રાણની સાથે આંખ મળીને આઠ પ્રાણ થાય છે. એ જીવોનાં નામઃ ભમરા, ભમરી, વીંછીં, માખી, તીડ, માછલાં, ડાંસ, મસલાં, તમરાં, કરોળીઆ, કંસારી, ફુદી, ખપેડી, બગઇ, ખડમાકડી, ધુડીઆ, વિગેરે.

(૪) પંચેંદ્રિય. પંચેંદ્રિય જીવના બે ભેદ. અસંજ્ઞી પંચેંદ્રિય અને સંજ્ઞી પંચેંદ્રિય.

૧ અસંજ્ઞી પંચેંદ્રિય એટલે સ્ત્રી પુરૂષના સંભોગ વિના ઉત્પન્ન થાય તે. એ જીવને ૯ પ્રાણ હોય છે. ઉપરના આઠ પ્રાણ ઉપરાંત ૯ મો પ્રાણ કાન હોય છે. તેવા જીવોનાં નામઃ દેડકાં, માછલાં, તથા ઝાડો, પીસાબ, ઉલટી વિગેરેમાં ઉત્પન્ન થતા જીવો.

૨. સંજ્ઞી પંચેંદ્રિય એટલે ૧૦ પ્રાણને ધારણ કરનાર જીવો. ઉપરના ૯ પ્રાણ સાથે દસમું "મન" (વિચાર કરવાની શક્તિ) હોય છે. તેના ચાર ભેદ છે. **(૧) નારકી, (૨) તીર્યંચ, (૩) મનુષ્ય અને (૪) દેવતા.**

નારકીના ભેદ–નારકીના ૧૪ ભેદ છે, જેનાં નામઃ ધમા, વંસા, સીલા, અંજણા, રીઠા, મઘા, માઘવાઈ, એ સાતના પર્યાપ્તા અપર્યાપ્તા.

તીર્યંચના ભેદ–તીર્યંચના બે ભેદ છે, ગર્ભજ તથા સંમુર્છીમ. તેમાં ગર્ભજના પાંચ ભેદ છેઃ (૧) જળચર, (૨) થળચર, (૩) ઉરપર, (૪) ભૂજપર, (૫) ખેચર.

જળચર એટલે જળ (પાણી) માં રહેનારા જીવો, જેવા કે મચ્છ, મગરમચ્છ, કાચબા, સુસુમાર, કચ્છ, ગ્રહા, સસુમલા વગેરે.

થળચર એટલે પૃથ્વી (જમીન) પર રહેનારા જીવો, જેવા કે ઘોડા, ગધેડાં, ગાય ભેંસ, બળદ, બકરા, હાથી, ઉંટ, ગેંડા, વાઘ, સિંહ, કુતરા, દીપડા, બીલાડા, શીયાળ, રીંછ, વાંદરા વગેરે.

ઉરપર એટલે હૈયા (છાતી) પર ચાલનારા જીવો, જેવા કે સર્પ, અજગર, આશાર્લીયા, મહુરગ વગેરે.

ભૂજપર એટલે ભૂજા (હાથ) વડે ચાલનારા જીવો, જેવા કે કોલ, નોલ, ઘુંસ, કાર્કીડા, ઉંદર, ખીસકોલી, ગરોળી, સરકભામણી, કાંચીડા ઈત્યાદિ.

ખેચર એટલે આકાશમાં ઉડનારા જીવો, જેવા કે મોર, કબુતર, ચકલા, મેના, પોપટ, કાબર, સમડી, બગલા, કોયલ, ઢેલ, ચકલા, હોલા, સુડા, તેતર, બાજ વગેરે.

મનુષ્યના બે ભેદ છેઃ ગર્ભજ અને સંમુર્છીમ, જેમાં **ગર્ભજ**ના ૨૦૨ ભેદ છે. ૧૫ કર્મભૂમિનાં મનુષ્ય, ૩૦ અકર્મ-

ભૂમિનાં મનુષ્ય, ૫૬ અંતર દ્વીપનાં મનુષ્ય, મળી ૧૦૧ થયા. તેના પર્યાપ્તા અને અપર્યાપ્તા મળી કુલ ૨૦૨ ભેદ થાય છે. જે યોનીના જે પ્રાણ બતાવ્યા છે તે પ્રમાણે સંપૂર્ણ પ્રાણુવાળા જીવો પર્યાપ્તા અને ઓછા પ્રાણુવાળા અપર્યાપ્તા કહેવાય છે.

૧૫ કર્મભૂમિનાં મનુષ્ય, તેમાં ૧૫ ક્ષેત્ર છે, જેનાં નામ: ૫ ભરત, ૫ ઇરવત, ૫ મહાવિદેહ, આ ૧૫ ક્ષેત્રમાં ખેતીવાડી, વેપાર અને મોક્ષસાધનના ઉપાયો થઈ શકે છે યાને તેઓ માટેનાં સાધનો છે.

૩૦ અકર્મભૂમિનાં મનુષ્યનાં ૩૦ ક્ષેત્ર છે, જેનાં નામ: ૫ હેમવય, ૫ હીરણવય, ૫ હરીવાસ, ૫ રમકવાસ, ૫ દેવકુરૂ, ૫ ઉત્તરકુરૂ. આ ૩૦ ક્ષેત્રમાં ખેતીવાડી, વેપાર કે મોક્ષસાધનના માર્ગો નથી. આ ક્ષેત્રમાં રહેનારાં મનુષ્યો ૧૦ પ્રકારના કલ્પવૃક્ષના આધારે જીવે છે.

૫૬ અંતર દ્વીપનાં મનુષ્ય નીચે પાણી અને ઉપર દ્વીપ છે તેમાં રહે છે. શીતજોનિયા, ઉષ્ણજોનિયા અને મિશ્રજોનિયા.

સંમુર્છીમ મનુષ્યના ભેદ—સંમુર્છીમ મનુષ્યને ઉત્પન્ન થવાના ૧૪ માર્ગ છે. (૧) ઝાડામાં સંમુર્છીમ મનુષ્ય ઉપજે, (૨) પેશાબમાં, (૩) બળખામાં, (૪) શેડામાં, (૫) ઉલટીમાં, (૬) પિત્તમાં, (૭) પરૂમાં, (૮) લોહીમાં, (૯)

વીર્યમાં, (૧૦) વીર્યાદિકનાં પુદ્દગલ સુકાએલ હોય તે ફરી ભીનાં થતાં ઉપજે, (૧૧) કલેવરમાં, (૧૨) સ્ત્રી પુરૂપના સંભોગમાં, (૧૩) ખાળ (ગટર) માં, (૧૪) અશુચિ સ્થાનકમાં ઉપજે છે.

દેવતા—૧૦ ભવનપતિ, ૧૫ પરમાધામી, ૧૬ વાણ-વ્યંતર, ૧૦ જંભકા, ૧૦ જ્યોતિષી, ૩ કિલ્બિષી, ૯ લોકાંતિક, ૧૨ દેવલોક, ૯ ગ્રીવેક, ૫ અનુત્તર વિમાન, એ રીતે કુલ ૯૯ ભેદ છે જેના પર્યાપ્તા અને અપર્યાપ્તા મળી કુલ ૧૯૮ ભેદ દેવતાના છે.

૧૦ ભવનપતિનાં નામ-અસુરકુમાર, નાગકુમાર, સુવર્ણકુમાર, વિજ્જુકુમાર, અગ્નિકુમાર, દ્વીપકુમાર, ઉદધિકુમાર, દિશાકુમાર, પવનકુમાર, થણિતકુમાર.

૧૫ પરમાધામીનાં નામ-અંબ, અંબરિસ, સામ, સબલ, રૂદ્ર, વૈરૂદ્ર, કાળ, મહાકાળ, અશિપત્ર, ધનુષ્ય, કુંભ, વાલુ, વેતરણી, ખરસ્વર, મહાઘોષ.

૧૬ વાણવ્યંતરનાં નામ-પિશાચ, ભૂત, યક્ષ, રાક્ષસ, કિન્નર, કીંપુરસ, મહોરગ, ગંધર્વ, આણપન્ની, પાણપન્ની, ઇસીવાઇ, ભુઇવાઇ, કંદીય, મહાકંદીય, કોહંડ, પયંગદેવ.

૧૦ જંભકાના ભેદ-આણજંભકા, પાણજંભકા, લયણજંભકા, શયણજંભકા, વચ્છજંભકા, પુષ્પજંભકા, ફળજંભકા, બીયજંભકા. વિજ્જુજંભકા, અવિજ્યતજંભકા.

૧૦ જ્યોતિષીનાં નામ—ચંદ્રમા, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારા, આ પાંચ ચળ અઢી દ્વીપમાં છે અને એ જ નામના બીજા પાંચ સ્થિર તે અઢી દ્વીપ બહાર છે એમ મળી દસ.

૩ કિલ્બિષીનાં નામ—ત્રણ પલીયા, ત્રણ સાગરીયા, તેર સાગરીયા.

૯ લોકાંતિકનાં નામ—સારસ્વત, આદિત્ય, વન્હિ, વરૂણ, ગર્દતોયા, તોથિયા, અવ્યાબાધા, અગીચ્ચા, રિઠા.

૧૨ દેવલોકનાં નામ—સુધર્મા, ઈશાન, સનતકુમાર, માહેંદ્ર, બ્રહ્મલોક, લંતક, મહાશુક્ર, સહસ્સાર, આણંત, પ્રાણંત, આરણ, અચ્ચુય.

૯ ગ્રીવેકનાં નામ—ભદ્દે, સુભદ્દે, સુજાએ, સુમાણસે, પ્રિયદંસણે, સુદર્શને, આમોહે, સુપડીબધે, જશોધરે.

૫ અનુત્તર વિમાનનાં નામ—વિજય, વિજયંત, જયંત, અપરાજિત, સર્વાર્થસિદ્ધ.

સ્થાવર.

સ્થાવર જીવના પાંચ ભેદ છેઃ પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય. આ સ્થાવર જીવોને જ પ્રાણ હોય છે, જેનાં નામઃ શરીર, કાયા, શ્વાસોચ્છ્વાસ અને આયુષ્ય.

પૃથ્વીકાય—માટી, મીઠું, ખડી, ખારો, કાળમીંઢ, મરડીઆ, પાણા, સીલા, હિંગળો, હરતાલ, ગેરૂ, ગોપીચંદન, રત્ન, પરવાળા, આદિ ૪૩ જાતના પૃથ્વીકાય છે.

અપકાય—વરસાદ, કરા, ઝાકળ, ધુમસનું પાણી, કુવા, નદી, તળાવ, દરિઆ, ઝરણનું પાણી, ખારૂં, ખાટું, મોળું, મીઠું, પાણી આદિ ઘણી જાતનાં પાણીના દરેક ટીપામાં અસંખ્યાતા જીવો હોય છે તે અપકાય છે.

તેઉકાય—ચુલા, ભઠ્ઠી, તાપણી, ધુમાડીનો અગ્નિ, ચકમક, વિજળી, દીવા, ઉંબાડાનો અગ્નિ, ધગધગતા લોઢા, અરણી, દાવાનળનો અગ્નિ આદિ ઘણી જાતના અગ્નિ છે જેના એકેક તણખામાં અસંખ્યાતા જીવો હોય છે.

વાયુકાય—ઉત્તર દક્ષિણનો વા, ઉંચો નીચો વા, વંટોળીઓ, મંડળીઓ વા, આદિ ઘણી જાતનો વા (પવન) છે જેમાં અસંખ્યાતા જીવ શ્રી ભગવંતે કહ્યા છે.

વનસ્પતિ કાયના બે ભેદ છેઃ પ્રત્યેક વનસ્પતિ અને સાધારણ વનસ્પતિ. પ્રત્યેક વનસ્પતિના બાર ભેદ છે. જેમાં એક બીજ હોય તે અકઠીયા અને વધારે બીજ હોય તે બહુઠીયા કહેવાય છે. તેનાં નામઃ રૂખા, ગુચ્છા, ગમા, લતા, વેલા, પાવગા, તૃણા, વલિયા, હરીકાય, ઉસેહી, જળરૂખા અને કોસંગ.

રૂખા—હરડાં, બેડાં, આંબળાં, અરિઠાં, ભિલામાં, આસોપાલવ, આંબો, જાંબુડાં, બોરાં, લીંબોળી, મઉડાં, રાયણ આદિ એકઠીઆ કહેવાય છે; જ્યારે જામફળ, સીતાફળ,

દાડમ, બીલાં, કોઠાં, કેરાં, લીંબુ, વડના ટેટા, પીપરના ટેટા, આદિ બહુડીઆ કહેવાય છે.

ગુચ્છા–નીચાં અને ગોળ ઝાડ હોય તે, જેવાં કે રીંગણી, ભોરીંગણી, જવાસા, તુળસી વગેરે.

ગમા–ફુલ, જેવાં કે જાઈ, જુઈ, ડમરો, કેતકી, કેવડો, ચંબેલી, ગુલાબ, મોગરો વગેરે.

લતા–અશોકલતા, પદ્મલતા, ભાઇલતા, વગેરે.

વેલા–આરીઆના વેલા, તુરીઆ, કારેલાં, કંકોડાના વેલા, કોળા, કોઠીબડાં, તુંબડાંના વેલા, નઇયા, ચણીક ચીભડી, ચણોઠીના વેલા વગેરે.

પાવઠા–શેલડી, એરડી, સરકા, સાંઠા, નેતર, વાંસ વગેરે.

તૃણા–ડાભનાં તૃણ, આરતારાનાં તૃણ, ધરોનાં તૃણ, કરવાળીનાં તૃણ, ઝેઝવાનાં તૃણ, કાળીઆનાં તૃણ, આદિ ઘણી જાતનાં તૃણો છે.

વાલયા–સોપારીનાં ઝાડ, ખારેક ખજુરનાં ઝાડ, કેળ, તાડ, નાળિએરનાં ઝાડ, તજ, લવીંગ, એલચીનાં ઝાડ આદિ ઘણી જાતનાં ઝાડ છે.

હરીકાય–ભાજી, મુળાની, મેથીની, તાંદળજાની ભાજી, લુણી, ઝેઝવા, વથવાની ભાજી, આદિ ઘણી જાતની ભાજી.

ઉસેહી–ધાન્ય, તે બે જાતનાં છે. લાસાં અને કઠોળ. ઘઉં, જાર, બાજરી, જવ, ડાંગર, વરી, બંટી, બાવટો, કાંગ, કોદરા, મકાઈ, વગેરેને લાસુ ધાન્ય કહે છે. જ્યારે તુવેર, અડદ, મગ, ઝાલર, વટાણા, લાંગ, કળથી, મસુર, ચણા વગેરેને કઠોળ કહે છે.

જળરૂખા—પાણીમાં થાય તે. પોયણા, ધીતેલાં, સિંગોડા, કમળકાકડી, શેવાળ વગેરે.

કોસંગ—બીલાડીની બળી, બીલાડીની ટોપ વગેરે.

સાધારણ વનસ્પતિ—સાધારણ વનસ્પતિ યાને કંદ મૂળ કે જેમાં અનંતા (જેનો અંત નહિ તે) જીવ છે તેનાં નામ: લસણ, ડુંગળી (કાંદા), આદુ, સુરણ, ગાજર, રતાળુ, પેંડાળુ, બટાટા, થેક, સકરકંદ, લીલી હળદર, લીલી ગળી, મુળાના કાંદા, ખુરસાણી, કુંવર, મોથ, અમરવેલ, થોહર, બીડ વીગેરે ઘણી જાતનાં કંદમૂળ છે.

એ રીતે જીવના કુલ ૫૬૩ ભેદ છે. તે દરેક જીવ ઉપર સમભાવ રાખી તેને પોતાના આત્મા તુલ્ય માનવા એ શુદ્ધ સામાયકનું પહેલું લક્ષણ છે.

* * * *

" હુવા અને હોશેજી રે જયવંતા જીનરાજ;
" સર્વે જીનવરો એમ કહેજી રે મત હણજો છકાય."

* * * *

" હણશો તો હણાવું પડશે, છેદશો તો છેદાવું પડશે "

* * * *

भजस्व मैत्रीं जगदंगिराशिषु।
प्रमोदमात्मन् गुणिषु त्वशंषतः॥
भवार्तिदीनेषु कृपारस सदा-
प्युदासवृत्तिं खलु निर्गुणेष्वापि॥

" હે આત્મા ! જગત્‌ના સર્વે જીવો ઉપર મૈત્રીભાવ
" ધારણ કર; સર્વે ગુણવાન્ પુરૂષો તરફ સંતોષ દષ્ટિથી જો.
" ભવ (સંસાર)ની પીડાથી દુઃખી થતાં પ્રાણીઓ ઉપર
" કૃપા રાખ અને નિર્ગુણી પ્રાણીઓ ઉપર ઉદાસ વૃત્તિ-
" માધ્યસ્થ ભાવ રાખ. "

(૨) પાંચે ઇંદ્રિયના વિકારને વશ કરવા.

ઇંદ્રિયો પાંચ છેઃ રસેંદ્રિય, ઘ્રાણેંદ્રિય, શ્રોત્રેંદ્રિય, ચક્ષુઇંદ્રિય, સ્પર્શેંદ્રિય.

રસેંદ્રિય–એટલે જીભ. જીભના સ્વાદ, ખારૂં, ખાટું, મોળું, મીઠું, તીખું, આદિ સ્વાદોમાં લુબ્ધ ન થવું, તથા મુખમાંથી બિભત્સ શબ્દો બોલવા નહિ, કોઇનો જીવ દુખાય એવા શબ્દો બોલવા નહિ, આપણા બોલવાથી કોઇને પણ જરા સરખું નુકસાન થતું હોય તેવા શબ્દો બોલવા કરતાં

મૌન રહેવું; શૃંગાર–પ્રેમરસથી ભરેલા બીજાઓના તથા આપણા વિચારો મલીન થાય તેવાં ગાયનો આદિ બોલવું નહિ; કાંઈ પણ કારણ વગરનાં નકામાં ગપ્પાં મારવાં નહિ.

ઘ્રાણેંદ્રિય–એટલે નાક. હરકોઇ જાતની દુર્ગંધ આવતી હોય તેવી જગ્યાએ ઊભા રહેવું નહિ; સેંટ, અત્તર આદિ સુગંધીઓમાં લુબ્ધ થવું નહિ.

શ્રોત્રેંદ્રિય–એટલે કાન. ગાળાગાળી થતી હોય ત્યાં ઊભા રહેવું નહિ. અભિમાની શબ્દો, નિંદાના શબ્દો, ક્લેશનો શબ્દોચ્ચાર થતો હોય ત્યાં ઊભા રહેવું નહિ. વાજીંત્રોના નાદ ગાયનો આદિ સાંભળવામાં લુબ્ધ ન થવું.

(કોઇ મનુષ્ય તમારી નિંદા કરતો હોય, તમોને ગાળો આપે તોપણ તમારા પવિત્ર આત્માને ક્રોધરૂપી મળવડે મલીન ન કરતાં સમતાના સાગરરૂપી શાંતતાવડે ચીંતવવું કે તે મારો પ્રિય બંધુ અને શુભેચ્છક છે કે મારા કર્મનાં પુદ્‌ગલોને બાળવામાં મને મદદ કરે છે.)

ચક્ષુઇંદ્રિય–એટલે આંખ. જ્યાં પોતાનો લાંબો વખત ગુમાવવો હોય એવા ઘર દુકાન આદિ સ્થળોએ તમારા હૃદયમાં ખરાબ વિચારો જેના વડે ઉત્પન્ન થાય એવી ચીજો રાખશો નહિ. નગ્ન છબીઓ, નિર્લજ્જ પોશાક આદિનો ત્યાગ જ કરજો. પરસ્ત્રી તરફ દૃષ્ટિ કરતાં તેને તમારી માતા

કે ભગિની ચીંતવો, સ્વસ્ત્રીમ આસક્ત થતાં તેનું ચામડી વગરનું શરીર કલ્પો અને તે જ વખતે સ્મરણમાં લાવો કે "અનંતા વખત થએલી માતા અને મ્હેનનને આજે સ્ત્રીરૂપે ભોગવીએ છીએ."

(પ્રેમરસનાં નાટકો અને ચિત્તને મલીન કરનારા દેખાવો જોવાથી હમેશાં દુર રહેવું. તમારા સુવાના ઓરડામાં એવાં પુસ્તકો રાખો કે જે હમેશાં દૃષ્ટિ સન્મુખ થતાં નવું શૌર્ય, નવો પ્રેમ, નવો શાંતરસ, ઉપકાર વૃત્તિ પ્રકટ થાય.)

સ્પર્શેંદ્રિય–એટલે ત્વચા. શરીરને ગરમ પાણીથી હમેશાં સ્વચ્છ રાખવું કે જેથી શરીરનાં છીદ્રોમાં મેલ અને ખરાબ પુદ્‌ગલો જતાં અટકી જઇ શરીર શુદ્ધ થાય; પરન્તુ પાણીનો દુરૂપયોગ કરતા નહિ.

(વિષયસેવનથી શરીરને અપવિત્ર કરવું નહિ. જીવ-હિંસાથી શરીરને ભ્રષ્ટ કરવું નહિ. શરીરવડે એવું કોઇ પણ કૃત્ય કરવું નહિ કે જેથી કોઇ પણ જીવને માઠું ધ્યાન ઉ-ત્પન્ન થાય. વિના કારણે શરીરનો ક્ષય કરવો નહિ. શરીરને બહુ સુકોમળ બનાવવું નહિ કે જેથી પરોપકારી કાર્ય આ-પણા હાથે થતાં અટકે. સુકોમળ સુંદર કપડાં, પલંગ આદિ શરીરને સુકોમળ બનાવનારી ચીજોથી દૂર રહેવું.)

*　*　*　*

પ્રબળપણે વર્તતી એક પણ ઇંદ્રિય જ્યારે જીવનો વિદેહ કરાવે નરકમાં લેઇ જાય છે ત્યારે પાંચે ઇંદ્રિયોના વિકારને વશ નહિ કરતાં પ્રબળપણે વર્તવા દેનાર માણુસના નિશ્ચિત થએલા નરકાવાસના સંબંધમાં શું સંશય હોય ?

* * *

" આત્માને જન્મ મરણુના દુઃખ ઉત્પન્ન કરાવનાર
" યાને ભવોભવ રખડાવનાર માત્ર તૃષ્ણા જ છે કે જે પાંચ
" ઇંદ્રિયોથી ઉત્પન્ન થાય છે. ઇંદ્રિયો ઉપર કાબુ (જીત)
" નહિ મેળવનાર કોઇ પણ વખત સંસારની ભ્રમણામાંથી
" મુક્ત થતો જ નથી, જેથી ઇંદ્રિયોને વશ કરી મનના
" અંકુશમાં રાખવી જોઇએ.

* * * *

" આપણું શરીર એક રથ સમાન છે. ઇંદ્રિયો એ
" રથના ઘોડા સમાન છે. મન તે ઘોડાની લગામ છે. બુ-
" દ્ધિ તે રથ હાંકનાર સારથી છે જ્યારે આત્મા રથમાં
" બેસનાર મુખ્ય રાજા છે. બુદ્ધિરૂપી સારથીએ મનરૂપી
" લગામવડે ઇંદ્રિયોરૂપી ઘોડાને અંકુશમાં રાખી દયા સત્ય
" બ્રહ્મચર્યરૂપી નીતિની સડક ઉપર દેહરૂપી રથને હાંકવાથી
" સિધા સિદ્ધ ગતિ પહોંચાય છે. "

(૩) ઉત્તમ એવી ભાવના ભાવવી.

દોહરો.

" જ્ઞાન, ધ્યાન, વૈરાગ્યના, ઉત્તમ જહાં વિચાર;"
" જે ભાવે શુભ ભાવના, તે ઉતરે ભવપાર. "

નાનામાં નાના જંતુથી તે મોટામાં મોટાં પ્રાણીઓ, મનુષ્યો અને દેવતાઓને સુખ પ્રિય છે. જગત્‌નો મોટો ભાગ સુખ, આનંદ મેળવવા માટે હજારો પ્રયત્નો કરે છે. હજારો પ્રકારના પાપબંધનથી મુક્ત થતાં નથી, છતાં સુખ તે દુઃખ છે, ભયવાળું છે, અલ્પ સમયનું છે, અનેક જાતના તાપ ઉપજાવનારૂં છે. શ્રીમાન્ ભર્તૃહરિ પણ કહે છે કેઃ—

શાર્દૂલ.

भोगे रोगभयं कुले च्युतिभयं वित्ते नृपालाद्भयं ।
माने दैन्यभयं बले रिपुभयं रूपे तरुण्याद्भय ।
शास्त्रे वाद्भयं गुणे खलभयं काये कृतांताद्भयं ।
सर्व वस्तु भयान्वितं भुवि नृणां वैराग्यमेवाभयम् ॥

અર્થાત્—ભોગમાં રોગનો ભય છે; કુળને પડવાનો ભય છે; લક્ષ્મીમાં રાજાનો ભય છે; માનમાં દીનતાનો ભય છે; બળમાં શત્રુનો ભય છે; રૂપથી સ્ત્રીને ભય છે; શાસ્ત્રમાં વાદનો ભય છે; એમ સર્વ વસ્તુ ભયવાળી છે; માત્ર એક વૈરાગ્ય જ અભય છે.

વળી શ્રીમન્ **મહાવીર** પ્રભુનો એક સમય માત્ર પણ સંસારનો ઉપદેશ નથી. કંચનવર્ણીય કાયા, **યશોમતિ** જેવી રાણી, અઢળક સંપત્તિ, લક્ષ્મી, અને મહા પ્રતાપી સ્વજન પરિવારનો સમૂહ હોવા છતાં એ સર્વ મોહિનીને ઉતારી દઇ જગતના મિથ્યા સુખની ઇચ્છાને વશ નહિ થતાં જ્ઞાનદર્શ યોગ પરાયણ થઇ, સ્વાચરણથી જે અદ્ભુતતા દર્શાવી છે તેનો વિચાર કરવો જોઇએ. ઉત્તરાધ્યયન સૂત્રના આઠમા અધ્યયનની પહેલી ગાથામાં **કપિલ** કેવળીની સમીપે તત્ત્વાભિલાષીના મુખકમળથી શ્રી **મહાવીર** કહેવરાવે છે કે—

"अधुवे असासंयमि संसारामिदुख्खपउराए ।
"किंनामदुथ्यंतकम्मयं जेणाहं दुग्गइं न गछेध्या

"અધ્રુવ અને અશાશ્વત સંસારમાં અનેક પ્રકારનાં દુઃખ છે. હું એવી શી કરણી કરૂં કે જે કરણીથી કરી દુર્ગતિ પ્રતિ ન જઉં ?"

આધિ, વ્યાધિ, અને ઉપાધિ એ ત્રણ જાતના સંસારના શોકથી મુક્ત થવું તેનું નામ મુક્તિ અને મોક્ષ કહે છે. સંસારના શોકથી મુક્ત થવા માટે શમ, દમ, દયા, શાંતિ, ક્ષમા, ધૃતિ, અપ્રભુત્વ, ગુરૂજનનો વિનય, વિવેક, નિસ્પૃહતા, બ્રહ્મચર્ય, સમ્યક્ત્વ અને જ્ઞાન એનું સેવન કરવું; જ્યારે ક્રોધ, લોભ, માન, માયા, અનુરાગ, અણરાગ, વિષય,

હિંસા, શોક, અજ્ઞાન, મિથ્યાત્વ, એ સઘળાંનો ત્યાગ કરવો; તેમાં જ પરમ સુખ અને પરમાનંદનો નિવાસ છે, જન્મ—મરણની વિડંબનાનો અભાવ છે, શોક અને દુઃખનો ક્ષય છે.

વૈરાગ્ય અને આત્મહિતૈષી વિષયોની સુદૃઢતા થવા માટે બાર ભાવનાનું સંક્ષિપ્ત વર્ણન અત્રે કરવામાં આવે છે.

બાર ભાવના.

भावितव्यमनित्यत्वमशरणत्वं तथैकतान्यत्वे।
अशुचित्वं संसारः कर्माश्रवसंवरविधिश्च॥
निर्जरणलोकविस्तरधर्मस्वाध्यायतत्त्वचिन्ताश्च।
बोधेः सुदुर्लभत्वं भावना द्वादशाविशुद्धाः॥

(૧) અનિત્ય, (૨) અશરણ, (૩) એકત્વ, (૪) અન્યત્વ, (૫) અશુચિત્વ, (૬) સંસાર, (૭) આશ્રવ, (૮) સંવર, (૯) નિર્જરા, (૧૦) લોકવિસ્તાર, (૧૧) ધર્મ સ્વાધ્યાય, (૧૨) બોધ દુર્લભ. એ રીતે બાર સદ્ ભાવનાઓનું નિરંતર મનન કરવું.

(૧) અનિત્ય ભાવના.

આ જગતમાં સધળી અનિશ્ચિત વસ્તુમાં એક વાત નિશ્ચિત છે, અને તે એ છે કે "વસ્તુ માત્રના પર્યાયો ક્ષણે ક્ષણે ફરે છે." જગતની કોઇ પણ વસ્તુ નિત્ય નથી. કોઇ લાંબો કાળ ચાલે, કોઈ ટુંકો સમય રહે, પણ અંતે સર્વે

વસ્તુઓ વિનાશી છે; માટે અનિત્ય છે. **પદાર્થ** માત્ર અનિત્ય છે એટલું જ નહિ પણ સજીવ પ્રાણીઓની ઉપાધિરૂપ શરીર જેને ભૂલથી માણસ 'હું પોતે છું' એમ માનવાને દોરાય છે, તે **શરીર** પણ નાશવંત છે. આત્મા સિવાયની સર્વે વસ્તુઓ અનિત્ય છે, દેવોના આયુષ્ય લાંબા સમયના હોય અને તેમને મળતું સુખ બહુ ગણવામાં આવે, પણ અનંત કાળની અપેક્ષાએ તે પણ અનિત્ય છે. ટુંકામાં સર્વે પુદ્ગલ દશા—અજીવ વિનાશી છે; તેના પર્યાયોમાં ક્ષણે ક્ષણે ફેરફાર થયા જ કરે છે. પ્રાતઃકાળમાં જે માણુસ આપણી નજરે પડયો હતો તે મરણ પામ્યો છે એવી સાયંકાળે આપણને ખબર પડે છે, અથવા જે પુષ્પ સૂર્યના કિરણથી વિકસિત થયેલું સવારમાં દેખાતું તે સાંજરે સંકોચાયલું નજરે પડે છે. શરીરને પણ બાળપણુ, યુવાવસ્થા, વૃદ્ધપણું વગેરે અનુભવાય છે. લક્ષ્મીને ચપળા કહેવામાં આવે છે, એટલે તે એક જગાએ ઠરી બેસતી નથી, પણ સમયે સમયે સ્થાન બદલે છે. આવી રીતે તન, ધન, જોબન, બળ, વિષયસુખ, પ્રિયજનસમાગમ અને સંસારના સર્વ પદાર્થો અસ્થિર અને અનિત્ય છે. માત્ર આત્મા અમર છે, નિત્ય છે, શાશ્વત છે. તેનો કોઇ દિવસ અંત આવવાનો નથી. પણ તે સિવાયના અન્ય પદાર્થો વાયુના આવેગથી ચાલતી ધ્વજાના પટ જેવા અસ્થિર છે, કુંજરના કાન જેવા ચંચળ છે, શરદ્ઋતુની

વાદળીની છાયા જેવા ક્ષણભંગુર છે, અને વિદ્યુતના ચમકારા જેવા ક્ષણવિનશ્વર છે. પણ અજ્ઞાનતાથી માણસો તે વસ્તુઓને નિત્ય સમજી તેના પર રાગ ધરે છે, મમત્વ કરે છે, અને 'આ મારૂં છે' એવો ખોટો ભ્રમ સ્વીકારે છે. પરંતુ તત્ત્વદષ્ટિએ આ સર્વ પદાર્થો અનિત્ય છે; અને પરમાત્મપદને મેળવી આપનારા આત્માનાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, અથવા સદ્, ચિદ્ અને આનંદ એ ગુણો જ નિત્ય છે, કારણકે તે સ્વાભાવિક ગુણો છે; આ રીતે નિત્ય અને અનિત્ય વસ્તુ વચ્ચે વિવેક કરતાં શીખવું અને જેમ બને તેમ અનિત્ય વસ્તુના સંબંધમાં ઉદાસીન ભાવ ધારણ કરવો. વિવેકથી જ ખરો વૈરાગ્ય જાગૃત થાય છે. જે વસ્તુઓ અનિત્ય છે તે પરમાર્થે દૃષ્ટિએથી મારી નથી એ જ ભાવના તે વસ્તુ ઉપર વૈરાગ્ય ઉત્પન્ન કરાવે છે, અને **ज्ञानस्य फलं विरतिः** 'જ્ઞાનનું ફળ એ વિરતિ' એ સૂત્ર ખરૂં પડે છે. અનિત્ય ભાવનાના સંબંધમાં કહ્યું છે કેઃ—

सामित्तणधणजुव्वणरइरूवबलाउइट्ठसंजोगा ।
अइलोला घणपणाहयपायवपक्कपत्तव्वा ॥

પ્રભુત્વ, ધન, જોબન, રતિ, રૂપ, બળ, આયુષ્ય, ઇષ્ટ સંયોગ એ સર્વ વસ્તુ સખત પવનનો ઝપાટો લાગેલાં વૃક્ષનાં પાકાં પાંદડાં જેવી બહુ જ ચંચળ છે. જેમ તે પાકેલાં

પાંદડાંને પવનનો સખત ઝપાટો લાગે તો પડતાં વાર લાગતી નથી, તેમ આ સર્વ અનિત્ય હોવાથી નાશ થતાં વાર લાગતી નથી. આવી રીતે સંસારમાં સર્વ પદાર્થોની અનિત્યતા અનુભવવી અને બને તેટલો રાગ તે ઉપરથી ઉતારવો.

(૨) અશરણ ભાવના.

જગત્માં જીવ અનેક પ્રકારના મનુષ્યોપર આધાર રાખે છે, અને તેમને પોતાના શરણરૂપ માને છે. પણ ખરી રીતે આત્મા સિવાય આત્માનું કોઇ આધારભૂત નથી. આત્મા જ આત્માનો શત્રુ છે, અને આત્મા જ આત્માનો મિત્ર છે. વ્યવહારનયથી માતા, પિતા, સ્વજન, બાંધવ, સ્ત્રી, પુત્ર, ગુરૂ વગેરે આધારરૂપ ગણી શકાય, પણ નિશ્ચયનયથી અથવા ખરી રીતે કોઇ પણ માણસને શરણ આપે તેમ નથી. મરણ સમયે પોતાનું ચારિત્ર, પોતે કરેલાં શુભ અશુભ કર્મો તેની સાથે આવે છે. કોઇ પણ માણસ તેને મરણના ક્રૂર પંજામાંથી બચાવવા સમર્થ થતું નથી. જે વસ્તુઓ અનિત્ય છે તે આત્માની સાથે આવી શકે નહિ, કારણકે આત્મા નિત્ય છે, માટે તેના નિત્ય ગુણો જ તેની સાથે આવે. માટે આત્માના ગુણો જે હાલ અપ્રકટ સ્થિતિમાં છે, તે જેથી પ્રકટ થાય તેવાં સાધનોનો આશ્રય લેવો. બાકીનું બીજું કોઇ શરણ નથી. આવી રીતે અશરણ

ભાવના ભાવવી. આત્મા જ કર્મદળને વિખેરી નાંખવા સમર્થ છે; આત્મા જ પરમાત્મ અવસ્થા પ્રાપ્ત કરવાની શક્તિ ધરાવે છે; ગુરૂ તો માર્ગ બતાવી શકે; તે વાસ્તે ખરેખર તેમનો ઉપકાર માનવો અને તેમના ઉપર અત્યંત ભક્તિ રાખવી ઘટે છે; પણ તે માર્ગ ઉપર આપણે જાતે જ ચાલવાનું છે એવો વિચાર કરી સ્વાશ્રયી થતાં શીખવું. જે મહાન્ પુરૂષો પ્રાપ્ત કરી શકયા તે પદ પ્રાપ્ત થવાનું સામર્થ્ય આપણા આત્મામાં રહેલું છે, એવો વિચાર કરવો અને કાયર થઇ, હાથ જોડી દૈવને માથે દોષ મૂકી આળસમાં–પ્રમાદમાં અ-મૂલ્ય સમય ગુમાવવો નહિ.

(૩) સંસાર ભાવના.

સંસારની ઘટમાળ નિરંતર ફર્યા કરે છે; કાળચક્રના અને કાર્ય કારણના અચળ નિયમ પ્રમાણે સર્વ જીવ પોત-પોતાનાં કર્મનાં ફળરૂપે કોઇ સુખી તો કોઇ દુઃખી, કોઈ રંક તો કોઇ રાજા, કોઇ રૂપવાન્ તો કોઇ કુરૂપવાન્, કોઇ બળ-વાન્ તો કોઇ નિર્બળ, કોઇ વિદ્વાન્ તો કોઇ અભણ, કોઇ ગુણાનુરાગી તો કોઇ ગુણદ્વેષી એવી રીતે અનેક પ્રકારનાં સ્વરૂપ આપણી દૃષ્ટિએ પડે છે. જુદા જુદા આત્માઓ સાથે જીવ જુદા જુદા સંબંધમાં આવે છે, અનંતકાળથી આ જીવ અજ્ઞાન અવસ્થામાં અને જીવન ઉદ્દેશના લક્ષ વિના સંસારમાં

પરિભ્રમણુ કરે છે તેથી સર્વ જીવોના સંબંધમાં જુદા જુદા ભવમાં આવે છે અને તે ભિન્ન ભિન્ન ભવમાં માતા, પિતા, પુત્ર, પુત્રી, સ્ત્રી, નોકર, સ્વજન, શત્રુ, મિત્ર વગેરે અનેક પ્રકારના સંબંધમાં અનેક વાર અનેક જીવોની સાથે જોડાય છે; છતાં કોઇ કોઇનું થયું નથી, કારણકે આ સંબંધ શરીર આશ્રયી છે અને આત્મા તો દેહાતીત છે. માટે **આસક્તિ** વિના-પણ પ્રેમ (મૈત્રી) સહિત આપણા સંબંધમાં આવતા જીવોનું કલ્યાણુ કરવું. માણુસોને સંસારમાં બાંધનાર રાગ, મમત્વ ભાવના છે. આ પુત્ર મારો છે, આ સ્ત્રી મારી છે, એવા વિચારથી તેમના ઉપર જે આસક્તિ થાય તે રાગ, માણુસને તે ઇષ્ટ જનના વિયોગથી અથવા મરણથી દુઃખ ઉત્પન્ન કરે છે, પણુ પુત્ર અથવા સ્ત્રી તે આત્મા છે, અને આત્માનું કલ્યાણુ કરવું તે મારો ધર્મ છે અને બીજા માણુસો કરતાં મારા સંબંધમાં આવેલા માણુસોનું કલ્યાણુ હું વધારે કરી શકું **એવા વિચારથી** તેમના ઉપર **પ્રેમ** રાખવો તે ઉત્તમ છે, અને તે પ્રેમ દરેક મહાન્ આત્માનો **સ્વાભાવિક** ધર્મ છે. પોતે નિસ્પૃહ ભાવથી ટ્રસ્ટી તરીકે વર્તવું. સંસાર દુઃખમય છે, અને જન્મમરણુના ચક્રમાં ફરતાં ખરી રીતે સુખ જરા માત્ર નથી. જેમ ભમરો વાડીમાં એક ફુલનો ત્યાગ કરી બીજા ફુલે બેસે છે, ત્યાંથી ત્રીજા ફુલ ઉપર

બેસે છે; એમ જીવ અનેક ગતિમાં અથડાય, પણ સુખ મેળવી શકતો નથી; કારણકે ખરૂં સુખ તો આત્મામાં રહેલુ છે. પણ જેમ કસ્તુરીઓ મૃગ પોતાની નાભીમાંથી નીકળતા કસ્તુરીના વાસથી લોભાઇ કસ્તુરી મેળવવાને સકળ જંગલમાં ભમે છે તેમ સુખ આત્મસ્વભાવમાં રહેલું છે, જ્યાં તે બાબતના જ્ઞાનના અભાવે અજ્ઞાની જીવ બાહ્ય વસ્તુમાં સુખ શોધે છે. સંસારમાં બીલકુલ સુખ નથી એમ આ કથનનો આશય નથી, પણ તે સુખ ઇન્દ્રજાળ જેવું છે, અને તે મળ્યા પછી પણ ખરી તૃપ્તિ નથી, માટે ચિરકાળ ટકે એવું સુખ પ્રાપ્ત કરવા ઇચ્છનારા મનુષ્યના પ્રયાસને અનુચિત છે, આવી રીતે સંસારનું સ્વરૂપ વિચારવું અને તે દુઃખગર્ભિત દેખી વૈરાગ્યવાન્ થવું અને આત્મસ્વભાવમાં રહેલું અનંત અમર સુખ મેળવવા પ્રયત્ન કરવો એ જ આ કથનનો આશય છે.

(૪) એકત્વ ભાવના.

આ સંસારને વિષે જીવ એકલો જ ઉત્પન્ન થાય છે, અને એકલો જ મરે છે, એકલો જ કર્મનો કર્તા છે, અને એકલો જ તે કર્મનો ભોકતા છે, પરમાર્થ દૃષ્ટિએ વિચારીએ તો સ્વધર્મ સિવાય અન્ય કોઈ પણ સ્વજન તેને સહાયકારી થઇ શકે નહિ. માટે કોઇ પણ કાર્યનો આરંભ કરતાં પહેલાં તે કાર્યનું શું પરિણામ આવશે એમ વિચારી તે કાર્યમાં જીવે પ્રવર્તન

કરવું, કારણકે તે કાર્યનું ફળ પણ પોતાને એકલાને ભોગવવું પડશે. દરેક કાર્ય, વિચાર અને વાસનાને વાસ્તે પોતે જ જવાબદાર છે; માટે દરેક જીવે પવિત્ર અને સુંદર **વિચારો** વિચારવા, પવિત્ર અને સુંદર **વચનો** બોલવાં, અને પવિત્ર અને સુંદર **કાર્યો** કરવાં; કારણકે તે સર્વનું સુંદર ફળ પણ પોતાને જ મળે છે. આત્મા પોતે એક છે, અને તે સિવાયની સર્વ વસ્તુઓ ભિન્ન છે, અને તેને ને આત્માને ખરી રીતે કાંઈ સંબંધ નથી.

एकः परभवे याति जायते चैक एव हि ॥
ममतोद्रेकतः सर्वं संबन्ध कल्पयत्यथ ॥ १ ॥
व्याप्नोति महतीं भूमिं वटबीजाद्यथा वटः ॥
तथैकममताबीजात्प्रपञ्चस्यापि कल्पना ॥ २ ॥
माता पिता मे भ्राता मे भगिनी वल्लभा च मे ॥
पुत्राः सुता मे मित्राणि ज्ञातयः संस्तुताश्च मे ॥ ३ ॥
इत्येवं ममताव्याधिर्वर्धमानं प्रतिक्षणम् ॥
जनः शक्नोति नोच्छेत्तुं विना ज्ञानमहौषधम् ॥ ४ ॥

જીવ એકલો પરભવમાં જાય છે, અને અહીંયાં એકલો ઉત્પન્ન થાય છે, પણ મમતાના પ્રધાનપણાથી સર્વ સંબંધની જીવ કલ્પના કરે છે. વડના બીજને લીધે વડનું ઝાડ બહુ જ વિસ્તારવાળી જમીનમાં પથરાય છે, તેમ એક મમતારૂપ

બીજ થકી આ સંસારના સંબંધની કલ્પના ઉદ્‌ભવે છે. મારી માતા, મારો પિતા, મારો ભાઇ, મારી બ્હેન, મારી પત્ની, મારા પુત્રો, મારી પુત્રીઓ, મારાં જ્ઞાતિજનો, મારા પરિચયવાળા; આ રીતે ક્ષણે ક્ષણે વધતી જતી મમતારૂપ વ્યાધિનો ઉચ્છેદ કરવા **સમ્યગ્ જ્ઞાન** અથવા સદ્ અને અસદ્ કે નિત્ય અને અનિત્ય વસ્તુ વચ્ચેનો **વિવેક** જ આ મમતાનો નાશ કરે છે. **હું અને મારૂં** એ જ માણસની જ્ઞાનચક્ષુને અંધ કરનાર મોહરાજાનો મંત્ર છે; અને જે કાંઇ દેખાય છે તે, હું અને મારૂં નથી એ મંત્ર મોહરાજાને જીતનાર છે.

નિજરૂપા નિજ વસ્તુ છે, પરરૂપા પરવસ્ત;
જેણે જાણ્યો પેચ એ, તેણે જાણ્યું સમસ્ત!

મારો આત્મા તે જ હું, અને તે સિવાયની સર્વ વસ્તુઓ પર છે, એવું જેણે સમ્યગ્ પ્રકારે જાણ્યું, અનુભવ્યું તેણે આ જગતમાં સર્વ બાબત જાણી; કારણકે જે વસ્તુ ખરી રીતે પોતાની નથી તેને પોતાની માનવી એ અજ્ઞાનતા છે, અને તે અજ્ઞાનતાથી, એટલે શરીર, ધન, ગૃહ, અને સ્વજનોની ઉપાધિને પોતાની માનવાથી, માણસ સંસારમાં રખડે છે; માટે આત્મજ્ઞાન મેળવવું.

(૫) અન્યત્વ ભાવના.

આત્મા સિવાયની તમામ વસ્તુઓ સાથે આત્માનો

નિશ્ચયનયની અપેક્ષાએ કાંઇ પણ સંબંધ નથી. ઘણા કાળ સુધી અન્નપાનાદિકથી લાલનપાલન કરેલો દેહ તે જ પોતાનો નથી, તો પછી દેહથી બહાર રહેલાં ધન, સુવર્ણ, ઘર, મહેલ વગેરે પોતાનાં શી રીતે થઇ શકે? તે સર્વ આત્માનાં નથી, પણ આત્મા તેને સ્વરૂપના અજ્ઞાનથી પોતાનાં ગણે છે. આ મારૂં ઘર, આ મારૂં ધન, આ મારાં સ્વજન એમ તે માને છે; પણ તે સર્વ આત્મદ્રવ્યથી ન્યારાં છે, કારણકે સર્વ પદાર્થો અને ચેતનવાળા પ્રાણીઓની ઉપાધિઓ-શરીરો પુદ્દગલનાં જુદાં જુદા રૂપાંતરો છે. પુદ્દગલ તે અજીવ છે. માટે ખરી રીતે જીવ પુદ્દગલથી જૂદો છે; એવી ભાવનાને '**અન્યત્વ ભાવના**' કહે છે.

* * * *

"મારૂં મારૂં શું કરે, તારૂં નથી તલભાર;
"કુદરતની લીલા બધી વાદળ રંગ જણાય."

* * *

"નકી ઘરબાર, સુંદર નાર, છોડીને જવું જોઇએ;
"પ્રિયે સંતાન ખજાના માલ, સાથે નહિ આવે કોઇએ."

* * *

"આવ્યો બાંધી મુઠીએ, જાવું ખાલી હાથ;
"સુકૃતિ કાંઇ કરી નહિ, પસ્તાવો સંગાથ."

* * *

બાહિર્ યુદ્ધનું શું પ્રયોજન છે? જ્ઞાનરૂપ આત્માવડે ક્રોધાદિક આત્માને જીતનાર સ્તુતિપાત્ર છે. પાંચે ઇંદ્રિયોને, ક્રોધને, માનને, માયાને, તેમ જ લોભને જીતવાં દોહ્યલાં છે. જેણે મનયોગાદિક જીત્યું તેણે સર્વ જીત્યું.

*　　　*　　　*　　　*

મહીને મહીને જો દસ લાખ ગાયોનાં દાન આપે, તો પણ તે દસ લાખ ગાયનાં દાન કરતાં સંયમ ગ્રહણ કરી સંયમને આરાધે છે તે, તે કરતાં વિશેષ મંગલ પ્રાપ્ત કરે છે.

*　　　*　　　*

બાળ અવિવેકી ગમે તેવાં ઉગ્ર તપ કરે પરન્તુ સમ્યક્ શ્રુત ધર્મ તથા ચારિત્ર ધર્મની તુલ્ય ન થાય. એકાદ કળા તે સોળ કળા જેવી કેમ ગણાય? મેરૂ પર્વત જેવા કદાચિત્ સોના રૂપાના અસંખ્યાતા પર્વત હોય તોપણ લોભી મનુષ્યની તૃષ્ણા છીપતી નથી, કિંચિત્ માત્ર તે સંતોષ પામતો નથી. તૃષ્ણા આકાશના જેવી અનંત છે. ધન, સુવર્ણ, ચતુષ્પાદ ઇત્યાદિક સકળ લોક ભરાય એટલું લોભી મનુષ્યની તૃષ્ણા ટાળવા સમર્થ નથી. લોભની એવી કનિષ્ટતા છે; માટે સંતોષ નિવૃત્તિરૂપ તપને વિવેકી પુરૂષો આચરે છે.

*　　　*　　　*　　　*

કામભોગ છે તે શલ્ય સરખા છે, કામભોગ છે તે વિષ

સરખા છે, કામભોગ છે તે સર્પની તુલ્ય છે, જેની વાંચ્છનાથી જીવ નરકાદિક અધોગતિને વિષે જાય છે; તેમ જ ક્રોધે કરીને અને માને કરીને માઠી ગતિ પામે છે; માયાએ કરીને સદ્-ગતિનો વિનાશ થાય છે; લોભ થકી આ તથા પરલોકનો ભય પેદા થાય છે.

(૬) અશુચિ ભાવના.

આ શરીર આત્માને કાર્ય કરવાનું સાધન છે; પણ આપણે શરીરને જ સર્વસ્વ માનીએ છીએ. ઘણા જડવાદીઓ તો શરીર એ જ આત્મા એમ કહે છે; પણ તેમાં તેમની મોટી ભૂલ છે; શરીર એ તો આત્માનું વસ્ત્ર છે, અને તે વસ્ત્ર ઉપર બહુ રાગ રાખવો નહિ; કારણકે આ ઔદારિક દેહ તે બહુ જ અશુચિમય (અપવિત્ર) છે; કેમકે તે રસ, રૂધિર, માંસ, મેદ, હાડકાં, વીર્ય, મજ્જા, શ્લેષ્મ, મળ મૂત્રાદિકથી ભરેલો, ચામડાથી મઢેલો, નસોની જાળાઓથી વીંટાયેલો, નિરંતર કૃમિ, રોગ અને ગુમડાથી વ્યાપી રહેલો છે. ફુલની માળા, બરાસ, ચંદન, કસ્તુરી વગેરે સુગંધી દ્રવ્ય શરીરપર લગાડવામાં આવ્યાં હોય તો તેને પણ મલિન કરવાને આ દેહ સમર્થ છે; માટે તે ઉપર અત્યંત રાગ ન ધરવો એમ આ અશુચિ ભાવના જણાવે છે. આટલા બધા અવગુણ છતાં તે જ્ઞાન પ્રાપ્ત કરવાનું, ધાર્મિક ક્રિયાઓ કરવાનું, અને

આ જગતના વ્યવહારનું દરેક કાર્ય કરવામાં તે ઉત્તમ સાધન છે; માટે તેને બરાબર **કેળવવું.** કેળવાયેલું હથિયાર સુતારને બહુ ઉપયોગી થાય છે, તેમ કસરતથી કેળવાયલું, અને બ્રહ્મચર્યથી મજબૂત બનેલું શરીર બહુ જ ઉપયોગી થાય છે; માટે શરીરનું અત્યંત લાલનપાલન પણ ન કરવું, તેમ તેના ઉપર દ્વેષ કરી તેનો અનાદર પણ ન કરવો. તે આપણો નોકર છે એમ માનવું. નોકરને વશ રાખીએ છીએ, મારી નાંખતા નથી; તે જ રીતે શરીરને વશ રાખવું, પણ તદ્દન દરકાર ન કરી, તેનો નાશ કરવો ઘટતો નથી. પણ તેને ઉચિત કાળજીથી અને કુદરતના કાયદા મુજબ વર્તીને તન્દુરસ્ત રાખવું તથા આત્માના ઉદ્ધાર માટે જે કાંઈ કામ તેની પાસે કરાવવું જરૂરનું જણાય તે કરવાને તે શરીર જરા પણ આનાકાની ન કરે એમ સંભાળવું.

(૭) આશ્રવ ભાવના.

જીવ ક્ષણે ક્ષણે શુભ અથવા અશુભ કર્મ બાંધે છે. તે કર્મનો બંધ થવાનાં કારણો મિથ્યાત્વ, અવિરતિ, કષાય, પ્રમાદ અને યોગ છે. જેના હૃદયમાં મૈત્રી, કારૂણ્ય, પ્રમોદ અને માધ્યસ્થ ભાવના વસેલી છે તેઓ શુભ કર્મ બાંધે છે; પણ જેમનાં મન આર્ત તથા રૌદ્ર ધ્યાન, અને વિષય કષાયથી રંગાયેલાં છે તેઓ અશુભ કર્મ બાંધે છે. પુણ્ય અને

પાપ શી રીતે બંધાય છે અને કેવી રીતે ભોગવાય છે, તેનું સવિસ્તર સ્વરૂપ નવ તત્ત્વથી ગ્રહણ કરવું. જેથી કર્મબંધ થાય તેવી સરાગ વૃત્તિને આશ્રવ કહેવામાં આવે છે; જેમાં કર્મનાં ફળ ઉપર મમતા રહેલી છે તેવાં કાર્યથી નવાં કર્મ ગ્રહણ કરાય છે; માટે આશ્રવનો ત્યાગ કરવા નિષ્કામવૃત્તિથી કાર્ય કરવાં.

(૮) સંવર ભાવના.

આશ્રવને રોકવું તે સંવર. જેથી નવાં કર્મ બંધાય તેવાં કાર્યોનો રોધ કરવો તેને સંવર કહે છે. સમ્યગ્ જ્ઞાનથી મિથ્યાત્વનો નાશ કરવો, વિરતિથી અવિરતિનો રોધ કરવો; ક્ષમાથી ક્રોધને, નમ્રતાથી માનને, સરલતાથી માયાને, અને સંતોષથી લોભને, આ રીતે કષાયોને જીતવા અને મન, વચન અને કાયાના શુભ યોગોથી અશુભ યોગ ઉપર જય મેળવવો, તે સંવર કહેવાય. તે સંવર સર્વ થકી અને દેશ થકી હોય છે. સર્વ પ્રકારે સંયમ તો ચાૈદમા ગુણસ્થાનમાં બિરાજતા અયોગી કેવળીને હોય, અને દેશથકી સંવર એક બે ત્રણ પ્રકારના આશ્રવના રોકનારને પણ સંભવી શકે. વળી સંવરના બે ભેદ છે. દ્રવ્ય સંવર અને ભાવ સંવર. આશ્રવને લીધે જે પુદ્ગલો જીવને લાગતાં હોય તે ન લાગવા દેવાં, અથવા તેમનો છેદ કરવો તે દ્રવ્ય સંવર કહેવાય, અને

ભવના કારણરૂપ આત્માની અશુદ્ધ પરિણતિ, તેને ટાળી સ્વસ્વભાવમાં રમણ કરવું, તે ભાવ સંવર કહેવાય.

(૯) નિર્જરા ભાવના.

સંવર અને નિર્જરામાં આ એક મુખ્ય ભેદ છે; બંધાતાં નવાં કર્મને રોકવાં તે સંવર, અને પૂર્વે બાંધેલાં કર્મદળને તપ વગેરેથી વિખેરી નાંખવાં તે નિર્જરા. નિર્જરાના બે પ્રકાર છે, એક સકામ નિર્જરા, અને બીજી અકામ નિર્જરા. તપના જે બાર પ્રકાર કહ્યા છે, તે બાર રીતે સકામ નિર્જરા થાય છે. જે લોકોએ વિરતિ ગ્રહણ કરી છે, તેઓ જ આ રીતે કર્મની નિર્જરા કરવા તત્પર થાય છે, અને અકામ નિર્જરા તો વિરતિ ભાવ વિના નિષ્કારણ ટાઢ, તડકો, ક્ષુધા વગેરે સહન કરવાથી થાય છે. માટે કષાયની મંદતા કરી તપ કરવો તે જ લાભકારી છે; બાકી ઇચ્છાના રોધરૂપ સત્ય તપ વિના ઝાઝો લાભ થતો નથી. એવી રીતે નિર્જરાનું સ્વરૂપ વિચારવું, અને યથાશક્તિ બાહ્ય તથા આભ્યંતર તપ કરવો.

(૧૦) લોક સ્વભાવ.

પોતાના બે હાથ પોતાની કેડ ઉપર મૂક્યા હોય, અને પોતાના બે પગ વાંકા પસાર્યા હોય, તેવા માણસને તમારી નજર આગળ કલ્પો, અને તમને ચૌદ રાજલોકનું કેવું સ્વરૂપ

હશે તેની ઝાંખી થશે. તે લોકને વિષે ધર્માસ્તિકાય, **અધ**ર્માસ્તિકાય, **આ**કાશાસ્તિકાય, **પુ**દ્ગલાસ્તિકાય, **કા**ળ અને **જી**વરૂપ ષડ્ દ્રવ્ય આવી રહેલાં છે. જેમ માછલાંને હાલવા ચાલવાની ગતિમાં જળ સહાય કરે છે, તેમ ચાલવાને તત્પર થયેલ માણસને ચાલવાના કામમાં સહાય કરનાર તત્ત્વ '**ધ**ર્માસ્તિકાય' કહેવાય છે. માણસને સ્થિર બેસવામાં, અને દરેક વસ્તુને સ્થિરતા આપવામાં સહાય કરનાર તત્ત્વ '**અ**ધર્માસ્તિકાય' કહેવાય છે. અવકાશ આપવો તે '**આ**કાશાસ્તિકાય' નો સ્વભાવ છે. આપણે દુધથી ભરેલા લોટામાં નવટાંક યા પાશેર ખાંડ નાંખીએ છીએ, છતાં લોટામાંથી દુધ બહાર નીકળી જતું નથી, કારણકે દુધના પરમાણુઓની વચ્ચે વચ્ચે જગ્યા રહેલી છે, અને આ જગ્યામાં આકાશ રહેલું છે. ચેતના લક્ષણવાળો, કર્મનો ભોક્તા 'જીવ' કહેવાય છે. પૃથ્વી, વાદળાં, પર્વત સઘળાં જેનાં પરિણામ રૂપે છે તે દ્રવ્ય '**પુ**દ્ગલાસ્તિકાય' કહેવાય છે; તેનો સ્વભાવ ભરાઈ જવાનો અને ઠલવાઇ જવાનો છે. દરેક વસ્તુને ક્ષણે ક્ષણે બદલનાર નવીનને જૂનું કરનાર અને સમયથી મપાનાર '**કા**ળ' કહેવાય છે. આવી રીતે છ દ્રવ્ય જેમાં રહેલાં છે, તે ઉર્ધ્વ, અધસ્ અને મધ્ય તીર્છા લોક રૂપ ત્રણ લોકનું સ્વરૂપ વિચારવું તે '**લોક-સ્વભાવ**' ભાવના જાણવી.

(૧૧) બોધિ દુર્લભ.

ઘણાં ઘણાં જન્મો કર્યા પછી આપણે આવી ઉત્તમ સ્થિતિ પ્રાપ્ત કરી છે. મનુષ્યભવ પ્રાપ્ત થાય, પાંચે ઇંદ્રિયો સંપૂર્ણ હોય, ધર્મ શ્રવણ કરવાની ઇચ્છા હોય, સાંભળવાનો લાગ હોય, વગેરે સર્વ સામગ્રીઓ હોય તોપણ ઉત્કૃષ્ટ - શુદ્ધતાને બતાવનારી, કર્મરૂપ મેલને દૂર કરનારી, અને સર્વજ્ઞ ભગવાને પ્રરૂપેલી સદ્‌વાણીમાં શ્રદ્ધા થવી તે પ્રાયઃ દુર્લભ છે. સદ્‌ને સદ્‌ તરીકે ઓળખવું, અને અસદ્‌ને અસદ્‌ તરીકે જાણવું એ કામ સહેલું નથી. ગુરૂકૃપાથી અને મહાપુણ્યના ઉદયથી તે થઇ શકે છે, કારણકે એક વાર પણ માણસને સદ્‌ અસદ્‌નું વિવેકપૂર્વક ખરૂં જ્ઞાન થાય તો ફરીથી તેનો તે માણસ રહે નહિ; તેના આચાર વિચાર તદ્દન બદલાઇ જાય. સંસાર વ્યવહારમાં ભલેને તે ફરીને ગુંથાય, પણ કાંઇ ઓર પ્રકારની ઉદાસીનતા તેના કાર્યમાં જણાશે.

(૧૨) ધર્મ ભાવના.

આ સંસારમાં રઝળતા, અને અજ્ઞાનથી ભવભ્રમણ કરતા પ્રાણીઓને દયાદૃષ્ટિથી તારવાની બુદ્ધિથી સદ્‌જ્ઞાન શિખવનાર સર્વજ્ઞ છે એમ વિચારવું. કેવળ જ્ઞાનથી તેમણે સર્વ સ્વરૂપ જોયું, અને પરોપકાર બુદ્ધિથી તે જ્ઞાન જગત્‌ના હિત અર્થે લોકોને ઉપદેશ્યું, તે મહા કૃપાળુ તીર્થંકર મહારાજ

છે; અને તેઓએ નિઃસ્વાર્થ બુદ્ધિથી, અને કેવળ જ્ઞાનથી ઉપદેશ કરેલો છે, માટે તે સત્ય હોવો જોઇએ. તેમની વાણી અતિ ઉત્તમ અને શ્રોતાને લાભકારી છે. રોહણીયા ચોરના કાનમાં વગર ઇચ્છાએ તે વાણીનો એક શબ્દ પડવાથી પણ તેને અત્યંત લાભ થયો તો પછી તેનું શ્રવણ કરી તે પ્રમાણે વર્તનારને કેટલો બધો લાભ થાય તે વિચારવું. સર્વજ્ઞ ભગવાને દશવિધ યતિ ધર્મ અને બાર વ્રત રૂપ શ્રાવક ધર્મનો ઉપદેશ કર્યો છે માટે શ્રાવકે બાર વ્રત પાળવાં, અને સાધુએ દશવિધ ધર્મ પાળવો. આ રીતે ધર્મ અને **ધર્મનો ઉપદેશ કરનાર** સર્વજ્ઞનો વિચાર કરવો તે બારમી 'ધર્મ ભાવના.'

* * * *

" એકેક ભાવના જ્યારે બેડો પાર કરાવવા સમર્થ છે, ત્યારે બારે ભાવના ભાવવાવાળાના મોક્ષમાં શું સંશય હોય ? "

(૪) આર્ત અને રૌદ્ર ધ્યાનનો ત્યાગ કરી ધર્મ અને શુકલ ધ્યાન ધ્યાવું.

'ધ્યાન' એ શબ્દ " ધ્યૈ " ધાતુ ઉપરથી થએલ છે. " ધ્યૈ " એટલે અંતઃકરણમાં વિચાર કરવો. ધ્યાનનું ઉપયોગી-

પણું આજ કાલ થોડા જ લોકો જાણે છે; અંતઃકરણને શુદ્ધ અને મજબૂત કરવાને માટે " **ધ્યાન** " એ રામબાણ ઇલાજ છે.

से किंतं झाणे, झाणे चउविहे पन्नंते तंजहा।
अट्टे झाणे, रुद्दे झाणे, धम्मे झाणे, सुक्के झाणे.(श्रीउववाइसूत्र)

"ધ્યાનના ચાર ભેદ શ્રી ભગવંતે ફરમાવ્યા છે; આર્ત ધ્યાન, રૂદ્ર ધ્યાન, ધર્મ ધ્યાન, અને શુકલ ધ્યાન."

અંતઃકરણમાં બે પ્રકારના વિચાર ઉત્પન્ન થાય છે. શુભ અને અશુભ. શુભ વિચાર તે શુભ ધ્યાન અને અશુભ વિચાર તે અશુભ ધ્યાન. અશુભ ધ્યાનના બે ભેદઃ " આર્ત " અને " રૌદ્ર" તથા શુભ ધ્યાનના બે ભેદઃ "ધર્મ ધ્યાન " અને " શુકલ ધ્યાન."

આર્ત ધ્યાન.

આર્ત=માઠું (ખરાબ). ધ્યાન=વિચાર.

આ જગત્ માંહેલા જીવોને શુભાશુભ કર્મોના સંયોગથી સારૂં અને વિયોગથી અનિષ્ટ, અનિષ્ટનો સંયોગ અને પ્રિયનો વિયોગ, એવી પરંપરા અનાદિ કાળથી ચાલી આવે છે. એનાથી અંતઃકરણમાં અનેક જાતના સંકલ્પ વિકલ્પ થાય છે તેને " આર્ત ધ્યાન " કહે છે. એવા આર્ત ધ્યાનના પુનઃ ચાર પ્રકાર છે. અનિષ્ટસંયોગ, ઈષ્ટસંયોગ, રોગોદય અને ભોગેચ્છા.

અનિષ્ટસંયોગ—માણુસને પોતાના અંતઃકરણુમાં વિચાર થાય કે મારા શરીરનો, કુટુંબનો, ધનનો, ધાન્યનો, જનાવરનો, જંગમ-સ્થાવર મિલકતનો, કોઈ નાશ કરતો હોય એમ કલ્પના થતાં ચિંતવે કે એ નાશ કરનારનો જ નાશ થાય તો સારૂં. ઇત્યાદિને **અનિષ્ટસંયોગ** નામક આર્ત ધ્યાનનો પહેલો ભેદ કહે છે.

ઈષ્ટસંયોગ—માણુસને પોતાના અંતઃકરણુમાં વિચાર થાય છે કે હું રાજા થઉં, પ્રધાન થઉં, શેઠ થઉં, શાહુકાર થઉં, અમુક જાતની સ્ત્રીઓ સાથે કામભોગ ભોગવી મારી ઇચ્છાઓ તૃપ્ત કરૂં તથા વિચાર થાય કે આવું સુંદર શરીર, વહાલું કુટુંબ, સહાયક મિત્રોનો વિયોગ થશે, એમ ચિંતવી મૂર્છા ખાય, વિલાપ કરે, તથા ઘરસંપત્ બળી જાય, ડુબી જાય, કોઇ હરણુ કરી જાય, લગ્ન પ્રસંગના કારણુથી ગજા ઉપરાંત ખર્ચ કરી દરિદ્રી બની પશ્ચાત્તાપ કરે કે હાય!! હાય!! હવે હું શું કરીશ? વગેરે વિચારોને **ઇષ્ટસંયોગ** નામક આર્તધ્યાનનો બીજો ભેદ કહે છે.

રોગોદય—કોઈ પણુ જાતનો રોગ ઉત્પન્ન થતાં માણુસને પોતાના અંતઃકરણુમાં વિચાર થાય કે જલદી એનો નાશ થાય તો સારૂં. સર્વે જીવો પોતાને આરોગ્ય અને અખંડ સુખ ઇચ્છે છે પણુ ગત ભવે કરેલાં કર્મોના ઉદયથી

શરીરમાં અનેક જાતની પીડા-દુઃખ ઉત્પન્ન થાય છે તથા અનેક જાતના રોગો જેવા કે કોઢ, ભગંદર, અતિસાર, શ્વાસ, તાપ, કંઠમાળ, ક્ષય આદિ ઉત્પન્ન થતાં જીવ વિચાર કરે છે કે હરકોઈ ઉપાયે આવા દર્દથી મુક્ત થઉં તો સારૂં; આવા ચિંતવન અને ઔષધોમાં અનંતકાય એકેંદ્રિયથી તે પંચેંદ્રિય સુધીના જીવોની હિંસા થઇ જાય છે અને કર્મો બંધાઈ જાય છે. આવી સ્થિતિ પ્રાપ્ત થતાં શ્રમણ ભગવંત શ્રી મહાવીર દેવે શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં ફરમાવેલી નીચેની ગાથા વારંવાર યાદ કરી આર્તધ્યાનના પરિણામે બંધાતા અઘોર કર્મોથી મુક્ત રહેવું: „ **कड्डाण कम्माण मोक्ख अत्थी** " અર્થાત્ કર્યાં કર્મ ભોગવ્યા વિના છૂટકો નથી. વળી કહ્યું છે કે:—

कृतकर्मक्षयो नास्ति, कल्प कोटी शतैरपि ।
अवश्यमेव भोक्तव्यं, कृतं कर्म शुभाशुभम् ॥

અર્થાત્—"ચાર અબજ અને બત્રીશ કરોડ વર્ષોનો એક કલ્પ કહેવાય છે. એવા કરોડો કલ્પમાંએ કરેલાં કર્મનાં ફળ ભોગવ્યા વિના છૂટકો નથી. આપણા શરીરમાં સાડા ત્રણ કરોડ રોમ છે, એકેક રોમમાં પોણા બે પોણા બે રોગનો નિવાસ છે, તો વિચારવું કે આ શરીર માત્ર રોગો-નું જ ઘર છે. જ્યારે સાતાવેદનીય કર્મનો ઉદય થાય ત્યારે

એક પછી એક રોગ પ્રકટ થતા જાય છે અને પાપોદય થાય છે. ગત ચીજનો શોક કરી રોવું, મરણ પાછળ રોવું, કુટવું, આક્રંદ, વિલાપ કરવા વગેરેને "**રોગોદય**" નામક આર્તધ્યાનનો ત્રીજો ભેદ કહે છે.

ભોગેચ્છા—પાંચ ઇંદ્રિયના કામભોગની ઇચ્છા થતાં તે ઇચ્છામાં સદા તત્પર રહે તેને ભોગેચ્છા કહે છે. પાંચે ઇંદ્રિયોના જૂદા જૂદા ભોગ આગળ કહેવાઈ ગયા છે, જે પ્રાપ્ત થતાં માણસને અંતઃકરણમાં વિચાર થાય કે હું બહુ ભાગ્યશાળી છું, મને મનવાંછિત મળે છે, એવા વિચારોમાં ખુશી થવું તેને "**ભોગેચ્છા**" નામક આર્તધ્યાનનો ચોથો ભેદ કહે છે.

આર્તધ્યાનનાં લક્ષણ-શ્રી ઉવવાઇ સૂત્રમાં આર્તધ્યાનનાં ૪ લક્ષણ કહ્યાં છેઃ-**कंदणया, सोयणया, तिप्पणया,** અને **विलवणया.**

કંદણયા એટલે આક્રંદ, રૂદન કરે, હાય હાય મારા સ્નેહીનો વિયોગ થયો, એની પ્રાપ્તિ હવે કેમ થશે? હા દેવ! હા પ્રભુ! વગેરે રૂદન, બુમ પાડી ભયંકર શબ્દોથી કરે તે. **સોયણયા** એટલે અફસોસ, ચિંતા કરે, કપાળે હાથ દે, નીચું મોઢું કરી મૌન બેસી પૃથ્વી ખણે, તરખલાં તોડે, મૂર્છિત થાય વગેરે. **તિપ્પણયા** એટલે આંખોમાં

આંસુ લાવી રૂએ, ગઈ ચીજનો શોક કરી રૂએ, ઉંડા નિઃશ્વાસ નાંખે વગેરે. **વિલવણ્યા** એટલે વિલાપ કરે, અંગ પછાડે, છાતી, માથું કુટે, હાય વોયના શબ્દો બોલે, ગજબ થયો, જુલમ થયો, મોટો અનર્થ થયો એવા ભયંકર શબ્દો બોલે, વગેરે.

રૌદ્ર ધ્યાન.

રૌદ્ર=ભયંકર, ધ્યાન=વિચાર. ભયંકર વિચાર થય તે રૌદ્ર ધ્યાન. દારૂ પીધેલો માણસ દારૂના નશામાં ચકચૂર બની ક્રૂર કર્મોમાં આનંદ માની જેમ કાંઈ સારાસાર સમજતો નથી તેમ અનાદિ કાળથી વળગેલાં કર્મરૂપી દારૂના નશાથી કુકર્મોમાં માણસ આનંદ માને છે. આવી રીતે આનંદથી કરવામાં આવેલાં કુકર્મોને **રૌદ્ર ધ્યાન** કહે છે.

" रोद्दे झाणे चउविह पन्नंते तंजहा, हिंसाणुबंधी, मोसाणुबंधी, तेणाणुबंधी, सारक्खाणाणुबंधी. "

અર્થ—રૌદ્ર ધ્યાનના ચાર પ્રકાર ભગવંતે ફરમાવ્યા છે. હિંસાનુબંધ, મૃષાનુબંધ, તસ્કરાનુબંધ, અને સંરક્ષણાનુબંધ.

હિંસાનુબંધ–છેદન, ભેદન, તાડન, તાપન કરવું, બંધ બાંધવા, માર મારવો, દમન કરવું, કુરૂપ કરવું, ઈત્યાદિ કર્મોમાં જેનો પ્રેમ છે; અને આવાં કર્મ દેખી જેને દયા નથી આવતી તેને **હિંસાનુબંધ** રૌદ્ર ધ્યાન કહે છે.

" દુ:ખ કોઇને પ્રિય નથી." અહોનિશ સુખની ઇચ્છાવાળા બિચારા કેટલાક જીવો પોતાના કર્માનુસાર, પરાધીનપણું, નિરાધારપણું, સમર્થપણું, દીન દુ:ખી દશા પામ્યા છે, એવા કોઇ પણ જીવને વિના કારણે દુ:ખ દેવું, દુ:ખથી પીડાય ત્યારે આનંદિત થવું, આપણે હાથે અથવા બીજાને હાથે જીવના ટુકડા થતા હોય, લોહી નીકળતું હોય, બંધનમાં હોય, રસી, સાંકળ આદિથી બાંધેલ હોય, પિંજરામાં બંધ થએલ હોય, કાન, નાક, આંખ, પુંછડું, શીંગડું, હાથ, પગ, અને શરીરનો કોઇ પણ અવયવ કપાતાં દુ:ખી થતાં હોય, વિલાપ કરતાં હોય એવા જીવોનું દુ:ખ દેખી " બહુ સારૂં થયું, એને મારવો કાપવો જ જોઇએ. બંધનમાં નાંખવો જ જોઇએ, ફાંસી, સૂળી દેવી જ જોઇએ, બહુ જુલમી હતો, મરી ગયો તો પાપ ગયું, પૃથ્વીનો ભાર ઓછો થયો " વગેરે શબ્દો બોલી આનંદ માનવો તેને હિંસાનુબંધ રૌદ્ર ધ્યાન કહે છે. આપણાથી ગુણવાન્, રૂપવાન્, શ્રીમંત, પ્રતાપી, સારા કુટુંબવાળો, સારી આવકવાળો, ઉદાર, દાનેશ્રી, તપેશ્રી ઇત્યાદિની નિંદા કરવી, ભુંડું ઇચ્છવું, ઇર્ષા (અદેખાઇ) કરવી, કોઇના લાભમાં હરકત કરવી, તથા છરી, ચપ્પુ, તલવાર, ઇત્યાદિ શસ્ત્રોથી કોઇને મારવાના વિચાર કરવા, તેને પણ હિંસાનુબંધ રૌદ્ર ધ્યાન કહે છે.

પડસુંદીનો રવો, વિદેશી ખાંડ, હાથીદાંતની ચુડલીઓ, કચકડાંની વસ્તુઓ, પીંછાવાળી ટોપીઓ, ચામડાનાં પુંઠાં, અંગ્રેજી દવાઓ, કોડલીવર ઑઇલિ વગેરે, વિલાયતી સાબુ, મીણુબતી, રેશમી કાપડ, ખરાબ કેસર, ચરબીનું ઘી વગેરે હિંસાથી બનતી વસ્તુઓનો આનંદપૂર્વક ઉપયોગ કરવો, યા ઉપયોગ કરાવવો એ પણ હિંસાનુબંધ રૌદ્ર ધ્યાન કહેવાય છે. આ સઘળી વસ્તુઓમાં કેટલી હિંસા થાય છે તે કોણ નથી જાણતું ?

મૃષાનુબંધ—માણુસ પોતાના અંતઃકરણમાં વિચાર કરે કે હું અસત્ય અને ચાલાકીથી મારાં કર્મ પ્રકટ ન થાય તેમ લોકોને ઠગી મારી મતલબ પૂરી કરૂં; મનઃકલ્પિત અનેક શાસ્ત્રો રચીને મનમાન્યો મત ચલાવું; લોકોને વાક્-ચાતુરીથી મોહિત કરી એવાઓ પાસેથી ધન, ધાન્ય, સુંદર કન્યા, રત્ન, ઘર ગ્રહણ કરૂં, અને મારૂં જીવન સુખેથી ચલાવું, ઇત્યાદિ અસત્ય વિચાર જેના અંતઃકરણમાં થાય તેવા અંતઃકરણને **મૃષાનુબંધ** રૌદ્ર ધ્યાનનું ઘર સમજવું.

નાના મોટા સૌ કોઇ અસત્ય (જુઠા) ને ખરાબ જ માને છે કેમકે જુઠું બોલવાથી ઘણા અનર્થો થાય છે; છતાં જુઓ ધ્યાનની પ્રબળતા કે માણુસ જાણુવા છતાં જુઠને છોડતો નથી. ઘણાઓ આવાં અસત્ય કાર્યોથી

પણ આનંદ માને છે અને કહે છે કે હું કેવો વિદ્વાન્ છું કે અનેક જાતના પ્રપંચો છળકપટથી અંગહીન, રૂપહીન, ઈંદ્રિયહીન, ગુણહીન, ભાનહીન કન્યાને મેં કેવા સારા ઠેકાણે પરણાવી દીધી, અને ઉપર જતાં અમુક રૂપીઆ લીધા! વળી કેટલાકો બહાદુરી (?) બતાવે છે કે આ બુઢ્ઢાને, રોગિષ્ટને, નપુંસકને, અમુક સારા ઠેકાણે પરણાવી દીધો!

મનુષ્યની માફક ગાય, ભેંસ, અશ્વ આદિ પશુઓ તથા મેના, પોપટ, આદિ પક્ષીઓના સંબંધમાં જુઠું બોલવું એટલે કે જુઠી પ્રશંસા કરવી, પ્રપંચ કરી રૂપ બદલાવવું, સારૂં દેખાડી ખરાબ આપવું, વધારે કીંમત ઉપજાવી ખુશી થવું, તથા જુના વસ્ત્રાદિકને રંગી નવાં બનાવી નવાં જેટલી કીંમત લેવી, ખોટા દાગીના સાચા કહી ભરોસે રહેલાઓનો વિશ્વાસઘાત કરવો, કોઇએ આપેલી થાપણ ઓળવી હજમ કરવી અને જુઠા સાક્ષીઓ ઊભા કરી સાચું ખોટું કરવું, ધર્માદાની રકમનો પોતાના ખાનગી વ્યવહારમાં ઉપયોગ કરવો તથા પોતાનો પંથ ચલાવવા શ્રી વીતરાગભાષિત ધર્મને, શાસ્ત્રોને છોડી અનેક કલ્પિત જુદા ગ્રંથ, ચારિત્ર વગેરે બનાવવા અને બિચારા અંધશ્રદ્ધાળુ ભોળા માણસોને ઉંધે રસ્તે દોરી ભ્રમમાં નાંખવા, શુદ્ધ દયા ધર્મ છોડાવી હિંસાયુક્ત ધર્મ ફેલાવવો તથા ગ્રા-

નવંત, આચારવંત, ક્ષમાશીલ, બ્રહ્મચારી, શુદ્ધ ધર્મના પ્રવર્તકોની નિંદા કરવી તથા ધર્મના કામમાં હિંસા કરવાથી દોષ નથી એવું લોકોને સમજાવવું તેને પણ **મૃષાનુબંધ** રૌદ્ર ધ્યાન કહે છે. બહેરાં, આંધળાં, લુલાં, અપંગ આદિ રોગિષ્ટ મનુષ્યોની હાંસિ કરવી, ચિડાવવા, ચિડાતા જોઈ રાજી થવું, તથા શેતરંજ, ચોપાટ, પાનાની રમતો રમવી, વાદવિવાદમાં જુઠું બોલવું, એ પણ **મૃષાનુબંધ** રૌદ્ર ધ્યાન કહેવાય છે.

તસ્કરાનુબંધ—ચોરી કરવાની સદા ચિંતા રહે, ચોરી કરી ઘણો હર્ષ થાય, બીજા પાસે ચોરી કરાવે, ચોરીથી લાભની પ્રાપ્તિ જોઇ ખુશી થાય, કળાકૌશલ્ય બતાવનારની પ્રશંસા કરે ઇત્યાદિ વિચાર કરે તે **તસ્કરાનુબંધ** રૌદ્ર ધ્યાન કહેવાય. તૃષ્ણાથી ચકચુર બનેલા આપણા જીવને આખા જગત્‌નું ધન, અન્ન, લક્ષ્મી, જોઇએ છે. (ઇચ્છા થાય છે.) પણ પૂર્વોક્ત કર્મ એવા પ્રકારનાં બાંધેલાં છે કે ઇચ્છાઓ તો આકાશસુધીની કરીએ છીએ, પણ વળતું નથી કાંઈ! આળસુ બની ઉદ્યોગ છોડી જ્યારે આ જીવ લાંબી આશાઓમાં તણાતો જાય છે ત્યારે ચોરી કરવા સિવાય બીજો કાંઈ ઉપાય સૂજતો નથી. આવા ઉપાયોની યોજના (વિચાર) ને **તસ્કરાનુબંધ** રૌદ્ર ધ્યાન કહે છે.

(જનસમાજને ઠગવાને ઉત્તમ વસ્ત્રાભૂષણ, તિલક, માળા, કંઠી, વગેરે શરીર ઉપર રાખી કેટલાક ઢોંગી ભગતો અનેક જાતના ઢોંગ, સોંગ કે લાલચથી બિચારા ભોળા જનોને ઠગે છે! પૈસા માટે ગાય, બચ્ચાં કે ઇશ્વરના સોગન ખાનારાઓ પણ તસ્કરાનુબંધ રૌદ્ર ધ્યાનમાં આવી જાય છે.)

સંરક્ષણાનુબંધ—આ જગત્માં સર્વે પાપી છે કે સર્વે ધર્માત્મા છે એમ સમજવું નહિ પરન્તુ સંસારી જીવોને પુન્ય અને પાપના કર્મબંધનો અનાદિ કાળથી વળગેલાં છે, પાપના ઉદયમાં માણસ દુઃખી થાય છે અને પુન્યોદયમાં માણસ સુખી થાય છે. પણ શ્રી ભગવંતે કહ્યું છે કે " **अधुवे असासंयमि** " એટલે " અધ્રુવ અશાશ્વત, ક્ષણભંગુર છે. " " સમય અનંત હાનિ " તે સત્ય છે. વસ્તુઓના સ્વભાવ ક્ષણ ક્ષણમાં બદલાય છે, અને કેટલીક વખત સર્વે વસ્તુઓનો નાશ પણ થાય છે. એનો નાશ થવા ન દેવો અર્થાત્ તેને બચાવવાના જે ઉપાયો કરવા તેને **સંરક્ષણાનુબંધ** રૌદ્ર ધ્યાન કહે છે.

(રાજ્યલક્ષ્મી પ્રાપ્ત થતાં વિચાર થાય કે રખે કોઈ તેનું હરણ કરે માટે આગળથી બંદોબસ્ત કરી રાખું. રથ, હાથી, ઘોડા, લશ્કર, ઇત્યાદિનો સંગ્રહ કરૂં. એવી રીતે પોતાના કુટુંબ, લક્ષ્મી, ગૃહવાસ આદિનો નાશ થતો અટ-

કાવવાના ઉપાયો યોજવા તેને સંરક્ષણાનુબંધ રૌદ્ર ધ્યાન કહે છે.)

રૌદ્ર ધ્યાનનાં લક્ષણ.

" रोद्दस्सणं झाणस्स चत्तारि लक्खणा पन्नता तंजहा;
" उसणदोसे, बहुलदोसे, अणाणदोसे, अमरणांतदोसे. "

અર્થ:—"રૌદ્ર ધ્યાનનાં ૪ લક્ષણ છે. હિંસાદિ પાપોનો વિચાર કરે, વિશેષ (અખંડ) વિચાર કરે, અજ્ઞાનીઓના શાસ્ત્રનો અભ્યાસ કરે, મરણ થતાં લગણ પાપનો પશ્ચાત્તાપ કરે નહિ." જે ધ્યાનનું નામ રૌદ્ર—ભયંકર છે તેનો વિચાર, કર્તવ્ય, અને સ્વરૂપ ભયંકર જ હોય એ સ્વાભાવિક છે. એવા ભયંકર વિચારોમાં મનની પ્રેરણા કરવી એ પણ ભયંકર કાર્યો જ કરાવે છે. આવા ભયંકર વિચારોથી જે પ્રવૃત્તિ થાય છે તેના મુખ્ય ચાર ભેદ શ્રી ભગવંતે ફરમાવ્યા છે. ૧ ઉષણદોષ, ૨ બહુલદોષ, ૩ અજ્ઞાનદોષ, અને ૪ અમરણાંતદોષ.

હિંસા, જુઠ, ચોરી અને સંરક્ષણ એ ચારના પોષણ માટે જે કામ કરવું તેનું નામ **ઉષણદોષ.** ઉપરોક્ત ચાર દોષની વિશેષ ને વિશેષ વૃદ્ધિ કરવા ઇચ્છા થાય તેનું નામ **બહુલદોષ.** રૌદ્ર ધ્યાનનો સ્વભાવ છે કે સુજ્ઞાનનો નાશ કરી માણસને અજ્ઞાની અને મૂઢ બનાવવા. સત્ (પરોપકારી)

કાર્ય ઉપરથી પ્રેમનો નાશ કરી કુકાર્ય અધમાચરણમાં પ્રેમ લગાડે છે. સત્સંગમાં અપ્રીતિ, અરૂચિ કરી પાપસ્થાન તરફ દોરે છે, તથા હિંસા, જુઠ, ચોરી, વ્યભિચાર આદિમાં પાપ નથી એવું સમજાવનારાં કુશાસ્ત્ર વાંચવા રૂચિ થાય છે. ગાળો, ઠઠ્ઠા, મશ્કરી, ગાન, તાન, આદિ કુચેષ્ટા કરાવે અને સર્વોત્તમ દયામય જૈન ધર્મનો ત્યાગ કરાવી હિંસા ધર્મમાં પ્રેરી, કામી, કપટી, લોભી, માંસાહારી આદિ દુરાચરણમાં પ્રેરે. વળી ત્યાગી, વૈરાગી, શાંત, દાંત, વીતરાગી દેવગુરૂનો ત્યાગ કરાવી અપમાન કરે અને ઇંદ્રિયોના વિષયસુખમાં આત્મકલ્યાણ માને અને કુકર્મો પ્રતિ પેરે: આદિ ઘણી રીતે **અજ્ઞાનદોષ** નામનું રૌદ્ર ધ્યાનનું લક્ષણ જાણવું. રૌદ્ર ધ્યાનીનું હૃદય કઠણ વજ્ર જેવું હોય છે, જેથી બીજાઓના સુખ દુ:ખની એને બિલકુલ દરકાર રહેતી નથી. એ તો માત્ર પોતાનુ જ સુખ ઇચ્છે છે, જ્યારે બીજાઓને પોતાથી વધારે સુખી દેખી તેના સુખનો નાશ કરવા અનેક જાતના પ્રપંચો કરે છે. નિર્દયતા અને ક્રૂર વિચારોથી ત્રસ અને સ્થાવરનો નાશ કરવાથી ડરતો નથી, તેઓને તરફડતાં જોઈ સુખી થાય છે, આનંદ માને છે, ક્રોધ, માન, માયા, લોભ, રાગદ્વેષ, દગાબાજી, ક્લેશ, ચુગલીખોર, મોઢે મીઠાબોલો, અદેખો, કુગુરૂ, કુદેવ અને કુધર્મ ઉપર શ્રદ્ધા રાખનાર, પવિત્ર જૈન

ધર્મના નામ માત્રથી પણ અલગ રહેનાર, મરણ પથારીએ પડેલો હોય તોપણ કરેલાં મહા અઘોર પાપોનો પશ્ચાત્તાપ નહિ કરતાં ઘર, કુટુંબમાં જ લુબ્ધ રહી મરણ પામનાર રૌ-રૌ નરક ગતિનાં દુઃખો ભોગવવા જાય છે, એને **અમરણાંત-દોષ** કહે છે.

આવી રીતે આર્ત અને રૌદ્ર ધ્યાન અઢાર પાપસ્થાન-કનાં ઘર છે, મહામલીન છે, સત્પુરૂષોને નિંદનીય છે. આ આર્ત અને રૌદ્ર ધ્યાન પૂર્વ કર્મના ઉદયથી ઉત્પન્ન થાય છે, જ્ઞાની, ધ્યાની મહાત્મા મુનિઓને પણ ક્ષણવારમાં નરકના અતિથિ બનાવે છે અને મોક્ષમાર્ગે જતાં અટકાવે છે.

શુભ ધ્યાન.

કર્મનો ક્ષય થવાથી મોક્ષ મળે છે, સમ્યક્ જ્ઞાનથી કર્મનો ક્ષય થાય છે, તથા સમ્યક્ જ્ઞાન શુભ ધ્યાનથી થાય છે. મુમુક્ષુઓને ધ્યાન એ જ આત્મકલ્યાણનો હેતુ છે. આ જગત્માં સારી અને ખરાબ એવી બે બાબતો અનાદિ કાળથી ચાલી આવે છે જેથી એકએકને ઓળખવામાં આવે છે યાને ખબર પડે છે, જેમ દિવસથી રાતની અને રાતથી દિવસની ખબર પડે છે તેમ. જેથી સર્વ પદાર્થોના ગુણની પરીક્ષા કરવી, અને જેમાં આત્મકલ્યાણ હોય તેનો અંગીકાર કરવો. શ્રી ભગવંતે દશવૈકાલિક સૂત્રમાં પણ કહ્યું છે કેઃ—

"**जे सेयंते समायरे**" એટલે જે શ્રેય-કલ્યાણકર્તા માલુમ પડે તેનો સ્વીકાર કરવો.

અશુભ ધ્યાનમાં પ્રવૃત્તિ તો સ્વાભાવિક રીતે થાય છે, કેમકે તે સંબંધ અનાદિ કાળનો છે, જ્યારે શુભ ધ્યાનમાં પ્રવૃત્તિ થવી બહુ મુશ્કેલ છે, કેમકે કોઈ શુભ કાર્ય જલદી થઈ શકતું નથી. શુભ ધ્યાનમાં પ્રથમ સમ્યક્ત્વની જરૂર છે. સમ્યક્ત્વ સિવાય શુભ ધ્યાન થઈ શકતું નથી. ક્ષયોપશમ લબ્ધી, વિશુદ્ધલબ્ધી, દેશનાલબ્ધી, પ્રયોગલબ્ધી અને કરણલબ્ધી. આ પાંચ લબ્ધીઓ પ્રાપ્ત કરનારને જ સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે.

ધ્યાનીનાં લક્ષણ.

(૧) મુમુક્ષુ-મોક્ષ જવાનો અભિલાષી હોય તે ધ્યાનનું કષ્ટ સહી આત્મનિગ્રહ કરે. (૨) વિરક્ત-જેના પુદ્‌ગલો પ્રણિત સુખોથી વૃત્તિ-નિવૃત્તિ હોય એવાઓના પરિણામ ધ્યાનમાં સ્થિર રહી શકે છે. (૩) શાંત વૃત્તિથી જે પરિસહ-ઉપસર્ગ સહન કરી શકે તે ધ્યાનનું ફળ મેળવી શકે છે. (૪) સ્થિર સ્વભાવી જે મનના યોગને કાબુમાં રાખી શકે તે ધ્યાની થઈ શકે છે. (૫) જેનું શરીર સિદ્ધાસન આદિ આસનોમાં સ્થિર રહી શકતું હોય તે ધ્યાની થઈ શકે છે. (૬) રાગ-દ્વેષ અને પાંચ ઇંદ્રિયોને કાબુમાં રાખનાર ધ્યાનસિદ્ધિ કરી શકે છે. (૭) પંચમહાવ્રત ધારણ કરનાર ધ્યાન ધરી શકે

છે. (૮) ધ્યાનમાં ગમે તેવા કઠણ પરિસહને સહન કરનાર નથા શરીરને વોસરાવનાર ધ્યાન ધરી શકે છે.

ધ્યાનનો વિધિ.

ક્ષેત્ર, દ્રવ્ય, કાળ, અને ભાવ. એના ચાર સારા અને ચાર ખરાબ એમ ૮ ભેદ છે, જેમાંથી ચાર ખરાબનો ત્યાગ કરી ચાર સારાને ગ્રહણ કરવા કે જે ધ્યાનને માટે બહુ ઉપયોગી છે, જેથી અત્રે ક્ષેત્રાદિની શુદ્ધાશુદ્ધતા બતાવવામાં આવે છે.

અશુદ્ધ ક્ષેત્ર—જ્યાં રાજા દુષ્ટ, મલીન, આદિ દુર્ગુ-ણયુક્ત હોય, માંસ, મદિરા આદિનો પ્રચાર વિશેષ હોય, વ્યભિચાર, જુઠ, ચોરી વિશેષ હોય તે. **શુદ્ધ ક્ષેત્ર**–એકાંત સ્થળ, નદી, સમુદ્રનો કિનારો, પર્વતની ગુફા, ઉપાશ્રય યાને જ્યાં મનુષ્યોની આવજા બહુ ઓછી છે, એવા શુદ્ધ ક્ષેત્ર-માં શાંતિથી ધ્યાન થઇ શકે છે. **અશુભ દ્રવ્ય**–જ્યાં માંસ, ચર્મ, લોહી, ચરબી, મરેલ જનાવરનું કલેવર, સુગંધી કે દુર્ગંધી પદાર્થો, ખાટલા, પલંગ, સ્ત્રીઓની છબીઓ, શૃંગા-રી દેખાવની છબીઓ, કપડાં કે બીજું કોઇ પણ સાંસારિક દ્રવ્ય રહેતું હોય તે અશુભ દ્રવ્ય; ત્યાં શુદ્ધ ધ્યાન થઇ શકે નહિ. **શુભ દ્રવ્ય**–જ્યાં આપણા મનના પરિણામ સ્થિર રહી શકતા હોય, કોઇ પણ એવી વસ્તુ ન હોય કે જે આપણુ ધ્યાનને ચલિત કરે તેવું દ્રવ્ય. **અશુભ કાળ**–સખ્ત ગરમી,

સખ્ત ઠંડી, જીવોત્પત્તિનો સમય, રોગિષ્ટ થવાનો સંભવ હોય, એવા કાળે શુદ્ધ ધ્યાન થઇ શકતું નથી. **શુભ કાળ**–રાત્રિનો ચોથો પ્રહર કે જ્યારે જનસમૂહનો મોટો ભાગ નિદ્રાધીન થયેલો હોય છે, ત્યારનો વખત ધ્યાન માટે ઉત્તમ છે. **અશુભ ભાવના**–આર્ત અને રૌદ્ર ધ્યાનનું સ્મરણ હોય અને તેવું ધ્યાન, અશુભ જોગ, અસમાધિ, ચપળતા, રાગ, દ્વેષમાં હોય તેવા ભાવ હોય તો શુદ્ધ ધ્યાન થઇ શકે નહિ. **શુભ ભાવના**–શુભ ભાવનાના ચાર પ્રકાર છે. (૧) મૈત્રીભાવના (૨) પ્રમોદભાવના, (૩) કરૂણા (કૃપા) ભાવના (૪) માધ્યસ્થભાવના.

"मैत्री परस्मिन् हितधीः समग्रे, भवेत्प्रमोदो गुणपक्षपातः
"कृपा भवार्त्ते प्रतिकर्तुर्मीहोपेक्षैव माध्यस्थ्यमवार्थ दोषे"

અર્થ—"બીજાં સર્વ પ્રાણીઓ ઉપર હિત કરવાની બુદ્ધિ તે (પ્રથમ) મૈત્રીભાવના; ગુણનો પક્ષપાત તે (બીજી) પ્રમોદભાવના; ભવરૂપ વ્યાધિથી હેરાન થતાં પ્રાણીઓને ભાવ ઔષધથી સારૂં કરવાની ઈચ્છા તે (ત્રીજી) કૃપાભાવના; ન ટળી શકે તેવા દોષવાળા પ્રાણી ઉપર ઉદાસીન ભાવ તે (ચોથી) માધ્યસ્થભાવના."

મૈત્રીભાવના–સર્વ જીવપર સમાન દૃષ્ટિ **"मित्ति मे**

सव्व भूएसु वेर मज्झं न केणइ"–સર્વ જીવ સાથે મારે મૈત્રી (દોસ્તી) છે, જેથી મારે કોઇ સાથે જરા પણ વૈર નથી."

પ્રમોદભાવના—જેમણે સર્વ દોષો દૂર કર્યા છે અને વસ્તુતત્ત્વને જેઓ જોઇ રહ્યા છે, તેઓના ગુણ ઉપર લક્ષપાત (બહુ માનની લાગણી) તે પ્રમોદભાવના.

કરૂણા (કૃપા) ભાવના—અશક્ત, દુઃખી, ભયથી વ્યાકુળ થએલા અને જીવિતવ્યને યાચનાર પ્રાણીઓ ઉપર તેઓનું દુઃખ ટાળવાની જે બુદ્ધિ તે કરૂણાભાવના કહેવાય છે.

માધ્યસ્થ્યભાવના—કોઇ પણ પ્રકારના આંચકા વગર ક્રૂર કર્મ કરનારા, દેવ અને ગુરૂની નિંદા કરનારા, અને આત્મશ્લાઘા કરનારા પ્રાણીઓ તરફ ઉપેક્ષા તે માધ્યસ્થ્ય (ઉદાસીનતા) ભાવના કહેવાય છે. આ ચાર ભાવના ભાવતાં અને તે મુજબ વર્તતાં રાગ, દ્વેષ, વિષય, કષાય, ક્લેશ, આદિ મોહ શત્રુઓનો નાશ કરવા શક્તિમાન્ થવાય છે.

ધર્મધ્યાન.

धम्मे झाणे चउव्विहे चउप्पडे पारो पन्नंते तंजहा।

ધર્મધ્યાનના ચાર પાયા, ચાર લક્ષણ, ચાર આલંબન, અને ચાર અનુપ્રેક્ષા એમ સોળ ભેદ છે. જેમ ઉપર અશુભ ધ્યાનના બે ભેદ આર્ત અને રૌદ્ર કહ્યા તેમ શુભ ધ્યાનના બે ભેદ ધર્મ અને શુકલ ધ્યાન નીચે કહ્યા છે.

ધર્મધ્યાનના ચાર પાયા—આજ્ઞાવિચય, અપાયવિચય, વિપાકવિચય, અને સંઠાણુવિચય.

આજ્ઞાવિચય—શ્રી જીનેશ્વર ભગવાને આત્માની સદ્દગતિ અર્થે ભાષેલા વિચારો પ્રમાણે ચાલવું, આત્માની સદ્દગતિ માટે શ્રી જીનેશ્વર ભગવાને આપેલા અમૂલ્ય ઉપદેશનો યતકિંચિત્ સાર એ છે કે સર્વ જીવોપર દયા રાખવી, સૂત્રોનું જાણપણું કરવું, જીવ અજીવનું જાણપણું કરવું, પાંચ મહાવ્રત પાળવાં, બાર ભાવના ભાવવી, પાંચ ઇંદ્રિયોને વશ કરવી, કર્મ બાંધવા છોડવાના રસ્તા જાણવા, પાપકર્મને આવવાના દ્વારરૂપ ૫૭ હેતુઓ જાણવા.

અપાયવિચય—ધર્મધ્યાન ધ્યાતાં જીવ એવો વિચાર કરે કે મારે અનંતા ભ્રમણ થયા છતાં હજુ સંસારસાગર તરી શકાતો નથી એનું શું કારણ? જ્યાં અનંત અનંત સુખની લ્હેરો છે, જ્યાં કોઈ જાતનો આધિ, વ્યાધિ કે ઉપાધિ નથી, એવા મોક્ષ નગરમાં જતાં મને કોણ અટકાવે છે? એટલું તો નિશ્ચય છે કે અટકાવનાર કોઈ બહારનો શત્રુ નથી, કેમકે જો બહારનો શત્રુ હોય તો હું પ્રત્યક્ષ જોઇ શકું; પણ જ્યારે હું જોઇ શકતો નથી, ત્યારે મારી ખાત્રી થાય છે કે કોઈ અંદરના શત્રુ હોવા જોઇએ. મારે તેઓની શોધ કરવી જોઇએ.

વિપાકવિચય—ધર્મધ્યાન ધ્યાતાં જીવ એવો વિચાર કરે કે અહા ! આ જગતમાં આશ્ચર્યયુક્ત દૃષ્ટિગોચર તો એ થાય છે કે કોઈ સુખી, કોઈ દુઃખી, કોઈ ઉંચ, કોઇ નીચ, કોઈ મૂર્ખ, કોઇ વિદ્વાન્, કોઇ શ્રીમંત, કોઇ દરિદ્ર, વગેરે વિચિત્ર રચના જોવાય છે તેનું શું કારણ ? કોઇ પણ જીવ પોતાનું તો ભૂરૂં ઇચ્છતો નથી છતાં આમ કેમ ? જેથી નિશ્ચય થાય છે કે જીવ સાથે કોઈ છે ખરૂં પણ તે કોણ છે ? તેનો વિચાર કરતાં જણાય છે કે એક મહાન્ શત્રુ જીવ સાથે વળગેલો છે, તે શત્રુ કોણ? "કર્મ." આ શત્રુ બે જાતના વિપાકો ઉત્પન્ન કરે છે; શુભ કર્મ અને અશુભ કર્મ. શુભ કર્મ ભોગવતાં જીવ સુખ માને છે, પણ એથી અશુભ કર્મનું બંધન થતું જાય છે. જ્યારે અશુભ કર્મ ભોગવતાં જીવ દુઃખ માને છે, ત્યારે શુભ કર્મની વૃદ્ધિ થતી જાય છે. એવી રીતે રાત્રિ અને દિવસ અનંતા કાળથી પરંપરા ચાલી આવે છે. જેથી શુભાશુભ કર્મો ઉપાર્જન કરવાની રીત શાસ્ત્રાનુસાર જાણવાની આવશ્યકતા છે. કયાં કર્મોથી જીવ સુખી અને કયાં કર્મોથી જીવ દુઃખી થાય છે એ જાણવા પ્રયત્ન કરવો.

સંસ્થાનવિચય—જગત્ અને જગત્ માંહેલા પદાર્થોના આકારનો વિચાર તેનું નામ સંસ્થાનવિચય. આકાશ અનંત પોલું છે, જેનો અંત નથી, એને અલોક કહે

છે. આ અલોકના મધ્ય ભાગમાં ૩૪૩ રાજુ ઘનાકાર લાંબી ચવડી જગ્યામાં જીવાજીવ અને રૂપી અરૂપી પદાર્થનું એક પીંડ છે એને લોક કહે છે. એની નીચે સાતમી નરક છે.

ધ્યાનનાં ચાર લક્ષણ—આજ્ઞારૂચિ, નિસગ્ગરૂચિ, ઉપદેશરૂચિ, અને સૂત્રરૂચિ.

આજ્ઞારૂચિ—અનાદિ કાળથી આ જીવ જીનાજ્ઞા વિરૂદ્ધ ચાલતો હોવાથી જ સંસારભ્રમણ કરી રહ્યો છે; માટે જો સંસારભ્રમણમાંથી મુક્ત થવું હોય તો શ્રીજીનેશ્વર ભગવાનની આજ્ઞા મુજબ ચાલવાની ઇચ્છા થાય તે.

નિસગ્ગરૂચિ—ધ્યાની પુરૂષને જગતની સકળ વસ્તુઓ ઉપદેશક જ લાગે. આશ્રવદ્વારને સંવર બનાવી શકે. સ્ત્રીઓની ચૂડીઓનો અવાજ કામવૃદ્ધિ કરવા યોગ્ય હતો છતાં નમીરાજને તેમાંથી વૈરાગ્ય સ્ફુર્યો તેમ દરેક ચીજમાંથી વૈરાગ્ય ઉપજાવવો તે.

ઉપદેશરૂચિ—શ્રીતીર્થંકર, કેવળજ્ઞાની, ગણધર, સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા અને સમ્યક્‌દૃષ્ટિ ઇત્યાદિના શુદ્ધ શાસ્ત્રાનુસાર ઉપદેશ ઉપર રૂચિ થાય તે.

સૂત્રરૂચિ—સૂત્રો એ ભગવંતની વાણી છે, જે અગાધ જ્ઞાનનો ભંડાર છે, તત્વજ્ઞાનનો સાગર છે, અપૂર્વ, ચમત્કારી છે, આત્મસ્વરૂપ બતાવે છે, મોહપંથ અને મિથ્યા

મર્મ મટાડે છે, મોક્ષપંથ બતાવે છે. અનંત અક્ષય સુખને આપનારી એવી ભગવંતની વાણી સૂત્રોમાં છે; જેના ઉપર પ્રેમ (રૂચિ) થાય તે.

ધ્યાનનાં ચાર આલમ્બન—વાયણા, પુચ્છણા, પરિયટ્ટણા, ધમ્મકહા. વાયણા=વાંચવું. ગીતાર્થ, બહુસૂત્રી, આચાર્ય, ઉપાધ્યાય આદિ વિદ્વાનો પાસે ભણવું, સૂત્રગ્રંથ આદિ વાંચવા, તેને વાયણા કહે છે. પુચ્છણા=પુછવું. જે કૃપાળુ આત્માએ આપણને ભણાવ્યા તેમાં કાંઇ સંશય જણાતાં તેનું નિરાકરણ કરવું, મહાત્મા ગુરૂજી સમીપે વિનય, વિવેકથી શંકાનું સમાધાન કરવું, તેને પુચ્છણા કહે છે. પરિયટ્ટણા=વારંવાર યાદ કરવું. આપણે જે જ્ઞાન ગુરૂજી પાસેથી યાતો સૂત્રો કે ગ્રંથોમાંથી મેળવ્યું હોય તે ભુલી નહિ જવાય માટે વારંવાર યાદ કરી જવું તેને પરિયટ્ટણા કહે છે. ધમ્મકહા=ધર્મકથા (વ્યાખ્યાન) કરવી. શ્રી ઠાણાંગ સૂત્રમાં ધર્મકથાના ચાર પ્રકાર કહ્યા છે. **(૧)** અખેવણી= શ્રોતાઓને રૂચે (પાછું વમન ન થાય) એવી ધર્મકથા કહેવી, જેના ચાર ભેદ છેઃ—(૧) સાધુનાં મહાવ્રત અને શ્રાવકનાં બાર વ્રત સમજાવવાં, (૨) નિશ્ચય અને વ્યવહારમાં મોક્ષ માર્ગ સમજાવવો, (૩) શ્રોતાઓને સંશય ન ઉપજે એટલા માટે પ્રશ્નો ઉપજાવી કાઢી સમજાવવાં,

(૪) દરેકને રૂચે તેવો પણ સત્ય બોધ આપવો. **(૨)** વિખેવણી=સંયમ અને શ્રદ્ધાથી ચલિત થનાઓને સદ્‌બોધ આપી સ્થિર કરવા, તેના ચાર ભેદ છે:–(૧) અન્ય મતના પરિચયથી તથા અન્ય ગ્રંથાવલોકનથી જેની શ્રદ્ધા ચલિત થાય તેને અન્ય મતનાં દૃષ્ટાંતો મિલાવી બોધ આપવો, (૨) એકાંત અન્ય મતમાં કોઇનું મન લાગ્યું હોય તો પ્રત્યક્ષ ફરક બતાવી શ્રદ્ધાયુક્ત કરવું, (૩) અન્ય મતમાં ભળના મનુષ્યને ક્રિયાઓની સમજણ આપી ઉત્તમ ક્રિયાઓ દર્શાવી શ્રદ્ધાળુ કરવા, (૪) નિર્મળ હૃદયવાળાને જો મિ-થ્યાત્વનો પાસ લાગે તો સમ્યક્ત્વનો વિસ્તારથી બોધ આપી અનેક જાતના પ્રશ્નોથી તેને પાછો નિર્મળ બનાવવો. **(૩)** સંવેગણી=સીધે રસ્તે ચલાવે તે, જેના ચાર ભેદ છે:–(૧) જે વસ્તુઓ ઉપર માણસનો પ્રેમ બહુ હોય તે વસ્તુનું અનિત્યપણું સમજાવવું, (૨) અલ્પ જીવોને ધર્મ ઉપર શ્રદ્ધા બેસારવા દીર્ઘ આયુષ્ય, નીરોગિતા, અનંત સુખ ધર્મમાં રહેલું છે, ભ્રષ્ટાચારી અનંત દુઃખી છે વગેરે લાલચથી સ-મજાવવા, (૩) “ **नपेमरागो परमत्थी बन्धा** ” એટલે કે જગતમાં પ્રેમરાગ જેવું એકે બંધન નથી, એવા પ્રેમ-રાગના બંધનમાંથી બાળ જીવોને મુક્ત કરવા, ઉપદેશ આપવો કે આપણાં કરેલાં કર્મનું ફળ આપણે જ ભોગવીએ છીએ, બીજાઓ માટે પણ જે કર્મ આપણે બાંધ્યાં છે

તેનું ફળ પણ આપણે જ ભોગવવાનું છે વગેરે, (૪) કુટુંબ સ્વજન આદિપરથી મોહભાવ ઓછો થાય એટલે પુદ્દગલોની અનિત્યતા સમજાવવી, આપણી સાથે દગો કરનાર માણસ સાથે આપણે ફરી બીજી વખત વિશ્વાસ કરતા નથી પણ જ્યારે આ પુદ્દગલોએ તો આપણને ઘણી વખત દગા દીધા છે જેથી તેની અસ્થિરતા સમજાવી શ્રદ્ધાળુ કરવા. (૪) નિર્વ્વેગણી=સંવેગણીમાં સંસારનું સ્વરૂપ સમજાવવાનુ છે, જ્યારે આ નિર્વ્વેગણીમાં સંસારથી નિવર્તવાનું સમજાવવાનુ છે. સંસારમાં રોકનાર કર્મ છે. આ ભવમાં કરેલાં કર્મનું ફળ પણ આ ભવમાં ભોગવવું પડે છે; જેવાં કે હિંસાથી ફાંસી મળે છે, ચોરીથી કેદ, વ્યભિચારથી ફજેતી તથા ગરમીના રોગો, મમત્વથી કુટુંબ નિર્વાહનું કષ્ટ વગેરે, આ ભવમાં ફળ મળે છે. આપણે સુખ મેળવવા કર્મ કરીએ છીએ પણ સુખ કયાં છે? આ ધન કમાવામાં આપણે સુખ માનીએ છીએ પણ વિદ્વાનો કહે છે કે "ધન કમાતાં દુઃખ છે, સાચવતાં પણ દુઃખ છે, જાય તોપણ દુઃખ છે." માટે દુઃખના સાધન પાછળ, તાપ, ક્ષુધા, તૃષા શામાટે ભોગવે છે? વગેરે.

ધ્યાનના ચાર અનુપ્રેક્ષા–અનિત્યાનુપ્રેક્ષા, અશરણાનુપ્રેક્ષા, એકત્વાનુપ્રેક્ષા, સંસારાનુપ્રેક્ષા. (૧) અનિત્યાનુ-

પ્રેક્ષા—આ સંસાર માંહેલી સર્વ ચીજો અનિત્ય છે, ધન, કુટુંબ, શરીર, સહુ અનિત્ય છે માટે એ અનિત્ય વસ્તુઓમાં મોહ ન રાખી ધર્મમાં પ્રવેશ કરવો. (૨) અશરણાનુપ્રેક્ષા–ધન, પશુ, જમીન, કુટુંબ સૌ આ સંસારના મોહાદિક પદાર્થો છે. કોઇ કોઈનું સગું નથી. સગો શરણ કરવા યુક્ત એક ધર્મ જ છે. માટે ધર્મનું શરણ ધર. (૩) એકત્વાનુપ્રેક્ષા—જેમ સુવર્ણ અને માટી ખાણમાં એક સરખાં દેખાય છે, પણ અલગ છે તેમ શરીર અને જીવ જુદા છે, માટે શરીર સાથેનો સંબંધ છોડવા જ્ઞાન, દર્શન, ચારિત્ર, અને તપનું ગ્રહણ કર. (૪) સંસારાનુપ્રેક્ષા—જ્યાં વખતો વખત જન્મ, મરણ થયાં કરે તે સંસાર. સંસાર ૪ પ્રકારના છેઃ—નરકગતિ, તિર્યંચગતિ, મનુષ્યગતિ, દેવગતિ.

શુદ્ધ ધ્યાન.

गुप्तेन्द्रिय मनोध्याता, ध्येयं वस्तु यथास्थितम् ।
एकाग्राचिन्तनं, ध्यानं, फल संवर निर्जरौ ॥

અર્થ—શુદ્ધ ધ્યાન ધરનાર, પાંચ ઇંદ્રિય અને મનને વશ કરનાર શુદ્ધ વસ્તુ તરફ એકાગ્ર ચિત્ત રાખી ધ્યાન ધરે છે. તેને સંવર અને નિર્જરા થાય છે. એ સર્વ કર્મનો ક્ષય કરી અનંત અક્ષર અવ્યાબાધ મોક્ષસુખને પામે છે. શુદ્ધ ધ્યાન ધરવા માટે ઇંદ્રિયો અને મનને વશ કરવાની

જરૂર છે. એક મનને વશ કરવાથી પાંચે ઇંદ્રિયો વશ થાય છે. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે, "**एगं जीय जीययंच** એટલે કે એક મનને જીતવાથી પાંચ ઇંદ્રિયો વશ થાય છે. વળી કહ્યું છે કે "**मन एव मनुष्याणाम् कारणं बन्ध मोक्षयोः**" એટલેકે કર્મને બંધનકર્તા અને છોડનાર એક મન છે. વળી શ્રી ભગવદ્ગીતામાં પણ કહ્યું છે કે—

"**असंशयं महाबाहो, मनोदुर्निग्रहं चलम् ।**
"**अभ्यासेन तु कौन्तेय, वैराग्येण च ग्रह्यते ॥**

અર્થ—શ્રીકૃષ્ણ કહે છે કે "હે અર્જુન! મનને વશ કરવું બહુ મુસ્કેલ છે, કેમકે મન અતિ ચપળ (ચંચળ) છે. પરન્તુ નિરંતર અભ્યાસથી અને વૈરાગ્યથી મન વશ થઇ શકે છે." મનને વશ કરનાર વૈરાગ્ય છે અને વૈરાગ્ય ઉત્પન્ન કરાવનાર જ્ઞાન છે, જ્ઞાનાદિવડે વશ થયેલા મનથી એકાગ્ર ધ્યાન ધરવું.

ઉપધ્યાન.

પિણ્ડસ્થધ્યાન, પદસ્થધ્યાન, રૂપસ્થધ્યાન, અને રૂપાતીત ધ્યાન.

પિણ્ડસ્થધ્યાન–પિંડ=શરીર. શરીરમાં રહેલા આત્મનું ચિંતવન કરવું તે પિણ્ડસ્થધ્યાન.

જ્ઞાન થકી જાણે સકળ, દર્શન શ્રદ્ધારૂપ;
ચારિત્રથી આવત રૂકે, તપસ્યા ક્ષપન સ્વરૂપ.

*　　*　　*　　*

જીવકર્મ ભિન્ન કરો, મનુષ્ય જન્મકો પાય;
જ્ઞાનાત્મ વૈરાગ્યસે, ધૈર્ય ધ્યાન જગાય.

*　　*　　*　　*

કર્મ સંગ જીવ મૂઢ હૈ, પાવે નાના રૂપ;
કર્મરૂપ મલકે ટલે, ચૈતન્ય સિદ્ધ સ્વરૂપ.

પદસ્થધ્યાન–મૂળ મંત્રાક્ષરોનું સ્મરણ કરવું તે પદસ્થ ધ્યાન. મૂળ મંત્રાક્ષર ૩૫, ૧૬, ૮, ૫, ૪, ૨, અને ૧ છે.

(૩૫) ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં, ણમો આયરિયાણં, ણમો ઉવઝ્ઝાયાણં, ણમો લોએ સવ્વ સાહુણં.

(૧૬) અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ.

(૮) અરિહંત, સિદ્ધ, સાહૂ.

(૫) અ, સિ, આ, ઉ, સા.

(૪) સિદ્ધ, સાહુ.

(૨) સિદ્ધ.

(૧) ૐ

રૂપસ્થધ્યાન–જે અર્હત્ ભગવંતનું સ્વરૂપ, દ્રવ્ય, ગુણ, પર્યાય, કરી જાણે તે આત્માના સ્વરૂપને જાણે અને

જે આત્માના સ્વરૂપને જાણે તે મોહ કર્મનો નાશ કરે. અર્હત્, અરિહંત અને અરૂહંત એમ ત્રણ શબ્દો છે.

અર્હત્=દેવેન્દ્ર નરેંદ્રાદિકના પૂજ્ય, અને અતિશયાદિક રિદ્ધિથી યુક્ત તે.

અરિહંત=રાગ, દ્વેષાદિ શત્રુનો નાશ કરે તે.

અરૂહંત=જન્મ મરણના રોગાદિકનો નાશ કરે તે.

રૂપાતીતધ્યાન-જેવું સિદ્ધ ભગવાન્‌ના આત્માનું સ્વરૂપ છે, તેવું સર્વ જીવોના આત્માનું સ્વરૂપ છે, જેથી દરેક જીવે સિદ્ધ સ્વરૂપનું ધ્યાન ધરવું.

" સિદ્ધ ભગવંતના રૂપ કે ગુણનું વર્ણન કરવાને કોઇ પણ શબ્દમાં શક્તિ નથી. "

" ત્યાં બુદ્ધિ પહોંચી શકતી નથી, કલ્પના જઇ શકતી નથી."

શુક્લધ્યાન.

આ પંચમકાળમાં મોક્ષમાર્ગનો લોપ થયો છે. અને આ **શુક્લધ્યાન** મોક્ષાર્થી જીવોને જ માટે હોઇ અત્રે તેનું સ્વરૂપ દર્શાવ્યું નથી.

સામાયક-સ્વરૂપ

સૂત્રો અને વિ ાનોનાં મત.

આપણો આત્મા અનાદિ કાળથી મમનામાં મચેલો છે, તેને સમતા ભાવમાં લાવવા માટે, આપણે પાપકારી કાર્યોથી વેગળા રહેવા પ્રયાસ કરવાનો છે. વ્યાવહારિક વિટંબનાઓ-માં આપણે અહોરાત્રિ–ચોવીશે કલાક મચેલા પડ્યા છીએ. આધિ, વ્યાધિ અને ઉપાધિનો ત્રિદોષ થવાથી–મુંઝાઇ જવાથી આપણે આપણા આત્મા સંબંધી કશો વિચાર કરી શકતા નથી; અને શાન્ત ચિત્તે પ્રભુભક્તિમાં મન પરોવવાની પ્રવૃત્તિ પણ પ્રાપ્ત થતી નથી. શાન્ત મને, શુદ્ધ ચિત્તથી પ્રભુ ભક્તિ અને ધર્મધ્યાન થઇ શકે અને આપણો આત્મા પાપકારી કાર્યોથી અળગો રહે એવા ઉચ્ચ ઉદ્દેશથી પ્રતિ દિવસે પ્રભાતના શાન્ત સમયમાં–ત્રિદોષનો હુમલો થયા પહેલાં–સામાયક કરવાનો આપણાં શાસ્ત્રોનો સદ્બોધ છે. આવા ઉપયોગી વ્રત, સામાયકનું ખરૂં સ્વરૂપ સમજવા સામાયકના જુદા જુદા વિદ્વાનોએ કહેલા અર્થ, તથા તેમાં બતાવેલું ગાંભીર્ય, આ સામાયક–સ્વરૂપ નામક પ્રકરણમાં આપવાની અગત્ય છે. સામાયકનાં લક્ષણો કહી ગયા પછી સૂત્રોમાં તેનું શું સ્વરૂપ જોવામાં આવે છે તે હવે કહીશું.

આપણાં સૂત્રોના મૂળ પાઠમાં **સામાइય** શબ્દ છે. સંસ્કૃત **સામાયક** શબ્દ સાથે આ પ્રાકૃત શબ્દનું મળતાપણું છે. સમાન થવાનો લાભ મળે એવી ક્રિયા તે સામાયક. આ સમાસ છોડતાં સંસ્કૃત ટીકાકારોએ તેનો અર્થ કરેલો છે કે– **समस्य आयो लाभः स एव सामायकं.** સમાન ભાવ–રાગ દ્વેષ રહિત–થયેલા જીવને જ્ઞાન, દર્શન અને ચારિત્રનો લાભ થાય એવી ક્રિયાને સામાયક કહેલી છે. એક અંગ્રેજ અભ્યાસીએ સામાયકને Law of inward Peace-આંતર શાન્તિ પ્રાપ્ત કરવાના નિયમ તરીકે ઓળખાવેલ છે. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના મોક્ષ માર્ગ ગતિ નામના અઠ્ઠાવીસમા અધ્યયનમાં કર્મ ક્ષય કરવાની ક્રિયાઓમાં સામાયકને પ્રથમ પદ આપવામાં આવ્યું છે. જૈન સૂત્રોના અભ્યાસી અને ભાષાંતરકાર પ્રખ્યાત વિદ્વાન્ મેક્ષમુલરના શિષ્ય હરમન જેકોબીએ શ્રી ઉત્તરાધ્યયનનું ભાષાંતર કરતાં સામાયકનો Moral and intellectual purity of the soul (Lit. Equilibrium)—આત્માની ધાર્મિક અને નૈતિક પવિત્રતા —(શબ્દાર્થ–સમતા) એવો અર્થ કરેલો છે. તે જ સૂત્રના ભાષાંતરમાં બીજી જગ્યાએ તેનો Avoidance of every thing sinful દરેક પાપકારી કાર્યનો **ત્યાગ** એવો અર્થ કરેલો છે. સંસ્કૃત ટીકાકારો **सामायकं शत्रौ मित्रे साम्यं** એવો અર્થ કરે છે. શત્રુ અને મિત્રો–તમામ તરફ સમભાવ

રાખવો તે સામાયક, જો કે જૈન નામ જ શત્રુ વિનાની સ્થિતિ સૂચવે છેઃ ક્રોધ, માન, વગેરે આંતર્ રિપુઓપર પણ વિજય મેળવવાનું ગાંભીર્ય 'જૈન' શબ્દમાં સમાયેલું છે. એ ઘડી સુધી સર્વ ઇષ્ટાનિષ્ટ વસ્તુઓ તરફ સમભાવ રાખી સંસાર માંહેના સર્વ જીવને સ્વઆત્મા સમાન ગણવામાં જ સામાયકનું શુદ્ધ સ્વરૂપ સમાએલું છે, ને આત્મગુણને વિશેષ પુષ્ટિકારક છે. બાહ્યાંતર દુઃખ મટાડી, આંતર્ શાંતિ સ્થાપી, ઐહિક આમુષ્મિક સુખ આપનાર આ દિવ્ય ઔષધિ–ઉપાય છે. સત્ય કહેવામાં આવ્યું છે કે **रागादि ध्वांत विध्वंसे, कृते सामायकांशुना** સામાયકરૂપી સૂર્ય રાગાદિક અંધકાર દૂર કરે છે.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં એવો પાઠ છે કે—**सामाईएणं सावज्जजोगाविरइं**—સામાયક કરવાથી સાવદ્ય જોગ–પાપકારી કાર્યોથી નિવર્ત્તે. સંસ્કૃત ટીકાકાર અભયદેવ આ વિષે લખે છે કે-**सामाईयस्स त्तिसमो रागद्वेषवियुक्तो यः सर्व भूतान्यात्मवत्पश्यति, तस्य यः प्रतिक्षणमपूर्वापूर्वे ज्ञानदर्शनचारित्रपर्यायाणां निरुपमसुखहेतुभूतानामधः कृतचिन्तामणिकल्पद्रुमोपमानां लाभः समाय सः सुयोजनमस्यानुष्ठानस्योति सामायकं, तस्यसावद्ययोगनिषेधरूपस्य निरवद्ययोगाप्रतिषेधास्वभावस्य च ॥** ડોકટર હોર્નોલ તેનું એવું ભાષાંતર કરે છે કે, મનુષ્ય સમસ્વભાવી અને રાગદ્વેષ-રહિત થવાથી, સર્વ જીવને પોતાના સમાન જુવે છે અને

પરિણામે ચિંતામણી અને કલ્પવૃક્ષ આપી શકે એવાં અનુપમ સુખ આપનાર જ્ઞાન, દર્શન અને ચારિત્ર પ્રાપ્ત કરવાને પ્રતિક્ષણે પ્રયાસ કરવા શક્તિમાન્ થાય છે. આવી અગત્યની શક્તિ સ્થિતિ સંપાદન કરવી તે સામાયક કહેવાય છે, જેમાં નિષેધક કાર્યો કરતાં અટકવાનું છે અને અનિષેધક કાર્યો કરવા તત્પર થવાનું છે. સામાયકનું શુદ્ધ સત્ય સમજાવી આ વ્રતની સ્થિતિ વિષે ડોકટર હોર્નોલ એવો અર્થ ઉપજાવી કાઢે છે કે, એવો શાન્ત સ્વભાવ અને મનની એવી એકાગ્રતા કે જેનો કોઇ પણ જાતના વિકાર તેમજ બાહ્ય અકસ્માત્થી ભંગ થઇ શકે, પરંતુ તમામ ધ્યાન ધાર્મિક ક્રિયામાં લાગ્યું રહે.

જ્ઞાનીઓએ સામાયકનું રહસ્ય અને સ્વરૂપ એવું સમજાવેલું છે કે:—

त्यक्तार्त्तरौद्रध्यानस्य, त्यक्तसावद्यकर्मणः ॥
मुहूर्त्तंसमतायातां, विदुः सामायकव्रतम् ।

આર્ત્ત, રૌદ્ર ધ્યાન અને સાવદ્ય કર્મ—પાપકારી કાર્યો તજવાથી એક મુહૂર્ત—બે ઘડી જે સમતા આવે છે, તેને સામાયક વ્રત કહેલું છે. આ ઉપરથી વાચકો જાણી શકશે કે અમુક જાતનો ડ્રેસ પહેરીને એક કલાક ઉપાશ્રયમાં કે બીજે સ્થળે નવરા બેસવામાં, કે ઉંઘમાં ઝોકાં ખાવામાં સામાયકનો ખરો હેતુ પાર પડતો નથી. સમતા ભાવ થયા

વિના ખરે રસ્તે ચડી શકાતુ નથી. સામાયકની ક્રિયા એ સમતા ભાવના મેહેલમાં પહોંચવાનો સરલ માર્ગ છે એમાં સંશય નથી; પરંતુ આળસ, પ્રમાદ અને દુર્ગુણોના દબાણથી રસ્તામાં જ ઘણા પથીકો થાકી જઇ પ્રમાદી બની આગળ વધી શકતા નથી.

સમતા ભાવ માટે વિદ્વાનો એટલે સુધી કહે છે કેઃ—

किं तिव्वेण तवेणं, किं च जेवंण च किं चीरत्तेणं।
समयाइ विणमुक्खो, न हुहुउ कहवि न हुहोइ ॥

તીવ્ર તપ કરવાથી, કે જપ કરવાથી કે ચારિત્ર પાળવાથી શું થાય? પણ સમતાદિક વિના મોક્ષ કોઇને મળેલ નથી અને મળશે પણ નહિ. શ્રી મહાવીર પ્રભુએ આણંદ. શ્રાવકને કહ્યું હતું કેઃ—સાવદ્ય યોગને ત્યજી દઇ એક અંતર્મુહૂર્ત સુધી મનમાં શુભ ધ્યાન કરવું એ પહેલું સામાયક નામનું શિક્ષાવ્રત કહેવાય છે...જેણે પોતાના પિતાનો પણ વધ કર્યો હતો અને જે ઘણા લોકોને ત્રાસ પમાડવા માટે પંકાયેલો હતો, તે કેસરી ચોર પણ જેનાથી મોક્ષ પામ્યો, તેવી સમતા ભાવ વધારનારી સામાયક છે.

કર્મ ખપાવવા માટે તીવ્ર તપ કરતાં પણ સમતા ભાવને વધારે વજન આપવામાં આવ્યું છેઃ—

तिव्व तवं तवमाणो, जं नवि निठवइ जम्म कोडीहिं।
तं समभावि अचित्तो, खवेइ कम्मं खण द्धेणं ॥

તીવ્ર તપ કરતાં પણ ભવની કોડીયે કરી જે કર્મનો ક્ષય ન થાય તે, સમતા માંહે ચિત્તને પરોવતાં અર્ધ ક્ષણમાં પણ કર્મ ખપાવી શકે. સામાયક કરવાથી નવાં કર્મનો બોજો વધતો નથી પણ થયેલાં કર્મનો બોજો ઓછો થતો જાય છે.

સામાયકના પ્રકાર.

નિશ્ચય અને વ્યવહાર એવા સામાયકના બે પ્રકાર છે. કેટલાક શ્રાવકો તે મુજબ ભાવ અને દ્રવ્ય એમ બે પ્રકાર સૂચવે છે. ભાવ સામાયક આઠ પ્રકારે વર્ણવેલી છે.

सामइयं समइयं सम्मंवाऊ समास संखेवो ।
अणवज्झ च परिणा, पच्चखाणेय ते अठा ॥

સમતા ભાવ રાખવો તે **समभाव सामायक,** સર્વ જીવ ઉપર દયાભાવ રાખવો એ **सामाइय सामायक,** રાગ દ્વેષ રહિત યથાતથ્ય સત્ય વચન બોલવું તે **समवाद सामायक,** થોડા જ અક્ષરમાં તત્ત્વ સમજી જવું તે **समास सामायक,** થોડામાં કર્મનો ક્ષય થાય એવો સૂત્રાર્થ વિચારવો તે **संक्षेप सामायक,** પાપ રહિત વર્તન રાખવું તે **अनवद्य सामायक,** સામાયકના તત્ત્વને જાણી લેવું તે **परिज्ञा सामायक,** બંધનકારક ત્યાગેલી વસ્તુનો સ્વીકાર ન કરવો તે **प्रत्याख्यान सामायक.**

ભાવ સામાયકની સ્થિતિએ પહોંચવા, પ્રથમ દ્રવ્ય સામાયકમાં નિપુણ થવું જોઇએ-શુદ્ધ રીતે કરતાં શીખવું જોઇએ.

દ્રવ્ય સામાયકની સીડી પસાર કર્યા વિના ભાવ સામાયકના માળપર પહોંચવું મુસ્કેલ છે. દ્રવ્ય સામાયક બાંધતી વખતે સાવદ્ય જોગ સેવવાનાં પચ્ચખાણ કેટલાક કરે છે, સર્વ પ્રકારનાં પાપકારી કાર્યોની બંધી કરે છે, છતાં અનર્થ કરનારી નમાલી બાબતોમાં આ અમૂલ્ય અવસર એળે ગુમાવી કેટલાક લોકો તેવા દોષિત બને છે.

મન, વચન અને કાયા એ ત્રણે યોગની એકતા—સમતા થવાથી શુદ્ધ સામાયક થઇ શકે છે. આ કામ કાંઈ સહેલું નથી માટે ક્રમે ક્રમે પ્રયાસ પ્રારંભવો જોઇએ. પ્રથમ વયસા અને કાયસા સુદ્ધાં સંપાદન કરી પછી મનસા માટે યત્ન કરવો. સ્થૂળ ત્યાગ કરવા પછી માનસિક ત્યાગ પણ થઇ શકે છે. જે જે ત્યાજય, અગ્રાહ્ય અને સામાયકમાં દોષ લગાડનાર આવરણો હોય તેથી સાવચેત રહેતાં, પરિણામે મન શુદ્ધિ થઈ શકશે. દ્રવ્ય સામાયક કરીને મનને શાસ્ત્રાભ્યાસ, ધર્મધ્યાન, જાપ, ચીંતવન વગેરેમાં અને મુનિરાજનું વ્યાખ્યાન ચાલતું હોય તો તે શ્રવણ કરવામાં રોકવું. વચનને મુખ પાઠ કરેલા સૂત્રોનું સ્મરણ કરવામાં અથવા તો નવાં વાકયો ગોખવામાં રોકવું અને કાયાને શાસ્ત્રમાં ફરમાવેલા અશનમાં ગોપવવી અને ૧૦ મનના, ૧૦ વચનના તથા ૧૨ કાયાના એ બત્રીશ દોષમાંથી બચી શુદ્ધ સામાયક કરવા પ્રયાસ કરવો.

સામાયકની સ્થિતિમાં શ્રાવક થઇને સંસારમાં પણ સાધુ-પણું સંપાદન કરી શકે છે. આ સંબંધમાં કહેવામાં આવ્યું છે કેઃ—

सामाइआमेउकण, समणोइव सावओहवइजम्हा ।
एहणंकरणेणं, बहुसोसामाइयंकुज्जा ॥

સામાયક કરવાથી શ્રાવક સાધુ જેવો થાય છે અને તે માટે બહુ વાર સામાયક કરવું. સામાયકની મહત્તા અને તેથી સંપાદન થતી શાન્તિની કીંમત આજના ઘણા લોકો સમજતા નથી એટલે આ અમૃતના સુસ્વાદની તેમને ખબર જ પડતી નથી. સામાયકને મોક્ષ સુખની વાનકીની ઉપમા આપવામાં આવે છે એ અક્ષરશઃ સત્ય છે. કેટલાક કાયર જન તરફથી એવી દલીલ રજુ કરવામાં આવે છે કે સામાયક શુદ્ધ રીતે કરતાં આવડે તો જ તેનું ફળ છે, એ વિના ફળ મળતું નથી. તેમનું આ બોલવું વજન વિનાનું છે, તે વિદ્વાન્ શાસ્ત્રકારના નીચેના પ્રબળ સૂત્ર ઉપરથી સમજાશે. **या या क्रिया सा सा फलवती** જે કાંઇ ક્રિયા કરવામાં આવે તેનું કાંઇક ફળ તો મળે જ.

ગુરૂવંદના.

પ્રભાતનો શાંત સમય સામાયક માટે સાનુકૂળ છે. કેટલાક શ્રાવકો પોતાને ઘેર જ સામાયક કરી, વ્યાખ્યાન શ્રવણ કરવા ઉપાશ્રયમાં આવે છે જ્યારે કેટલાક ઉપાશ્રયમાં

તે વખતે જ સામાયક કરે છે. પરંતુ આજના પ્રવૃત્તિમય જમાનામાં સામાયક માટે જુદી સગવડતાવાળી શુદ્ધ જગો દરેક શ્રાવકને ત્યાં હોવી અસંભવિત છે, તેથી ઘણે ભાગે ઉપાશ્રયમાં જ સામાયક થાય છે. ઉપાશ્રયમાં યત્ના સહિત આવતાં, બિરાજમાન સાધુ સાધ્વીને સવિનય સપ્રેમ વંદના કરવી. ધર્મ ગુરૂઓને ભાવથી વંદન કરતાં ઘણો લાભ થાય છે. શ્રી ભગવતી સૂત્રમાં દેવગુરૂના દર્શન કરવાથી ૧૦ ગુણ પ્રાપ્ત થવાનું કહેલું છે. ૧ વિનય, ૨ સમકિત-શ્રદ્ધા, ૩ જ્ઞાન -શ્રવણ, ૪ વૈરાગ્ય સાથે વ્રત, ૫ આશ્રવરહિત સંવર-વૃદ્ધિ, ૬ ધૈર્ય ગુણ, ૭ તપ-ક્રિયા, ૮ ક્ષમા, ૯ કર્મની નિર્જરા, ૧૦ મોક્ષ પદ. ધર્મ ગુરૂઓને ૩૨ દોષ ટાળીને વંદન કરવાનું ફરમાવેલું છે. તેમાં ૨૫ મો દોષ **कर** છે. વેઠીઓ જેમ વેઠ કરે અથવા માથેથી કર ઉતારવા પ્રેમ વિના જેમ કાર્ય કરે તેમ વંદન કરતાં કરવું નહિ. ૨૯ મો દોષ **तन्मोचन** છે. ગુરૂને વંદન કર્યા વિના છુટકો નથી તેમ ધારીને વેઠ ઉતારવા વંદન કરવું એ પણ દોષ છે. એક તો વ્યવહાર પ્રપંચમાંથી બચવા માંડ માંડ ધર્મ સ્થાનકમાં જવાનું અને ત્યાં પણ માથે આવી પડેલ વેઠ મુજબ જો વંદન વગેરે ક્રિયા કરવામાં આવે તો તે દોષરૂપ છે. જે કરવું તે ભાવ સહિત સંપૂર્ણ શ્રદ્ધાથી કરવું જોઇએ.

સામાયક-ફળ.

સામાયકથી ફળ શું?

બે ઘડી સુધી આત્માનું સમભાવ અથવા સમતાથી પોષણ કરવાથી લાભ શું? એ પ્રશ્ન સ્વાભાવિક રીતે ઉપસ્થિત થાય છે. આત્માને શાંતિ–સમભાવ–સમતાનો લાભ થાય એ તો 'સામાયક'ના શબ્દાર્થ ઉપરથી જ સિદ્ધ થાય છે. સામાયકના વિધિને લગતા જે મંત્રો આ પુસ્તકના પ્રારંભમાં આપ્યા છે તે સઘળામાં અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ પંચપરમેષ્ઠીના ગુણોનું બયાન આપવામાં આવ્યું છે તથા તેમની કીર્તના કીધી છે. એક શ્રીમંત માણસનું ગુણકીર્તન કરીને તેની પ્રાર્થના કરવામાં આવે તો તેના પાસેથી લક્ષ્મીનો લાભ થાય, બુદ્ધિમંતનું ગુણકીર્તન તથા પ્રાર્થના કરીએ તો તે આપણને બુદ્ધિની પ્રાપ્તિ કરાવે, તેમ જ મોક્ષમાર્ગે વિચરેલા અરિહંતાદિ પંચપરમેષ્ઠીનું ગુણકીર્તન તથા પ્રાર્થના શામાટે હોય? ઉત્તર ખુલ્લો જ છે કે તેઓમાં જે પરમ શ્રેષ્ઠ ગુણો રહેલા છે તેનો યત્ કિંચિત્ અંશ પ્રાર્થીમાં પોતામાં આવે તેટલા માટે એટલે પંચપરમેષ્ઠીના ગુણોનું ધ્યાન ધરવારૂપ અને સમભાવના લાભ માટે પ્રાર્થના કરવારૂપ સામાયકનો હેતુ એ છે કે તેથી તેઓના પરમ શ્રેષ્ઠ

ગુણો આપણામાં આવે. અરિહંતાદિ પંચપરમેષ્ઠીનું સ્તવન કરવાની સાથે તેઓમાં રહેલા ગુણોની વિચારણા પણ કરવી જોઇએ, અને તેટલા માટે આ પ્રકરણમાં તેઓના અતિશય ગુણાદિકનું કથન કરવામાં આવશે. સામાયકનું અદૃશ્ય ફળ આ છે. પરન્તુ અલ્પજ્ઞ જીવો આ આમુષ્મિક સૂક્ષ્મ કે અદૃશ્ય ફળની કલ્પના કરી શકતા નથી, અને તેટલા માટે કહેવામાં આવે છે કેઃ—

"दिवसे दिवसे लक्खं देइ सुवन्नस्स खंडियं एगो।
" एगो पुण सामाइयं करेइ पहू न तस्स ॥"

અર્થ—એક માણસ દરરોજ લાખ લાખ ખાંડી સુવર્ણનું દાન આપે અને એક માણસ દરરોજ સામાયક કરે તો દાન કરનાર કરતાં સામાયક કરનારને વિશેષ લાભ થાય છે. સામાયકના ફળનો દૃશ્ય ખ્યાલ આપવા માટે આ કથન કરવામાં આવેલું છે અને તે પરથી સામાયકના ઉત્તમ ફળની કલ્પના કરી શકાશે. જ્યાં દાન કરનાર જ નથી ત્યાં દાનનું માહાત્મ્ય શું સમજાવવું? મહાન્ ચક્રવર્તીઓથી પણ ન બની શકે એવા દરરોજની લાખ કરોડ સોનામહોરના કરતાં પણ સામાયકનું માહાત્મ્ય—લાભ વિશેષ છે; માત્ર સમભાવપૂર્વક કરવામાં આવે તો જ; સમભાવથી સામાયક કરવા માટે કેટલીક વસ્તુઓ, સંયોગો અને સ્થળાદિની અ-

નુકૂળતા પણ જોઇએ છે. આંતર્ શાંતિને માટે બાહ્ય શાંતિ અને સ્વચ્છ તથા જીવરક્ષા કરે તેવાં ઉપકરણો પણ જોઇએ અને તેટલા માટે મુહપત્તિ આદિ ઉપકરણોને સામાયકમાં પસંદ કરવામાં આવે છે.

(૧) મુહપત્તિ—વાયુમાં ઉડતા સૂક્ષ્મ જીવોનું આપણા મુખમાંથી નીકળતા ઉષ્ણ શ્વાસથી મરણ ન થાય એ હેતુથી તથા સૂત્ર સિદ્ધાંત વાંચતાં થુંક આદિ ન ઉડે એવા બન્ને હેતુથી મુહપત્તિ પ્રથમ જીવજંતુની હિંસા ન થાય એવી સંભાળથી જોઈ મુખે બાંધવી. **(૨) પથરણું**—એકદમ બેસતાં આપણા નીચે રહેલા જીવોની હિંસા ન થાય એ હેતુથી બનતાં સુધી ગરમ કપડાનું પથરણું સંભાળપૂર્વક પાથરી બેસવું. સુતરાઉ કપડાના પથરણામાં માકડ, જૂ, આદિ નાના જીવો ભરાઈ રહેવાનો સંભવ છે, જેથી કેટલીક વખત આપણી અસાવધતાને લઇને ઉપરોક્ત જીવોનું મરણ થઈ જાય એ હેતુથી એ ગરમ કાપડનું પથરણું વધારે આવશ્યક છે. **(૩) ગોછો અથવા રજોહરણ**—શરીરની આસપાસ ઉડતા જીવોના રક્ષણ માટે તથા શરીર ઉપર ફરતા જીવોને હાથ અડકવાથી જીવોનું મરણ થઇ જાય એ માટે હાથ નહિ લગાડતાં ગરમ ઉનનો બનેલો ગોછો અગર રજોહરણ શરીર ઉપર ફેરવી જીવોને દૂર કરતાં જી-

વોનું રક્ષણ થાય છે. (૪) **પહેરવા ઓઢવાનાં કપડાં**-સામાયકમાં ઓઢવા તથા પહેરવાનાં ખાસ જુદાંજ કપડાં હોવાં જોઇએ, જે બન્ને વસ્ત્રો પાંચ હાથથી વધારે લાંબાં હોવાં ન જ જોઇએ, તેમ વચ્ચે સાંધાવાળાં પણ હોવાં ન જોઇએ કેમકે સાંધામાં બારીક જીવજંતુઓ ભરાઇ રહે છે. દરેક ચીજ એવી હોવી જોઇએ કે જે આપણા એકાગ્ર ધ્યાનને ચલિત કરવા સહાયભૂત ન જ બને. સમભાવના લાભ માટે-આંતર્ શાંતિ મેળવવા માટે આટલાં પવિત્ર બાહ્ય ઉપકરણોની જરૂર પડે છે અને સામાયકમાં તેનો ઉપયોગ કરવામાં આવે છે.

નમોક્કાર મંત્ર.

જેનું દરેક માંગલિક કાર્યમાં સ્મરણ કરવામાં આવે છે, અને જે ચૌદ પૂર્વના સારરૂપે પ્રસિદ્ધ છે, જેનાથી સકળ કાર્યો સિદ્ધ થાય છે, જેનાથી સર્વ પ્રકારના પાપનો નાશ કરી શકાય છે અને જે સઘળી જાતના મહાન્ મંત્રોના શિરોમણિરૂપ છે, જેનો અંત નથી, આદિ નથી, ત્રણે કાળ જેનું એક જ સ્વરૂપ છે, એવા મહામંત્ર ' નમોક્કાર ' નું સ્મરણ સામાયકમાં સૌથી પહેલાં કરવામાં આવે છે; અને પછી જે પાઠો છે તે પણ આ મંત્રમાં કહેલા પંચપરમેષ્ઠીનું વિસ્તૃત સ્વરૂપમાં ગુણકીર્તન તથા પ્રાર્થના છે.

આ નમોક્કાર મંત્રમાં કહેલા પંચપરમેષ્ઠીના ગુણાદિનું યથાર્થ સ્વરૂપ આ નીચે છે, જે મનન કરવાયોગ્ય છે. સામાયક કરનારે ધ્યાનમાં રાખવું જોઇએ કે એ પરમ શ્રેષ્ઠ ગુણોનો લાભ પોતાના આત્માને થાય તે કારણથી તેની પ્રાર્થના તથા ચિંતવન તે કરે છે અને તેટલા માટે તેનું શ્રવણ મનન તેણે કરવું તે આવશ્યક છે.

અરિહંત.

(અરિહંતનું સ્વરૂપ, વ્યાખ્યા અને ગુણાનુક્રમ.)

અરિહંત, સિદ્ધ, પ્રવચન, ગુરૂ, સ્થિવર, પંડિત, અને તપસ્વી એ સાતના ગુણાનુવાદ કરવાથી, જ્ઞાનમાં વારંવાર ઉપયોગ કરવાથી, સમ્યકત્વ નિર્મળ પાળવાથી, ગુરૂ આદિ પૂજ્ય જનોનો વિનય કરવાથી, નિરંતર પાંચ આવશ્યક (પ્રતિક્રમણ) કરવાથી, શીલ આદિ વ્રત દોષરહિતપણે પાળવાથી, સદા વૈરાગ્ય ભાવ રાખવાથી, બાહ્ય આભ્યંતર તપશ્ચર્યા કરવાથી, સુપાત્ર દાન દેવાથી, ગુરૂ, રાગી, તપસ્વી અને નવદિક્ષિતની સેવા કરવાથી, ક્ષમા રાખવાથી, હમેશાં નવા જ્ઞાનનો અભ્યાસ કરવાથી, શ્રી જીનેશ્વરની વાણી શ્રદ્ધાપૂર્વક સાંભળવાથી, અને જૈન ધર્મની તન, મન, ધનથી સેવા કરવાથી પ્રાણી તીર્થંકર ગોત્ર ઉપાર્જન કરે છે. તીર્થં-

કર ગોત્ર ઉપાર્જન કર્યા પછી એક ભવ સ્વર્ગ યા નરકમાં રહીને કર્મભૂમિના પંદર ક્ષેત્રમાં, ઉત્તમ કુળમાં, આર્ય દેશમાં માતાને ચૌદ સ્વપ્ન પ્રાપ્ત કરાવી મનુષ્ય જન્મ માટે ગર્ભમાં આવે છે. સવાનવ માસ પૂર્ણ થયે શુભ યોગમાં જન્મ થાય છે જ્યારે ચોસઠ ઇંદ્રાદિક, છપ્પન કુમારિકા જન્મોત્સવ કરે છે. યુવાવસ્થા પ્રાપ્ત થતાં ભોગાવલી કર્મના બળે લગ્ન કરી શુષ્ક વૃત્તિથી ભોગ ભોગવે છે, દિક્ષા લેવા અગાઉ એક વરસ સુધી દરરોજ એક કરોડ ને આઠ લાખ સોનૈયાનું દાન કરે છે. પછી નવ લોકાંતિક દેવો આવી ચેતાવે છે, ત્યારે આરંભ પરિગ્રહનો મન, વચન અને કાયાના યોગે ત્યાગ કરી દિક્ષા ગ્રહણ કરે છે. દિક્ષા લીધા પછી થોડો વખત છદ્મસ્થ રહી દેવ, દાનવના અનેક જાતના ઉપસર્ગો સહન કરે છે અને અનેક જાતની તપશ્ચર્યાવડે ચાર ધનધાતી કર્મ (જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, અંતરાય)નો ક્ષય કરે છે, એટલે પછી તે અરિહંત પદને પામે છે.

અરિહંતના બાર ગુણ—અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર, અનંત તપ, અનંત બળ વીર્ય, અનંત ક્ષાયિક સમ્યકત્વ, વજ્રઋષભ નારાચ સંઘયણ, સમચૌરસ સંસ્થાન, ચોત્રીસ અતિશય, પાંત્રીશ વાણી ગુણ, એક હજાર આઠ ઉત્તમ લક્ષણ, અને ચોસઠ ઇંદ્રના પૂજનિક.

અરિહંતના ચોત્રીસ અતિશય—વાળ મર્યાદા ઉપરાંત વધે નહિ, શરીરને રજ આદિ કાંઈ અશુભ પદાર્થ અડે નહિ, લોહી અને માંસ દુધથી અધિક ઉજળા હોય, શ્વાસોચ્છ્વાસ સુગંધી હોય, આહાર આદિ કોઈ જોઈ શકે નહિ (માત્ર અવધિ જ્ઞાનવાળા જ જોઇ શકે), વિહાર કરે ત્યારે તેઓની આગળ આગળ આકાશમાં દેદીપ્યમાન ગરણાટ શબ્દ કરતા ચક્ર ચાલે, બન્ને બાજુ રત્નની દાંડીવાળા ચામર વિંઝાય, બિરાજે ત્યારે રત્નમણીનું સિંહાસન થાય, આગળ અનેક નાની ધ્વજાઓવાળી એક મોટી ધ્વજા દેખાય, જ્યાં પ્રભુ બિરાજે ત્યાં તેમના શરીરથી બાર ગણું ઉચું અશોક વૃક્ષ થાય, પ્રભુની પાછળ અંધકારનો નાશ કરનાર પ્રભામંડળ દેખાય, જ્યાં જ્યાં પ્રભુ વિચરે ત્યાં ત્યાં જમીન એક સરખી સાધી થઈ જાય, કાંટા હોય તે અવળા થઈ જાય, પ્રભુ વિચરતા હોય ત્યાંથી એક યોજન સુધી શીતળ સુગંધી પવન આવે, ધૂળ આદિ ન ઉડે એવા હેતુથી એક યોજન અચેત વરસાદ વરસે, અચેત પુષ્પવૃષ્ટિ એક યોજન સુધી થાય (જેનાં મુખ ઉંચાં અને બીંટ નીચાં રહે છે), ખોટા વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, નાશ પામે, સારા વર્ણ ગંધ ઇત્યાદિ પ્રાપ્ત થાય, વ્યાખ્યાન એક યોજન સુધી સંભળાય, સૌને પ્રિય લાગે, અર્ધમાગધી ભાષામાં દેશના આપે,

ભગવતની ભાષા આર્ય, અનાર્ય, પશુ પક્ષી, વગેરે સૌ પોતપોતાની ભાષામાં સમજી જાય, દેશના સાંભળી જાતિવૈર દૂર થાય (વાઘ બકરી, ઉંદર બીલાડી, સાથે બેસે), ભગવંત વિચરતા હોય ત્યાં આજુબાજુ ૨૫ યોજન સુધી તીડ આદિનો ઉપદ્રવ થાય નહિ, મરકી આદિ રોગ થાય નહિ, રાજા કે લશ્કરનો ઉપદ્રવ થાય નહિ, પરદેશી રાજા-લશ્કરનો પણ ઉપદ્રવ થાય નહિ, અતિ વરસાદ ન થાય, ઓછો વરસાદ ન થાય, દુષ્કાળ ન પડે, ક્યાંય ઉપદ્રવ હોય તો ભગવાનના પધારવાથી નાશ પામે.

ગયાના આગલા કાળમાં થએલા ૨૪ અરિહંત-શ્રી કેવળજ્ઞાનીજી, શ્રી **નિર્વાણીજી**, શ્રી **સાગરજી**, શ્રી **મહાશયજી**, શ્રી **વિમલપ્રભુજી**, શ્રી **સર્વાનુભૂતિજી**, શ્રી **શ્રીધરજી**, શ્રી **દત્તજી**, શ્રી **દામોદરજી**, શ્રી **સુતેજજી**, શ્રી **સ્વામિનાથજી**, શ્રી **મુનિસુવ્રતજી**, શ્રી **સુમતિજી**, શ્રી **શિવગતિજી**, શ્રી **અસ્તાંગજી**, શ્રી **નમીશ્વરજી**, શ્રી **અનિલજી**, શ્રી **યશોધરજી**, શ્રી **કૃતાર્થજી**, શ્રી **જીનેશ્વરજી**, શ્રી **શુદ્ધમતિજી**, શ્રી **શીવંકરજી**, શ્રી **સ્યંદનજી**, શ્રી **સંપ્રાતજી**.

ગયા કાળમાં થએલા ૨૪ અરિહંત-શ્રી **ઋષભદેવ**, શ્રી **અજીતનાથ**, શ્રી **સંભવનાથ**, શ્રી **અભિનંદન**, શ્રી **સુમતિનાથ**, શ્રી **પદ્મપ્રભુ**, શ્રી **સુપાર્શ્વનાથ**, શ્રી **ચંદ્ર**-

પ્રભ, શ્રી સુવિધિનાથ, શ્રી શીતળનાથ, શ્રી શ્રેયાંસનાથ, શ્રી વાસુપુજ્ય, શ્રી વિમળનાથ, શ્રી અનંતનાથ, શ્રી ધર્મ-નાથ, શ્રી શાન્તિનાથ, શ્રી કુંથુનાથ, શ્રી અરનાથ, શ્રી મલ્લીનાથ, શ્રી મુનિસુવ્રત, શ્રી નમીનાથ, શ્રી નેમનાથ, શ્રી પાર્શ્વનાથ, શ્રી મહાવીર સ્વામી.

હાલ પાંચ મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા ૨૦ અરિહંત—શ્રી સીમંધર સ્વામી, શ્રી યુગમંદિર સ્વામી, શ્રી બાહુસ્વામી, શ્રી સુબાહુસ્વામી, શ્રી સુજાતસ્વામી, શ્રી સ્વયં-પ્રભસ્વામી, શ્રી રિષભાનંદસ્વામી, શ્રી અનંતવીર્યસ્વામી, શ્રી સુરપ્રભસ્વામી, શ્રી વિશાલધરસ્વામી, શ્રી વિજયધરસ્વામી, શ્રી ચંદ્રાનનસ્વામી, શ્રી ચંદ્રબાહુસ્વામી, શ્રી ઈશ્વરસ્વામી, શ્રી ભૂજંગસ્વામી, શ્રી નેમપ્રભુસ્વામી, શ્રી વીરસેનસ્વામી, શ્રી મહાભદ્રસ્વામી, શ્રી દેવયશસ્વામી, શ્રી અનંતવીર્યસ્વામી.

આ ચાલુ કાળમાં વિચરતા તીર્થંકરોનું ૮૪ લાખ પૂર્વનું આયુષ્ય છે, અને ૫૦૦ ધનુષ્યનું દેહમાન છે. ઓછામાં ઓછા ૨૦ અને વધારેમાં વધારે ૧૭૦ તીર્થંકરો એક કાળમાં થાય છે. ગત ચોવિશીના બીજા તીર્થંકર શ્રી અજીતનાથ જ્યારે આ દેશમાં વિચરતા ત્યારે ૧૭૦ તીર્થંકરો હતા.

આવતા કાળે થનારા ૨૪ અરિહંત—શ્રી પદ્મ-નાથજી (શ્રેણીક રાજાનો જીવ), શ્રી સુરદેવજી (શ્રી સુપા-

શ્વનો જીવ), શ્રી સુપાર્શ્વજી (ઉદાઇ રાજાનો જીવ), શ્રી સ્વયંપ્રભુજી (પોટીલા અણગારનો જીવ), શ્રી સર્વાનુભૂતિજી (દૃઢયુદ્ધ શ્રાવકનો જીવ), શ્રી દેવશ્રુતિજી (કાર્તિક શેઠનો જીવ), શ્રી ઉદયનાથજી (શંખ શ્રાવકનો જીવ), શ્રી પેઢિ-શ્રુજી (સુનંદ શ્રાવકનો જીવ), શ્રી સત્કીર્તિજી (સતક શ્રા-વકનો જીવ), શ્રી મુનિવ્રતજી (દેવકીજી માતાનો જીવ), શ્રી અમમજી (શ્રી કૃષ્ણનો જીવ), શ્રી નિઃકષાયજી (સુજે-ષ્ઠાના પુત્રનો જીવ), શ્રી નિષ્પુલાકજી (બલભદ્રનો જીવ), શ્રી નિર્મમજી (સુલસા શ્રાવિકાનો જીવ), શ્રી ચિત્રગુપ્તજી (રોહિણીનો જીવ), શ્રી સમાધિનાથજી (કોલાપાક બોરા-યાનો જીવ), શ્રી સંવરનાથજી (સતતીલક શ્રાવકનો જીવ), શ્રી યશોધરનાથજી (દીપાયમાન તાપસનો જીવ), શ્રી વિ-જયજી (કરણનો જીવ), શ્રી મલ્લદેવજી (મલ્લનારદનો જીવ), શ્રી દેવચંદ્રજી (અંબડશ્રાવકનો જીવ), શ્રી અનંતવીર્યજી (અમરનો જીવ), શ્રી ભદ્રંકરજી (સ્વતકનો જીવ).

સિદ્ધ.

(સકળ કાર્ય જેણે સાધ્યાં છે તે ‘સિદ્ધ.’)

ઉપદ્રવ રહિત, અચલ, જન્મ-કર્મ રહિત, અંતરહિત, અક્ષય, પીડા રહિત, પૂનઃજન્મ રહિત સ્થળને “સિદ્ધગતિ” કહે છે કે જ્યાં રહેનારાઓ સિદ્ધ ભગવાન્ કહેવાય છે.

" સિદ્ધ પ્રભુ ક્યાં જઈ અટક્યા ? ક્યાં જઈ સ્થિર રહ્યા ? ક્યાં શરીરનો ત્યાગ કર્યો ? અને ક્યાં સિદ્ધ થયા ?" "સિદ્ધ પ્રભુ આ લોકમાં અટક્યા, લોકના અગ્ર ભાગમાં સ્થિર રહ્યા, મનુષ્ય લોકમાં શરીરનો ત્યાગ કર્યો, મોક્ષમાં સિદ્ધ થયા." **(શ્રી ઉવવાઈ સૂત્ર).**

૧૫ પ્રકારે સિદ્ધ—તીર્થંકર સિદ્ધ, અતીર્થંકર સિદ્ધ, તીર્થે સિદ્ધ, અતીર્થે સિદ્ધ, સ્વયંબુદ્ધ સિદ્ધ, પ્રત્યેકબુદ્ધ સિદ્ધ, બુદ્ધ-બોધિત સિદ્ધ, સ્ત્રીલિંગ સિદ્ધ, પુરૂષલિંગ સિદ્ધ, નપુંસકલિંગ સિદ્ધ, સ્વલિંગ સિદ્ધ, ગૃહલિંગ સિદ્ધ, એક સિદ્ધ, અનેક સિદ્ધ.

૧૪ પ્રકારે સિદ્ધ—તીર્થ પ્રવર્તે ત્યારે ૧૦૮ સિદ્ધ થાય. તીર્થનો વિચ્છેદ હોય ત્યારે ૧૦ સિદ્ધ થાય. તીર્થંકર ૨૦ સિદ્ધ થાય, સામાન્ય કેવળી ૧૦૮ સિદ્ધ થાય, સ્વયંબુદ્ધ ૧૦૮, પ્રત્યેક બુદ્ધ ૬, બુદ્ધબોધિત ૧૦૮, સ્વલિંગ ૧૦૮, અન્યલિંગ ૧૦, ગૃહસ્થલિંગ ૪, સ્ત્રીલિંગ ૨૦, પુરૂષલિંગ ૧૦૮, નપુંસકલિંગ ૧૦, સર્વ ભેગા વધારેમાં વધારે ૧૦૮ એક સમયમાં સિદ્ધ થાય. પહેલી, બીજી અને ત્રીજી નરકમાં-થી નીકળેલા ૧૦ સિદ્ધ થાય. ચોથી નરકમાંથી ૪, પૃથ્વી પાણીમાંથી ૪, વનસ્પતિમાંથી ૬, પંચેંદ્રિય ગર્ભજ તિર્યંચ તિર્યંચણીમાંથી ૧૦, મનુષ્યણીમાંથી ૨૦, ભવનપતિ વાણુવ્યંતર જ્યોતિષી દેવતામાંથી ૧૦, ભવનપતિ વાણુવ્યંતરની દેવીમાંથી

૫, જ્યોતિષીની દેવીમાંથી ૧૦, વૈમાનિક દેવમાંથી ૧૦૮, દેવીમાંથી ૨૦, સિદ્ધ થાય.

સિદ્ધના આઠ ગુણ—અનંતજ્ઞાની, અનંતદર્શની, વ્યાધિરહિત, ભારે હલકાપણા રહિત, જન્મ–મરણરહિત, નિરાકાર, દોષરહિત, અનંતશક્તિમાન્.

સિદ્ધ ભગવાન કેવા છે?—સિદ્ધની અવસ્થાનું વર્ણન કરવાને કોઈ શબ્દમાં શક્તિ નથી, કલ્પના ત્યાં જઈ શકતી નથી, બુદ્ધિ પહોંચી શક્તિ નથી. સિદ્ધ જીવો માટે કોઈ ઉપમા નથી, કેમકે તે અરૂપી છે. એઓની અવસ્થા વિશેષ નથી એથી વર્ણન કરવાની કોઈ શબ્દમાં શક્તિ નથી. શબ્દરૂપ નથી, રૂપરૂપ નથી, ગંધરૂપ નથી, રસરૂપ નથી અને સ્પર્શરૂપ નથી. (જુઓ આચારાંગ સૂત્ર અ. ૫. ઉ. ૬. ગાથા ૩૩૦, ૩૩૨, ૩૩૩).

त्वामव्ययं विभुमचिंत्यमसंख्यमाद्यम्
ब्रह्माणमीश्वरमनंतमनंगकेतुम् ।
योगीश्वरं विदितयोगमनेकमेकम्
ज्ञानस्वरूपममलं प्रवदंति संतः ॥

અર્થ—હે પ્રભો! તમે અવ્યય, વિભુ, અચિન્ત્ય, અસંખ્ય, આદ્ય, બ્રહ્મા, ઇશ્વર, અનંત, અનંગકેતુ, યોગીશ્વર, યોગને જાણનાર, અનેક અને એક છો. સત્પુરુષો

તમને અનેક વિશેષણોથી ઓળખે છે. જ્ઞાનના સાક્ષાત્ સ્વરૂપ રૂપે અને વળી નિર્મળ પણ કહે છે. (**ભક્તામર શ્લો. ૨૪**)

આચાર્ય.

આચાર્ય—આદરવા–અંગીકાર કરવા યોગ્ય વસ્તુઓને પોતે આદરે તથા બીજાને અંગીકાર કરાવે તે આચાર્યના ૩૬ ગુણ છે. પાંચ મહાવ્રત, પાંચ આચાર, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ સહિત પાંચ ઇંદ્રિય વશ કરે, નવ વાડ વિશુદ્ધ બ્રહ્મચર્ય પાળે, ચાર કષાય વર્જે, એ ૩૬ ગુણ જેનામાં હોય તેને આચાર્ય કહેવા.

પાંચ મહાવ્રત—સર્વથા જીવહિંસા કરે નહિ, સર્વથા જુઠું બોલે નહિ, સર્વથા ચોરી કરે નહિ, સર્વથા મૈથુન સેવે નહિ, સચેત અચેત કે મિશ્ર એ ત્રણ પ્રકારનો પરિગ્રહ રાખે નહિ.

પાંચ આચાર—જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર, વીર્યાચાર.

પાંચ સમિતિ—ઇર્યાસમિતિ, ભાષાસમિતિ, એષણાસમિતિ, આદાનભંડમતનિખેવણાસમિતિ અને પારિષ્ટાપનિકાસમિતિ.

ત્રણ ગુપ્તિ—મનગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિ.

પાંચ ઇંદ્રિય—શ્રોત્રેંદ્રિય, ચક્ષુઇંદ્રિય, ઘ્રાણેંદ્રિય, રસેંદ્રિય, સ્પર્શેન્દ્રિય.

બ્રહ્મચર્ય—જ્યાં મનુષ્ય, દેવતા અને તિર્યંચની સ્ત્રી હોય ત્યાં રહે નહિ, સ્ત્રીના શૃંગાર, રૂપ જુએ નહિ, હાસ્ય ગીત રૂદન સાંભળે નહિ, સંસારમાં સ્ત્રીના ભોગ ભોગવ્યા હોય તે યાદ કરે નહિ, સરસ કામોત્તેજક આહાર કરે નહિ, મર્યાદા ઉપરાંત આહાર કરે નહિ, શરીરે શોભા કરે નહિ. (શુદ્ધ શીલ પાળનારો સદા નિર્મળ છે, તેને બાહ્ય સ્નાનની જરૂર નથી.)

ચાર કષાય—ક્રોધથી પ્રીતિનો, માનથી વિનયનો, માયાથી મિત્રતાનો અને લોભથી સર્વ સદ્‌ગુણોનો નાશ થાય છે, જ્યારે ક્ષમાથી ક્રોધનો, વિનયથી માનનો, સરળતાથી માયાનો અને સંતોષથી લોભનો નાશ થાય છે.

આવી રીતે છત્રીસ ગુણધારક આચાર્યને ૮ સંપદા હોય છે જેનાં નામઃ—આચાર સંપદા, શ્રુત સંપદા, શરીર સંપદા, વચન સંપદા, વ્યાખ્યાન સંપદા, મતિ સંપદા, પ્રયોગ સંપદા અને સંગ્રહ સંપદા.

ચાર વિનય—આચાર વિનય, શ્રુત વિનય, વિક્ષેપના વિનય, દોષપરિઘાત વિનય.

ઉપાધ્યાય.

ઉપાધ્યાય—ગુર્વાદિક પાસે શાસ્ત્રનું સંપૂર્ણ જ્ઞાન મેળવેલું હોય અને જેની પાસે ઘણા સાધુઓ અને ગૃહસ્થો જ્ઞાનનો અભ્યાસ કરતા હોય એવા ઉપાધ્યાયજીના ૨૫ ગુણ છે.

૧૨ અંગ શીખેલા હોય, કરણસિત્તરી ચરણસિત્તરી ગુણયુક્ત હોય, આઠ પ્રભાવનાથી જૈન મત દીપાવે, ત્રણ યોગને વશ કરે, એ ૨૫ ગુણ ઉપાધ્યાયજીના છે.

૧૨ અંગ–આચારાંગ, સૂયગડાંગ, ઠાણાંગ, સમવાયાંગ, ભગવતી, જ્ઞાતા, ઉપાસકદશાંગ, અંતગડદશાંગ, અનુત્તરોવવાઇ, પ્રશ્નવ્યાકરણ, વિપાક, દૃષ્ટિવાદ; દૃષ્ટિવાદાંગ છોડીને બાકીનાં ૧૧ અંગનાં ૧૧ ઉપાંગ શ્રી ગણધરજીએ રચેલાં છે.

૧૧ ઉપાંગ–આચારાંગનું ઉપાંગ ઉવવાઇ, સૂયગડાંગનું ઉપાંગ રાયપસેણી, ઠાણાંગનું ઉપાંગ જીવાભિગમ, સમવાયાંગનું ઉપાંગ પન્નવણા, ભગવતીનું ઉપાંગ જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ, જ્ઞાતાનું પહેલું ઉપાંગ ચંદ્રપ્રજ્ઞપ્તિ, જ્ઞાતાનું બીજું ઉપાંગ સૂર્યપ્રજ્ઞપ્તિ, ઉપાસકદશાંગનું ઉપાંગ નિરિયાવલિકા, અંતગડદશાંગનું ઉપાંગ કપ્પવડિંસીયા, અનુત્તરોવવાઇનું ઉપાંગ પુપ્ફીયા, પ્રશ્ન વ્યાકરણનું ઉપાંગ પુપ્ફચુલીયા, વિપાકનું ઉપાંગ વન્હિદશા. એ ઉપરાંત ૪ છંદ અને ૪ મૂળ સૂત્રો છે જ્યારે ૩૨ મું આવસ્યક સૂત્ર છે.

(કરણસિત્તરીના ૭૦ અને ચરણસિત્તરીના ૭૦ ગુણ છે જે વિસ્તારના ભયથી અત્રે લખ્યા નથી.)

૮ પ્રભાવના–૧ પ્રવચની, ૨ ધર્મકથક, (અખેવણી, વિખેવણી, સંવેગણી, નિવ્વેગણી,) ૩ નિરોપવાદ, ૪ ત્રિકાલજ્ઞ, ૫ તપસ્વી, ૬ વ્રત, ૭ સર્વ વિદ્યાના જાણ, ૮ કવિ.

ત્રણ યોગ–મન, વચન, કાયાને વશ કરે.

ઉપાધ્યાયની ૧૬ ઉપમા–શંખ, અશ્વ, સુભટ, બળદ, સિંહ, વાસુદેવ, ચક્રવર્તી, ઇંદ્ર, સૂર્ય, ચંદ્ર, જંબુ, સુદર્શણવૃક્ષ, સીતાનદી, મેરૂપર્વત, સ્વયંભૂ.

સાધુ.

માત્ર આત્માની સિદ્ધિ કરવા તરફ જ જેનું લક્ષ છે, મોક્ષ તરફ જ દૃષ્ટિ રાખી જે આત્મસાધન કરે છે તે સાધુ કહેવાય છે, જેનાં ૪ નામ છે. માહણ, સમણ, ભિખ્ખુ, નિગ્રંથ.

માહણ–કાયાદિકની સર્વ ક્રિયાથી નિવર્તે, પાપકર્મ, રાગ, દ્વેષ, ક્લેષ, ચુગલી, અવર્ણવાદ, હર્ષશોક, કપટ, જુઠ, બીજા મતની શ્રદ્ધાથી નિવર્તે, પાંચ સમિતિ સહિત હોય, સદાકાળ છકાય અને સંયમના રક્ષક હોય તે માહણ–મહાત્મા કહેવાય છે.

સમણ–કોઇના આશ્રય રહિત, કરણીના ફળની વાંછા રહિત, કષાય રહિત, હિંસા, જુઠ, ચોરી, મૈથુન, ક્રોધ, માન, માયા, લોભ, રાગ દ્વેષ રહિત, ઇંદ્રિયોનું દમન કરનાર શરીરની મમતાને છોડે તે સમણ–સાધુ કહેવાય છે.

ભિખ્ખુ–નિર્વદ્ય ભિક્ષાથી શરીરનો નિર્વાહ કરે, અભિમાન રહિત, વિનય નમ્રતા સહિત, દેવ–દાનવ અને માનવના ઉપસર્ગો સહન કરે, નિરતિચાર વ્રત પાળે, અધ્યા-

ત્મયોગી હોય, સંયમ તપમાં સ્થિર હોય, બીજાને નિમિત્ત બનાવેલો આહાર લે, તે ભિખ્ખુ કહેવાય છે.

નિગ્રંથ–રાગદ્વેષ રહિત એકલા રહે, તત્વજ્ઞ, સર્વથા આશ્રવના નિરૂધન, સુમતિવંત, સમાધિસ્થ, પૂજા, સત્કાર, સન્માનની ઇચ્છા રહિત, એકાંત ધર્મના અર્થી, ક્ષમા આદિ દશવિધિ ધર્મના ભિન્ન ભેદના જાણકાર, મોક્ષમાર્ગનો અંગીકાર કરનાર, કાયાની મમતા રહિત હોય તે નિગ્રંથ સાધુ કહેવાય છે.

સાધુના ૨૭ ગુણ—(૫) પાંચ મહાવ્રત પાળે, (૧૦) પાંચે ઇંદ્રિયના ૨૩ વિષયથી નિવર્તે, (૧૪) ચાર કષાય રહિત, (૧૫) પાપથી મન નિવર્તાવી ધર્મ માર્ગમાં પ્રવર્તે, (૧૬) કારણુ જેટલું જ નિર્દોષ બોલે, (૧૭) કાયાની ચપળતા નિવારે, (૧૮) અંતઃકરણમાં પરિણામની ધારા સદા નિર્મળ રાખે, (૧૯) કરણસિત્તરીના ૭૦ ગુણયુક્ત હોય, (૨૦) મન વચન કાયાના જોગની સત્યતા રાખે, (૨૧) મતિ શ્રુત અંગ ઉપાંગ આદિ જેટલું હાજર હોય તેટલું શીખે, (૨૨) કષાય, નોકષાય, મોહનીય દોષરહિત હોય, નિર્મળ સમ્યકત્વ પાળે, (૨૩) સામાયક, છંદોપસ્થાપની, આદિ ચારિત્રયુક્ત હોય, (૨૪) ક્ષમાવંત હોય, (૨૫) સદા વૈરાગ્યવંત હોય, (૨૬) ક્ષુધાદિક ૨૨ જાતના પરિસહ સમ ભાવે સહન કરે, (૨૭) મરણથી ડરે નહિ–સમાધિ મરણ કરે.

(૫૨ અનાચરણ, ૨૦ અસમાધિ દોષ, ૨૧ મોટા દોષ, ૩૨ યોગસંગ્રહ, જે માત્ર સાધુઓને જાણવાના છે તે અત્રે લખ્યા નથી).

પાંચ અવંદનીય–પાસત્થા, ઉસન્ના, કુશીલીયા, સંસત્તા, અહચ્છંદા.

સાધુજીની ૩૨ ઉપમા—કાંસીપત્રઇવ, સંખઇવ, જીવગઇઇવ, સુવણ્ણઇવ, ભિંગઇવ, કુમ્મોઇવ, પદ્મકમળઇવ, ગગણ્ણઇવ, વાયુઇવ, ચંદ્રઇવ, આઇચ્ચઇવ, સમુદ્દઇવ, ભારંડઇવ, મંદરઇવ, તોષઇવ, ખઙ્ગહત્થોઇવ, ગંધત્થીઇવ, વૃષભઇવ, સિંહઇવ, પુઢવીઇવ, વન્હીઈવ, ગોશીષચંદ્રણેઇવ, દહઇવ, ખિલ્લીઇવ, શૂન્યગેહઇવ, દીવેઇવ, શસ્ત્રધારઇવ, સપ્પઇવ, સકુણઇવ, મિગ્ગઇવ, કઠઇવ, સ્ફાટકરયણઇવ.

(એવા ગુણાતિશયાદિયુક્ત પંચ પરમેષ્ઠીના પરમ શ્રેષ્ઠ ગુણોનો અંશ પોતામાં આવે એવી ભાવના સાથે સામાયક સંપૂર્ણ કરવી).

સમાપ્ત.

(૧૧૫)

પ્રભાતિયું.

પઢું રે શું સતી સીતા ! રામનામ ? વ્યર્થ શાને પઢાવો ?
પૂરી પાંજરે રામનું નામ શાને જપાવો ? પઢું. ટેક.

શાને સતી મારે કારણે, લીલા વાંસ વઢાવો ?
તેનું ગુંથાવીને પાંજરૂં, શાને કેદ પુરાવો ? પઢું.

સોનાનું કરો પાંજરૂં, ભલે રતને મઢાવો,
પણ ઉડવાને આનંદથી, શું કંઇ મળવાનો લ્હાવો ? પઢું.

કલરવ કરતાં ઉમંગથી, ગાઢા વન માંહે રહેવું,
ખાવાં પાકાં મીઠાં ફળો, રાતે માળે વિરમવું. પઢું.

માંજર આંબાનાં ચાખવાં, ચૂરમાથી એ મીઠાં,
નિર્મળ ઝરણનાં પાણીડાં, ધીથી મીઠાં એ દીઠાં. પઢું.

માણેક રતને જડેલી એ, કેદ જોઇ પામું ત્રાસ,
રામ કહું ત્યાં ભાન હું, ભુલી થાઉં નિરાશ. પઢું.

અંતરમાં બળે દાહ ને, મોઢે 'રામ' ઉચ્ચરવું,
તે તો સીતા ! 'રામ' નામને, અપવિતર કરવું. પઢું.

ચુનીલાલ વર્ધમાન શાહ.

ભાવગાડી.

મુરખો ગાડી દેખી મકલાયે, ઉમર તારી રેલતણી પેર જાયે. ટેક.
સંસારરૂપી સડક બંધાણી, રાગ દ્વેષ દોય પાટા,
દેહી ડબા ને પલપલ પૈડાં, આવખામાં ફરે આંટારે. મુરખો.
કરમ એનજીનમાં કખાય અગ્નિ, વિષય વારિમાંહી ભરીયું,
તૃષ્ણા ભુંગળું આગળ કરીને, ચારે ગતિ માંહી ફરીયુંરે. મુરખો.
પ્રેમતણા આંકડા વળગાડીને, ડબે ડબા જોડયા ભાઈ,
પુરવ ભવની ખરચી લઇને, ચેતન બેસારૂ બેઠા માંહીરે. મુરખો.
કોઇએ ટીકીટ લીધી નરક તિર્યંચની, કોઇએ મનુષ્ય કે દેવા,
કોઇએ ટીકીટ લીધી સિદ્ધ ગતિની, એ તો અવિચળ સુખ પાયારે. મુ.
ઘડિએ ઘડિએ ઘડિયાળાં વાગે, એમ રાત દિવસ વહિ જાયે,
વાગી સીટી ને ચાલી આ દેહગાડી, માસ માસના મેલ આવેરે. મુ.
આવખારૂપી આવ્યું ઇસ્ટેશન, હંસલો હાલુ હાલુ થાયે,
પાપે ભરીઆં પાકીટ લેઇ જાતાં, કાળ કોટવાળે પકડીયોરે. મુરખો.
નરક નગરીમાં જમ રાજાને, જઇ સોંપ્યો તતકાળે,
આરંભ કરીને આવ્યો પરોણો, એને કુંભીપાકમાંહી ઘાલેરે. મુરખો.
લક્ષચોરાસી જીવા જોની માંહી, જીવડો રૂલ્યો વારંવારે,
ધર્મ કરીને પ્રભુ આરાધે, તે તો પહોંચે મુક્તિકેરે દ્વારેરે. મુરખો.
સંવત શશી[૧] નિધિ[૯] વરસ વેદ[૪] મુળ[૫] માસ તિથિ વાર આદિ,
ગુરૂ ગોપાળજી સ્વામીએ કહી, ને મોહનજીએ ભાવ ગાઇ. મુરખો.

ચેત ચેત નર ચેત!

પરલોકે સુખ પામવા, કર સારો સંકેત,
હજી બાજી છે હાથમાં, ચેત ચેત નર ચેત. ૧
જોર કરીને જીતવું, ખરેખરૂં રણખેત,
દુશ્મન છે તુજ દેહમાં, ચેત ચેત નર ચેત. ૨
ગાફલ રહીશ ગમાર તું, ફોગટ થઈશ ફજેત,
હવે જરૂર હુશિયાર થઈ, ચેત ચેત નર ચેત. ૩
તન ધન તે તારાં નથી, નથી પ્રિયા પરણેત,
પાછળ સૌ રહેશે પડ્યાં, ચેત ચેત નર ચેત. ૪
પ્રાણ જશે જ્યાં પિંડથી, પિંડ ગણાશે પ્રેત,
માટીમાં માટી થશે, ચેત ચેત નર ચેત. ૫
રહ્યા ન રાણા રાજીયા, સુરનર મુનિ સમેત,
તું તો તરણા તુલ્ય છે, ચેત ચેત નર ચેત. ૬
રજકણ તારા રખડશે, જેમ રખડતી રેત,
પછી નરતન પામીશ ક્યાં, ચેત ચેત નર ચેત. ૭
માટે મનમાં સમજીને, વિચારીને કર વેંત,
ક્યાંથી આવ્યો ક્યાં જવું, ચેત ચેત નર ચેત. ૮
શુભ શીખામણ સમજીને, પ્રભુ સાથે કર હેત,
અંતે અવિચળ એ જ છે, ચેત ચેત નર ચેત. ૯
કાળા કેશ મટી ગયા, સર્વે બનિયા શ્વેત,
જોબન જોર જતું રહ્યું, ચેત ચેત નર ચેત. ૧૦

મુનિ શ્રી નાનચંદ્રજી (લીંબડી સમુદાય).

સ્તુતિ.

કલ્યાણ રાગ.

અરિહંત ઇશ્વિરા, પ્રભુ સદ્ગુણે ભર્યા,
દાસ તણી આ વિનંતિ, દિલ ધરો જરા. અરિહંત. ૧
અપરાધી છું આપ તણો હું, નિત્ય નમાવું શિષ,
પાપતણો મેં પાર ન રાખ્યો, માફ કરો હે ઇશ. અરિહંત. ૨
વિખરૂપ વિષયનો મેં તો, અહોનિશ કીધો આહાર,
નિંદા નામે નિત્ય ગ્રહુંછું, કેમ ઉતરૂં ભવપાર? અરિહંત. ૩
સત્યવાદી શિયળવંતીના, શિયળ કીધા મેં ભંગ,
ખોટી ઇચ્છા મનમાં રાખી, દોષ ચડાવ્યો અંગ. અરિહંત. ૪
કુડ કપટનાં કામ કરીને, ભરિયું પાપી પેટ,
દયા નીતિનો દાટ વાળીને, ખાલી કીધી વેઠ. અરિહંત. ૫
વણુસમજ્યે મેં મારૂં કીધું, મારૂં ન મળે કોઈ,
પંડ પડયા પછી સગાં સંબંધિ, રૂપ ગુણને રોઈ. અરિહંત. ૬
નારિ પ્યારિ નહિ કોઇ મારી, નહિ માત કે તાત,
છેવટના સાથી બે દીઠા, પુન્ય અને વળી પાપ. અરિહંત. ૭
અગણિત દોષો આજે કીધા, કહેતાં ન આવે પાર,
દીન સેવક પ્રભુ કરે પ્રાર્થના, ઉતારો ભવપાર. અરિહંત.

દ. સો. શાહ.

આ પુસ્તકના અગાઉથી ગ્રાહક થઈ ઉત્તેજન આપનાર ગૃહસ્થોનાં નામ.

રંગુન.

૭૫૧ રા. રા. ફુલચંદ ભગવાનજી, રંગપુર.
૧૫૧ „ „ મોહનલાલ નાગરદાસ, ધોલેરા.
૧૫૧ „ „ કસ્તુરભાઇ ફતેહચંદ, સાયલા.
૫૧ „ „ જગજીવન મકનજી, રંગપુર.
૫૧ „ „ અમૃતલાલ રતનજી „
૫૧ „ „ નગીનદાસ ડાહ્યાભાઈ, અમદાવાદ.
૨૫ „ „ માણેકચંદ દામોદરદાસ, લીંબડી.
૨૫ „ „ સુખલાલ કાલીદાસ, લીંબડી.
૨૫ „ „ માણેકચંદ પાનાચંદ, મુળી.
૨૫ „ „ મોતીચંદ મકનજી, ઉપલેટા.
૨૫ „ „ છગનલાલ અંદરજી, વાંકાનેર.
૨૫ „ „ છગનલાલ ચતુરભાઇ, વાંકાનેર.
૨૫ „ „ રૂપસીભાઇ જીવરાજ, કુકાવાવ:
૧૦ મેસર્સ અહમદ ઇબ્રાહીમ બ્રધર્સ.

લીંબડી.

૧૦૧ રા. રા. ભુદર વલભ હાં. ખેતસીભાઇ.

મુંદ્રા (કચ્છ).

૭૫ રા. રા. નાનચંદ મુળચંદ.

રાપર (કચ્છ).

૧૦ મોરબીઆ રાઘવજી દીપચંદ.

૧૦ રા. રા. ગુણસી નારણ.

કલકત્તા.

૨૫ રા. રા. જટાશંકર વનેચંદ, મોરબી.

મુંબઇ.

૫૧ રા. રા. હરખચંદ કાલીદાસ, લખતર.

૫૧ ,, ,, વ્રજલાલ નાનચંદ, ભલગામડા.

૫૧ ,, ,, શીવલાલ માધવજી, દેરાલા.

૫૧ ,, ,, અમૃતલાલ નાગરદાસ, લખતર.

૫૧ ,, ,, ભગવાનજી કાલીદાસ, ધોરાજી.

૫૧ ,, ,, માણેકચંદ સંઘજી, નીંગાળા.

૫૧ ,, ,, ભાણજીભાઈ કપુરચંદ, ખાખીજાળીઆ.

હીનઝાડા (બરમા).

૨૫ રા. રા. ધારસીભાઈ દામોદરદાસ, લીંબડી.

વઢવાણ શહેર.

૨૫ રા. રા. છોટાલાલ મોહનલાલ.